# દશવૈકાલિક ચૂલિકા

## (બે ચૂલિકાઓનું વિવેચન)

: લેખક

પં. ચન્દ્રશેખરવિજયજી

૩૩૪

: પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ

સ્વસ્તિક ગ્રંથમાળા પુષ્પ : ૩૯
પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશાપોળ ઝવેરીવાડ,
રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૫૩૫૫૮૨૩, ૫૩૫૬૦૩૩

લેખક-પરિચય :
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

આવૃત્તિ : 

મૂલ્ય રૂા. ૧૦-૦૦

પ્રથમ સંસ્કરણ : ૩૦૦૦
૨૨-૦૨-૨૦૦૪, વિ.સં. ૨૦૬૦

ટાઈપસેટિંગ
ગુરૂકૃપા તપોવની સંકુલ, (મનીષ દોશી), અમીયાપુર,
અમદાવાદ.

મુદ્રક :
ભગવતી ઑફસેટ
૧૫/સી બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-૪.

પરમોપકારી, સહસાવન તીર્થોદ્ધારક,

શ્રીસંઘહિતચિંતક,

સાધિક ૩૦૦૦ ઉપવાસ અને

૧૧૫૦૦ આયંબિલના ઘોર તપસ્વી

પ.પૂ. આચાર્યદેવેશ

હિમાંશુસૂરીશ્વરજી મહારાજસાહેબના

વિશુદ્ધસંયમજીવનની અનુમોદનાર્થે

શ્રી શ્વે.મૂ. જૈન સંઘ

વાસણા

નવકાર ફ્લેટ, અમદાવાદ તરફથી

જ્ઞાનખાતાની રકમમાંથી સાદર અર્પણ.

# લેખકીય પ્રસ્તાવના

## ચૂલિકા-પ્રાપ્તિની ઘટના

જે ચોર્યાસી ચોવીશી સુધી અમર થયા છે તે મહાત્મા સ્થૂલભદ્રજીને સંસારીપણે એક નાનો ભાઈ - નામે-શ્રીયક હતો. બેનો સાત હતી, યક્ષા વગેરે...

ક્રમશઃ આ તમામ ભાઈ-બહેનો સંસારનો ત્યાગ કરીને દીક્ષિત થયા હતા.

એક વખત પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં ઘટના બની. મોટા બેન સાધ્વીજી યક્ષાએ શ્રીયક-મુનિને ઉપવાસ કરવાની પ્રેરણા કરી. મુનિથી ક્યારેય તપ થતો ન હતો. સાધ્વીજીએ ક્રમશઃ પચ્ચક્ખાણ વધારતા જવાની પ્રેરણા કરી. પહેલાં નવકારશીનું પચ્ચક્ખાણ લીધું. પછી મીઠી પ્રેરણા કરીને પોરસીનું પચ્ચક્ખાણ લેવડાવ્યું. પછી સાઢપોરસીનું વ્રત લેવડાવ્યું. છેલ્લે બે ઘડી બાકી રહી ત્યારે ઉપવાસનું વ્રત કરાવી દીધું. શ્રીયક મુનિ માટે આ બધું અત્યન્ત દુઃશક્ય હતું છતાં મધમધુર પ્રેરણા સામે ઝૂકી જઈને પૂરી પ્રસન્નતા સાથે ઉપવાસ ખેંચી કાઢ્યો.

પણ કાશ ! રાત્રે ભયાનક ક્ષુધા થઈ. અસહ્ય વેદનાને સમાધિથી સહન તો કરી પણ જીવ નીકળી ગયો. મુનિનો આત્મા સ્વર્ગે ગયો.

આ તરફ યક્ષા સાધ્વીને અસહ્ય આઘાત લાગ્યો. પોતાનાથી મુનિહત્યા થયા બદલ તે અતિ દુઃખી થયા. તેમણે ચાર આહારનો ત્યાંગ કરી દીધો.

શ્રીયક મુનિના કાળધર્મમાં પોતે નિમિત્ત બન્યાથી ભયાનક દોષ સેવ્યા બદલ શ્રમણસંઘ ભેગો કરીને ગીતાર્થોની પાસે તેનું પ્રાયશ્ચિત્ત માંગ્યું.

''મુનિની હત્યા કરવાનો લેશ માત્ર આશય ન હોવાથી-ઉલટો તેમને આરાધના કરાવવાનો જ એક માત્ર ઉદ્દેશ હોવાથી-હત્યાનો દોષ લાગતો નથી.'' આવું સાધ્વીજીને ખૂબ સમજાવવા છતાં તેમના મનનું સમાધાન ન થયું. તેમણે કહ્યું, ''જો મને પરમાત્મા સીમંધર ભગવંત આ વાત કરે તો જ હું મારી જાતને નિર્દોષ માનું. શ્રી સંઘ કાયોત્સર્ગ કરવા દ્વારા શાસનદેવીને હાજર કરે. તેને પરમાત્મા પાસે મોકલે. તેના સંદેશમાં મને સત્યતાની પાકી ખાત્રી થાય તો જ હું પારણું કરું, અન્યથા આમરણ અનશન કરીને પ્રાણત્યાગ કરીશ.''

સમસ્ત સંઘે શાસનદેવતાનો કાયોત્સર્ગ કર્યો. શાસનદેવી હાજર થયા. સંઘનો આદેશ માથે ચડાવીને પરમાત્મા સીમંધરદેવની પાસે પહોંચ્યા. સઘળી વાત કરી.

પરમાત્માએ કહ્યું, ''જે અંશમાં અનુમોદના હોય તે અંશ પ્રમાણે પુણ્ય કે પાપ (ધર્મ કે અધર્મ) થાય. જે

અંશમાં અનુમોદના ન હોય તેનો પુણ્યબંધ કે પાપબંધ થઈ શકે નહિ. યક્ષા-સાધ્વીની અનુમોદના શ્રીયક મુનિને ઉપવાસની આરાધના કરાવવામાં હતી, તેના મૃત્યુમાં જરાય નહિ. મૃત્યુ તો ભવિતવ્યતાના યોગે થઈ ગયું. આથી તેનો દોષ યક્ષા સાધ્વીને જરા પણ લાગતો નથી."

શાસનદેવીએ આ વાતની અક્ષરશઃ ધારણા કરીને કહ્યું, "ઓ તરણતારણહાર દેવાધિદેવ ! આપનો સંદેશ હું ભરતક્ષેત્રમાં પહોંચાડીશ, પણ સંભવ છે કે સાધ્વીજી મહારાજ મારી વાતને સાચી ન માને : મેં ઉપજાવી કાઢેલી વાત માને એટલે આ વાત આપે જ જણાવેલી છે તેની ખાત્રીરૂપે-સાક્ષીરૂપે-મને કાંઈક અપાય તેવી મારી નમ્ર વિનંતી છે."

એવી કિંવદન્તી છે કે પરમાત્માના સાધુઓએ શાસનદેવતાને સાક્ષીરૂપ વસ્ત્ર આપ્યું. પ્રભુએ ચાર ચૂલિકા આપી.

આ ચૂલિકાઓમાંથી બે ચૂલિકાઓ-ભાવના ચૂલિકા અને વિમુક્તિ ચૂલિકા - આચારાંગ સૂત્રના અંતમાં મુકાઈ છે અને રતિવાક્યા તથા વિવિક્તચૂલિકા-એ બે ચૂલિકાઓ દશવૈકાલિક સૂત્રના અંતે ગોઠવાઈ છે.

આ બે ચૂલિકાઓના અપર નામ ક્રમશઃ રતિકલ્પ અને વિવિક્તચર્યા હોવાની સંભાવના ગીતાર્થો જણાવે છે.

એવી પણ કિંવદન્તી જાણવા મળી છે કે (૧) પરમાત્મા સીમંધરદેવ પાસે શાસનદેવતા યક્ષા સાધ્વીને સાક્ષાત્ લઈ ગયા હતા. (૨) વસ્ત્ર આપ્યાની વાત મળતી નથી. અસ્તુ. આવી બાબતોમાં 'तत्वं केवलिगम्यं' કહેવું પડે.

'અનુમોદના'ના વિષયમાં દેવાધિદેવે જણાવેલી વાત અત્યન્ત વાસ્તવિક હોય તે સ્વાભાવિક છે.

કોઈ ગરીબ ધર્માત્મા સાધર્મિકને એક શેઠ દસ હજાર રૂપિયાની સાધર્મિકભક્તિ કરે તો એ સહજ છે કે તે રકમના બળથી તે સાધર્મિક ધર્મમાર્ગે વધુ ઉત્સાહિત થશે : સ્થિર થશે. વળી પોતાના ધંધાને વિકસિત કરશે. એટલું જ નહિ પણ એનો બાળબચ્ચાનો સંસાર પણ વૃદ્ધિ પામશે.

આ બાબતોમાં ધર્માત્મા શેઠની એક જ વાતમાં અનુમોદના હોય. તે વાત એટલે તે સાધર્મિકની ધાર્મિક પ્રવૃત્તિમાં વૃદ્ધિ થવી, ઉલ્લાસ વધવો.

આ સિવાયની બે વાતો-ધંધો અને કુટુંબની વૃદ્ધિ બાબતોમાં તે શેઠની અનુમોદના ન હોય એટલે શેઠને તેમાં થનારી સાવદ્યતાનો દોષ જરાય ન લાગે. હા, ધર્મ-પ્રવૃત્તિમાં અનુમોદના હોવાથી તેનો ગુણ (પુણ્યવૃદ્ધિ વગેરે) શેઠને જરૂર મળે.

એટલું ચોક્કસ કે સાવદ્યાંશમાં અનુમોદના ન હોય અને ધર્માંશમાં જ અનુમોદના હોય તો ય તે પ્રવૃત્તિ

ત્યારે નહિ જ કરવી જયારે સાવદ્યાંશ મહા આરંભ-સમારંભરૂપ હોય. દા.ત. પશુઓને પાણી પાવાની અનુકંપાનો ધર્મ તળાવ ખોદાવીને ન કરાય, કેમકે તેની સાથે તળાવનો આરંભ-સમારંભ ખૂબ વધુ પ્રમાણમાં છે. ભલે તેની અનુમોદના ન હોય, ભલે તરસ્યાને પાણી પાવાની અનુકંપાનો ધર્મ અનુમોદનીય બનતો હોય તો ય તે ધર્મનું સેવન નહિ કરવું. ટૂંકમાં અલ્પારંભ-સમારંભવાળા સ્થળે જ અનુકંપાદિક ધર્મનું અનુમોદન : સેવન કરી શકાય.

ગૃહસ્થો જિનપૂજાદિક જે ધર્મો કરે છે તેની અનુમોદના સાધુઓ 'अरिहंत चेईआणं' બોલીને એક નવકારના કાયોત્સર્ગરૂપે કરે છે. અહીં પણ જિનપૂજામાં પ્રક્ષાલ, દીપ વગેરે સંબંધિત જે સાવદ્ય અંશો છે તેની અનુમોદના સાધુઓ કરતા નથી. તે ધર્મના નિરવદ્યાંશો-ભાવપૂજાદિરૂપ-ની અનુમોદના કરે છે.

આચારાંગસૂત્ર સાથે સંબદ્ધ બે ચૂલિકાઓ અહીં અપ્રસ્તુત છે. દશવૈકાલિક સૂત્ર સાથે સંબદ્ધ બે ચૂલિકાઓ-રતિવાક્યા અને વિવિક્તચર્યા અહીં પ્રસ્તુત છે. તે બે નું વિવેચન આ પુસ્તકમાં વાંચવા મળશે.

પરમાત્મા સીમંધરદેવે સાક્ષાત્ આ ચૂલિકાઓ ભરતક્ષેત્રના જૈન સંઘને પાઠવી છે એટલે એ સહજ છે કે આ ચૂલિકાઓ પ્રત્યે આપણો સદ્ભાવ ખૂબ વધી જાય.

આ ચૂલિકાઓનો વિષય છે; ઉત્સાહભંગ થયેલા સાધુ કે સાધ્વીને શ્રમણ-જીવનમાં સ્થિર કરવાનો.

દર્શનાચારના આઠ આચારોમાં 'સ્થિરીકરણ' નામના આચારનું આ ચૂલિકાઓમાં વિસ્તૃતીકરણ છે.

પહેલી ચૂલિકાનું નામ એટલા માટે રતિવાક્યા છે કે તે સંયમજીવનમાં પુનઃ રતિ (સ્નેહ, રાગ, સદ્ભાવ) ઉત્પન્ન કરતા વાક્યોના સંગ્રહવાળી છે.

બીજી ચૂલિકાનું નામ એટલા માટે વિવિક્તચર્યા છે કે તેમાં લોકહેરી (પાંચ ઇન્દ્રિયોના કામભોગોનું આકર્ષણ) તરફ ધસી ગયેલા સાધુને તેનાથી છૂટા પાડીને (વિવેક કરીને) મુનિજીવનમાં સામા પૂરે તરવારૂપ લોકોત્તર જીવનમાં પુનઃ સ્થિર થવાની ચર્યા કરવાનું કહેવામાં આવ્યું છે.

કોઈ કમભાગી આત્મા સાધુજીવન પામીને તેના યોગોમાં નિરુત્સાહિત બને, સિંહની જેમ સંસાર ત્યાગેલો આત્મા શિયાળ બની જાય ત્યારે તેને પ્રબોધવા માટે : સંયમ-જીવનમાં જડબેસલાક સ્થિર કરવા માટે આ ચૂલિકાઓનું શ્રવણ, મનન અમોઘ ઔષધ છે. એવી વિવિધ રીતોથી-પ્રેમથી, કઠોરતાથી, મમતાના હાથ ફેરવીને, કઠોરતાની ચાબુક વીંઝીને-વાતો કરી છે કે કોઈપણ આત્મા થોડીક પણ મોક્ષાર્થિતા ધરાવતો હોય તો તે પુનઃ સંયમજીવનમાં ખડો થઈ જાય : દોડવા લાગે.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય (સાચો વૈરાગ્ય)થી દીક્ષિત થયેલા આત્માઓ ઉપર પણ નિકાચિત કે તીવ્ર અનિકાચિત એવા મોહનીય કર્મનો હુમલો થાય તો તેમનું ભવસાગરને પાર કરવા માટે સડસડાટ દોડ્યું જતું નાવ પણ હાલમડોલમ થઈ જાય. કર્મોની તાકાતને જાણનારા આત્માઓને આવી બાબતોમાં જરાય આશ્ચર્ય થતું નથી.

મહાત્મા નંદિષેણ, સિંહગુફાવાસી મુનિ, રહનેમિ મુનિ, કંડરિક મુનિ વગેરે કેવા જોરદાર સાધકો હતા ! મોક્ષાર્થી હતા ! છતાં એ મેરૂપર્વતો મોહનીય કર્મના ઝંઝાવાતી વાવાઝોડાના સપાટામાં આવી જતાં હાલી ગયા તો બીજાઓનું તો શું ગજું ?

નિકાચિત કર્મોના હુમલા સામે ભલે કોઈ સફળતા ન મળે પણ અનિકાચિત કર્મોના હુમલાઓને તો આવી ચૂલિકાઓ વગેરે અલબત્ત મારી હઠાવી શકે.

આધ્યાત્મિક જગતમાં સત્સંગનો બહુ મોટો મહિમા છે. અન્ય ધર્મો પણ આ મહિમાની ખૂબ વાતો કરે છે.

ચૂલિકાઓનું શ્રવણ-મનન એ અપૂર્વ ફળદાયી સત્સંગ કહેવાય. વળી પરમાત્મા સીમંધરદેવના સ્વમુખેથી જેનો પ્રત્યેક અક્ષર બોલાયો હોય એની અર્થઘન તાકાત કેટલી બધી હોય ! વજ્ર જેવી નિષ્ઠુરતાને એક જ ઝાટકે કણકણ કરી દેવાની શક્તિ ચૂલિકાઓના પ્રત્યેક શબ્દમાં છે.

જો કે બાળમુનિ-માત્ર છ માસના સાધુપણાને ધરાવતા - મનકમુનિના શીઘ્ર હિત માટે તૈયાર કરાયેલું શય્યંભવસૂરિજી (સંસારીપણે બાળ મનકના પિતા)નું દશવૈકાલિક સૂત્ર તો કમાલ કમાલ છે, પરન્તુ તેના અંતે મુકાયેલી તીર્થંકર ભગવાન સીમંધરસ્વામીની આ બે ચૂલિકા તો બેહદ કમાલ છે. આમાં નવાઈ પણ નથી, કેમકે એક છે, ચૌદ પૂર્વધર અને બીજા છે સાક્ષાત્ દેવાધિદેવ સીમંધર પરમાત્મા. આ બે વચ્ચે તો મેરૂ-સરસવ જેવું જ અંતર હોય ને ?

યાકિની મહત્તરાએ જૈન ધર્મના કટ્ટરદ્વેષી બ્રાહ્મણ હરિભદ્રને દિગ્ગજ આચાર્ય હરિભદ્રસૂરિજી બનાવી દીધા, એમની લલિતવિસ્તરા કૃતિએ સિદ્ધર્ષિને જિનધર્મમાં સદા માટે સ્થિર કરી દીધા, ગોવિંદ મુનિના માયાપ્રચુર ઘોર મિથ્યાત્વને આચારાંગ સૂત્રના ષડ્જીવનિકાય અધ્યયને હચમચાવીને ઉખેડી નાંખ્યું, ગૌતમાદિ મહામિથ્યાત્વી પંડિતોને પરમાત્મા મહાવીરદેવે સીધાદોર કરી દીધા, અનાથી મુનિએ મિથ્યાદષ્ટિ શ્રેણિકને, યશોભદ્રસૂરિજીએ ખૂંખાર ડાકુ જયતાકને આખા ને આખા પલટી નાંખ્યા.

હા, આ ચૂલિકાઓએ હજારો મુનિઓને શ્રમણધર્મમાં સ્થિર કર્યા છે, તેમનો જીર્ણોદ્ધાર કર્યો છે, તેમને નવી દીક્ષા આપી છે.

કુસંગ કરવાથી જીવન બરબાદ થાય.
સત્સંગ કરવાથી જીવન આબાદ થાય.

સત્ એટલે જ્ઞાન અને જ્ઞાની. આ બે નો જે સંગ તે સત્સંગ.

જ્ઞાનદશા આવે એટલે બધી ગેરસમજો, અણસમજો દૂર થાય : કદાગ્રહો, અનાગ્રહો ખતમ થાય.

જ્ઞાનદશા એટલે સમજણનું ઘર. **Temple of understanding.**

આ ઘરમાં પ્રવેશ થાય પછી જીવને રાગ કે દ્વેષ સતાવે નહિ, તેને અશુભ કર્મોનો બંધ થાય નહિ. આથી જ્ઞાનીઓએ તપ, ત્યાગ, સંયમ, વ્રત કે જપ કરતાં ઘણી વિંશેષ જ્ઞાનદશાને કહી છે. તેનાથી ક્ષણે ક્ષણે અનંત કર્મનો નાશ થાય છે, જે કદાચ ક્રોડો ભવોના તપ, સંયમપાલનથી ન થાય.

**કષ્ટ કરો, સંજમ ધરો, ગાળો નિજ દેહ,**
**જ્ઞાનદશા વિણ જીવને, નહિ કર્મનો છેહ.**

જેના ચિત્તપરિણાંમ જીર્ણ થયા છે તેનો જીર્ણોદ્ધાર બે ચૂલિકાની જ્ઞાનદશા કરે છે.

જેની પાંચ મહાવ્રતરૂપ દીક્ષા નાશ પામી છે તેને બે ચૂલિકાઓ નવી દીક્ષાનું દાન કરે છે.

જે સાધુજીવનમાં અસ્થિર (ભગ્નપરિણામી) થયો છે તેનું સ્થિરીકરણ થાય છે. દર્શનાચારના આઠ આચારોમાં સ્થિરીકરણ સર્વોત્કૃષ્ટ આચાર છે.

એવું કદાચ કહી શકાય કે આઠ આત્માઓને દીક્ષા

આપવા કરતાં એક ભગ્નપરિણામી સાધુને સંયમજીવનમાં સ્થિર કરવામાં વધુ પુણ્યબંધ થાય.

નૂતન જિનાલય બાંધવા કરતાં જીર્ણ થયેલા જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં વધુ પુણ્યબંધ થાય.

સારા સાધુઓએ સ્વાધ્યાયાદિના બધા કામ પડતા મૂકીને આ જીર્ણોદ્ધારના કાર્યને સૌથી વધુ અગ્રિમતા આપવી જોઈએ. આનો લાભ અમાનસમાન છે.

અસ્થિર સાધુની ગ્લાન-અવસ્થાનો લાભ તો અચૂક ઝડપી લેવો જોઈએ. જો તે વખતે તેની શારીરિક, માનસિક કાળજી ખૂબ ઉત્કૃષ્ટ રીતે કરાય તો તેની અસ્થિરતા ધૂળ ચાટતી થઈ જાય. ગુરુજનોએ પોતાની મોટાઈને બાજુ ઉપર મૂકી દઈને અસ્થિર બનેલા શિષ્યની જોરદાર માવજત કરવી જોઈએ. તેના પગ દબાવવા, માતરું પરઠવવું, ઉચિત દ્રવ્યાદિ લાવી આપવા, તેની પાસે જ બેસી રહેવું વગેરે કામો ગુરુજનોએ પોતે જ કરવા જોઈએ. આનો પ્રતિભાવ સ્થિરીકરણના સ્વરૂપમાં મળશે.

ચાલો, હવે પ્રસ્તાવનાને વધુ લંબાવવા કરતાં તેનું સમાપન કરું છું.

ચૂલિકાને જ સાક્ષાત્ વિચારીએ, તેનું મનન કરીએ.

ગારિયાધાર — ગુરુપાદપદ્મરેણુ

૨૦૬૦, કા.વ.૧૧[સ] — પં.ચન્દ્રશેખરવિજય

તા. ૨૦-૧૧-૨૦૦૩

# પહેલી ચૂલિકા વિવેચન

આ ચૂલિકાના આરંભમાં સાધુને સ્થિરીકરણ માટેના ૧૮ સ્થાનો (ચિંતનો) બતાડવામાં આવ્યા છે. તેની ભૂમિકામાં કહ્યું છે કે, ''ઓ શ્રમણ ! તારું સંયમજીવનનું નાવ સમતાસ્વરૂપ સંયમથી હાલમડોલમ થયું છે. તું સંયમજીવનમાં અસ્થિર થયો છે. પણ તું તેની ચિન્તા કરીશ નહિ. તારા કલ્યાણમિત્ર તરીકે હું તારી પાસે ઉપસ્થિત થયો છું. મારે તને કેટલીક વાતો કરવી છે. તું ધ્યાન દઈને સાંભળ.

બાર આરાના બનેલા દરેક કાળચક્રમાં અડધો ઉત્સર્પિણી કાળ આવે અને અડધો અવસર્પિણી કાળ આવે. દરેકના ૬-૬ આરા હોય છે.

ઉત્સર્પિણી કાળ કરતાં અવસર્પિણી કાળ અનેક રીતે સારો નથી. હાલમાં અવસર્પિણી કાળનો પાંચમો આરો ચાલે છે.

અનંતી ઉત્સર્પિણીઓ પસાર થઈ. અનંતી અવસર્પિણીઓ પણ પસાર થઈ. એમાં જે વર્તમાન અવસર્પિણી છે તે વીતેલી તમામ અવસર્પિણીઓમાં વધુ ખરાબ છે. તેથી તેને હૂંડા (ભૂંડા) કહી છે. એક તો અવસર્પિણી પોતે જ ખરાબ, તેમાં હૂંડા એટલે બહુ ખરાબ.

વળી આ હૂંડા અવસર્પિણીમાં પરમાત્મા મહાવીરદેવના નિર્વાણની ક્ષણથી (બે હજાર વર્ષ+વકીના પાંચસો વર્ષ) અઢી હજાર વર્ષ સુધી ચાલનારો ભસ્મગ્રહનો કાળ ઉમેરાયો.

ભસ્મગ્રહ એટલે બધું ભસ્મ કરી દેનારો ગ્રહ. આ સમયમાં ધર્મ ચાલણીની જેમ કાણાં-કાણાંમાં પડીને છિન્નભિન્ન થયો. હવે તો ૨૫૦૦ વર્ષ વીતી ગયા છે. ઉપરાંત બીજા ૨૯ વર્ષ વીત્યા છે. જો કે હજી તેની અસર પૂરેપૂરી થતાં કદાચ બીજા ૧૦-૨૦ વર્ષ જાય. તે પછી ધર્મનો-ધર્મસંઘના ઘટકોનો ઉદય નિશ્ચિત થશે, પરન્તુ હૂંડા અવસર્પિણી રૂપ એ કાળ તો વીર-નિર્વાણથી પૂરા એકવીસ હજાર વર્ષ સુધી રહેવાનો એટલે તેની માઠી અસરો તો સદા રહેવાની. તેમાં માનવભવ, જૈન ધર્મ, જૈનશાસનમાં આવેલા જીવો ઘણા બધા ગુણસંપન્ન તો પ્રાયઃ નહિ મળવાના. અર્થાત્ ૭૦-૮૦ ટકા જેટલો વર્ગ સ્વભાવથી જડ અને વક્ર રહેવાનો. એથી એના મોટા ભાગમાં દોષોની બહુલતા રહ્યા કરવાની. ક્યારેક તેમાં

થોડો ઘટાડો થાય, સિત્તેર ટકાના સાઈઠ ટકા પણ થાય, પરન્તુ સામાન્યતઃ એમ કહી શકાય કે આ વર્ષોમાં જીવો મોટા ભાગે દોષબહુલ, અસ્થિર પરિણામી, નિરુત્સાહિત, નિષ્ઠુર, પાપરસી રહેવાના. જયારે માંડ ૨૫-૩૦ ટકા જીવો (કદાચ ૧૦-૧૨ ટકા જીવો ચોથા આરાના જેવા કે મહાવિદેહ ક્ષેત્રના જેવા) ઉત્તમ કક્ષાના મળતા રહેશે ખરા, પણ સરેરાશ બહુમત સંખ્યા તો 'હીન' કક્ષાના જીવોની જ રહ્યા કરવાની.

જયારે આવી વાસ્તવિકતા જ છે ત્યારે દોષદુષ્ટ જીવોને જોઈને કોઈએ આશ્ચર્યમુગ્ધ નહિ બનવું જોઈએ. બલ્કે 'નિયતિ' જ તેવી છે તેમ વિચારીને તેને સલામ કરી દેવી જોઈએ.

એટલે ઓ શ્રમણ ! તારી જે કાંઈ હીનતા થઈ છે તેમાં બેશક, તારા દુષ્કર્મોનો ઉદય, તારી સત્વહીનતા, તારી વૈરાગ્યભાવની દુર્બળતા, તને મહાગીતાર્થ ગુર્વાદિકના સત્સંગનો અભાવ વગેરે કારણભૂત તો છે જ, પરન્તુ તેમાં સૌથી વધુ હૂંડા અવસર્પિણી કાળનો પ્રભાવ છે. આ કાળ તને તારા સંયમજીવનથી ધોબીપછાડ આપે છે. તારા સમ્યગ્દર્શનના પણ ચૂરેચૂરા કરી નાંખે છે.

સમષ્ટિગત રીતે જિનધર્મનો કાળ અને વ્યક્તિગત રીતે તારી ભવિતવ્યતાના પરિપાકનો કાળ - આ બે ય કાળ-તને જયાં સુધી પ્રતિકૂળ રહેશે ત્યાં સુધી તું લાખ પ્રયત્નો કરે તો ય ઊંચે આવી શકનાર નથી.

મને ખબર છે કે તું મોહનીય કર્મનો ઉદય થઈ જતાં ઘણા બધા દોષોથી ખદબદી ઊઠ્યો છે.

મને ખબર છે કે તું સાધુ થઈને પણ ગુરુ કે ગુરુભાઈ (ગુરુબેન) ના કુસંગે બરબાદ થયો છે.

મને ખબર છે કે તને સામેથી (ધસી આવીને) કોઈ કુનિમિત્ત ભટકાઈ ગયું છે.

મને ખબર છે કે તું શારીરિક દુઃખોથી ત્રાસી જઈને ભગ્નપરિણામી બની ગયો છે. કોઈએ તારી કાળજી ન કરી એટલે તું રજોહરણ ત્યાગવાની ભાવનાનો ભોગ બની ગયો છે.

મને ખબર છે કે તું કોઈ ભૂત-પ્રેતાદિના ત્રાસથી ત્રાસી ગયો હોય, તે તને તપ વગેરે કશું કરવા દેતું ન હોય, આથી તારા સંયમધર્મના પરિણામો ભાંગી પડ્યા હોય.

શરીર સંબંધિત રોગ, ઘડપણ અને મોત... ક્રમશઃ ત્રાટકે અથવા ઉપરવટ થઈને ત્રાટકે, એટલે કે યૌવનમાં રોગ જાગ્યા વિના અકાળે ઘડપણ ત્રાટકે અથવા રોગ, ઘડપણ આવ્યા વિના અકાળે સીધું મોત ધસી આવે. તારું જીવન આ વિષયમાં અસાવધપણે-ખાનપાનાદિની છૂટછાટો સાથે-પસાર કર્યું હોય તો આ બધી સંભાવનાઓ નકારી શકાય તેમ નથી.

વળી રોગાદિ દુઃખોના જેમ દુઃખો છે તેમ દોષોનો ય ત્રાસરૂપ દુઃખો હોય છે.

કામદોષથી વીર્ય બળી જાય.

ક્રોધદોષથી લોહી બળી જાય છે.

સંકલેશોને લીધે ચિત્તસમાધિ સળગી જાય, નિદ્રા હરામ થઈ જાય, બી.પી.વધી જાય.

મીઠાઈઓ ખાવાથી ડાયાબીટીસ ત્રાટકે, હાડકાં ગાળી નાંખે.

આવું બધું ઘણું ઘણું દોષોના સેવનનું દુઃખ આવે. કદાચ તેથી જ તું સાધુજીવનથી કંટાળી ગયો હોય.

હવે હું ક્રમશઃ એવી અઢાર બાબતો જણાવીશ કે જેને જાણ્યા પછી ગૃહસ્થજીવનમાં પાછા ફરવાની તારી ભાવના ખતમ થઈ જશે.

(૧) જો તને એવું લાગતું હોય કે તારા ગૃહસ્થજીવનના ઘરમાં જે તારા સગાવહાલાં-બાપા, ભાઈ વગેરે-છે તે પુણ્યવાન્ છે : ધનવાન છે : ખૂબ સુખી છે તો તું સમજી રાખ કે આ પાંચમા આરામાં જીવોનું જે પુણ્ય હોય છે તે ય તેમની જડતા અને વક્રતા વગેરેને કારણે, તેમનું પુણ્યકર્મ પાપાનુબંધી હોવાના કારણે, વળી વધુ પુણ્યવાળાની ઈર્ષ્યાના કારણે, પુણ્યજનિત સુખના રક્ષણ, સંવર્ધન વગેરેની ચિંતાના કારણે, તેના ભોગવટાથી થનારી દુઃખમય દુર્ગતિના કારણે તે પુણ્ય સુખસ્વરૂપ રહેતું નથી, દુઃખમય બની જાય છે. આથી જ્ઞાનીઓએ પુણ્યકર્મના ઉદયથી મળતાં સુખને દુઃખમય કહ્યું છે.

આ વાત સંસારી લોકોના સુખ પ્રત્યે નજર કરવાથી પણ બરોબર સમજાઈ જાય છે. જો તેઓ આધ્યાત્મિક સુખનો જરાક પણ સ્વાદ લેત તો તેની મધમધુરતા અનુભવીને કામભોગના સંસારી સુખોને ત્યાગી દેત. પણ 'વો દિન કહાં કી, મિયાં કે પાંવ મેં જુતીયા.'

ઓ શ્રમણ ! તું મારી વાતની ઉપેક્ષા ન કરીશ. મારી વાતો ઉન્માર્ગે ધસી જતાં ઘોડા માટે લગામ સમાન છે, નિરંકુશ બનેલા હાથી માટે અંકુશ સમાન છે, બેફામ ધસમસતી નાવડી માટે સઢ સમાન છે કે જે નાવડીને કાબૂમાં લે છે.

(૨) હવે બીજી વાત કરું.

તું ગૃહસ્થ બનીશ તો તને આલોકના કામભોગના સુખો મળશે પરન્તુ સાધુપણામાં જીવીને અને મરીને તને જે સ્વર્ગ, મોક્ષના સુખો મળવાના છે તેની સામે તો આ સુખો અને તેના સાધનો એકદમ હલકા છે : સાવ તુચ્છ છે.

આ લોકના સુખો વિનાશી છે (શાશ્વત નથી), દુ:ખના ભેળવાળા છે (સ્વચ્છ નથી) અને સ્ત્રી, સ્વકર્મો, શારીરિક બળ આદિને આધીન-પરાધીન છે (સ્વાધીન નથી). આવા સુખોને ભોગવીને શું લાભ ? જ્યાં જોતજોતામાં-થોડાક જ ભોગવટામાં-શરીર રોગિષ્ટ બની જાય, સ્વજનો દુશ્મન બની જાય, ચિત્ત સંકલેશભરપૂર બની જાય, નારી નાગણ બની જાય, સંપત્તિ ખૂન કરાવી

દે, સંતતિ છાતી ઉપર ચડી બેસે. આવા સંસારના સુખો શા કામના? હાય, આ તો મધ લેપેલી તલવાર! જેનું મધ ચાટવા જતાં તલવારની ધારથી જીભ કપાઈ જાય.

સંસારના સુખો જે પુણ્યોદયથી પ્રાપ્ત થાય છે તે પુણ્યોદય હાલના વિષમ કાળમાં પ્રાયઃ પાપાનુબંધી હોય. આથી પુણ્યના ઉદયથી ભલે સુખ (સુખની સામગ્રી) મળે પણ પાપાનુબંધથી તેમાં દોષોનું મિશ્રણ થાય. આ કામ, ક્રોધ, ઈર્ષ્યા, લાલસા, લમ્પટતા વગેરે દોષો ભળતાં તે સુખ ત્રાસરૂપ થઈ જાય.

જે માણસ ક્રોધી હોય તે માણસ ક્રોડપતિ હોય તો ય સુખી ન હોય, કેમકે તેનો ક્રોધ કજીયા-કંકાસ કરાવીને સુખને બાળી નાંખતો હોય.

ટૂંકમાં પિત્તળ સ્વભાવ સાથે જે પણ સુખ મળે તે દાહક કે મારક હોય, તે શામક કે તારક ન હોય.

વર્તમાનકાળમાં જીવોનો સ્વભાવ પ્રાયઃ દોષોથી ભરેલો હોવાને લીધે તે ગમે તેટલા સુખે પણ સુખ અનુભવી શકતો નથી.

પુણ્યના ઉદયથી સુખ આપનારી સામગ્રી-ધન, બંગલો, ધીકતો વેપાર વગેરે મળે તેમાં સંતોષ, શાન્તિ, પ્રસન્નતા વગેરે તો પુણ્યાનુબંધ જોડાય તો જ મળે.

ઓ શ્રમણ! તું ભલે મુનિજીવનના વિહાર, લોચ, કલેશ-સંકલેશને લીધે સાધુવેષ છોડવા તૈયાર થયો છે પણ

મારી તને વણમાગી સલાહ છે કે તું સંસારમાં જતો નહિ. ત્યાં કોઈ સારાવાટ નથી. પુણ્ય અને પુણ્યાનુબંધની ખામીને લીધે સંસારમાં સુખ નથી. બંગલા વગેરે સુખસામગ્રી જોઈને તું લલચાઈ ન જઈશ, કેમકે તેના પુણ્યકર્મ સાથે પુણ્યાનુબંધ જોડાયેલો નથી એટલે એ સુખસામગ્રીઓમાંથી સુખ ટપકવાને બદલે સંકલેશાદિના દુ:ખોમાં જ ટીચાઈ જવાનું બને છે.

ઓ શ્રમણ ! શ્રમણજીવનમાં તને જે દુ:ખ લાગે છે તે પેટ ચોળીને ઊભું કરેલું દુ:ખ છે, તારા સ્વભાવની વિચિત્રતાઓમાંથી દુ:ખ ઊભું થયું છે. જો તું તારા સ્વભાવની ખરાબીઓનો ત્યાગ કરે તો તારે સાધુવેષ ત્યાગવાની કોઈ જરૂર ન રહે. પછી તો સાધુજીવન અત્યન્ત આનંદમય બની જાય. તું સહુને વહાલો બની જાય.

શ્રમણ ! તું ડાહ્યો થા. આખો સંસાર દુ:ખથી ભરપૂર છે. માત્ર સાધુજીવનને દુ:ખરૂપ ન સમજ. અહીં લોચ, વિહારાદિના જે દુ:ખો છે તે જો દુ:ખરૂપ ગણાતા હોય (વસ્તુતઃ તો વિશિષ્ટ સુખોના દાયક હોવાથી તે દુ:ખરૂપ છે જ નહિ.) તો પણ તે દુ:ખ સોંયની સજા જેવું છે, જ્યારે સંસારના જે શારીરિક, માનસિક, કૌટુંબિક વગેરે દુ:ખો છે તે તો શૂળીની સજારૂપ છે. સોંય અને શૂળીમાંથી એકની પસંદગી કરવી જ પડે તેમ હોય તો સોંયની જ પસંદગી થાય ને ?

ગૃહસ્થજીવનના કામભોગના સુખો ઉપર આ પાંચમા આરાનો પ્રભાવ પડેલો હોવાથી પણ હલકી કક્ષાના બનેલા છે. તેનામાં ઝાઝી ગુણવત્તા નથી. આના કરતાં તો દેવગતિના સુખો ઉત્તરોત્તર ઊંચી કક્ષાના હોય છે, જે મુનિજીવનની આરાધનાઓથી પ્રાપ્ત થઈ શકે છે.

માનવજીવનના સુખોના ભોગવટાનો કાળ બહુ ઓછો છે જ્યારે દેવલોકના સુખોના ભોગવટાનો કાળ બહુ દીર્ઘ છે.

જો કે દેવલોકના ય સુખો અંતે નાશવંત હોવાથી ઈચ્છનીય નથી, પરમલોક-મોક્ષનો જ આનંદ ઈચ્છનીય છે, છતાં તું આલોકના કામભોગના સુખ તરફ આકર્ષાયો છે, એટલે તને તે હલકા આકર્ષણથી છોડાવવા માટે ઊંચી કક્ષાના (દેવલોકના) કામભોગના સુખોની મેં વાત કરી છે. બાકી ખરેખર તો મોક્ષસુખ જ ઈચ્છનીય છે જે શાશ્વત, સ્વાધીન અને સ્વચ્છ છે.

(૩) ઓ શ્રમણ ! ત્રીજી વાત એ છે કે સંસારી લોકોનું જીવન માયા-કપટથી ભરેલું હોય છે. આ લોકોની કોઈ પણ વાત ઉપર વિશ્વાસ મુકાય નહિ. એમના કોઈ સ્વાર્થ ખાતર તારો ઉપયોગ કરે, તને ખુશ કરે, પણ જો કાંઈક વાંકું પડી ગયું તો તને ફેંકી દેતાં કે તારી સાથે દગો રમતા, વિશ્વાસઘાત કરતાં તેમને પળનો ય વિલંબ ન થાય.

સંસારી જીવોમાં જીવહિંસાનું પ્રમાણ સવિશેષ હોય

છે. તેમની બુદ્ધિ ઉપર હિંસક પરિણતિનો જોરદાર આઘાત લાગ્યા કરતો હોવાથી તેઓમાં સ્વાર્થાદિ દોષો ચક્કાજામ થઈ જતા હોય છે. આથી જ વિશ્વાસઘાત, સ્વાર્થ, અહંકાર, ઈર્ષ્યા, ખૂનખરાબા, લૂંટફાટ વગેરે બાબતો તેમના જીવનમાં સહજ રીતે જોવા મળે.

શ્રમણ ! આવા સંસારીઓનું તું શરણ લેશે તો એમાં શેં સુખી થવાશે ? તે લોકો સ્વાર્થાદિના કારણે એક ક્ષણમાં તને ફેંકી દેતાં વાર લગાડવાના નથી. આના લાખમાં ભાગના પ્રપંચો, સાધુસંઘમાં જોવા મળતા નથી. જે થોડુંક પણ દેખાય છે તે તેમની સામે સાગરમાં બિંદુ જેટલું છે.

એવું તો મારાથી ન કહેવાય કે તું બે માસ માટે સંસારમાં જતો રહે પછી તને તે લોકોની કુટિલતાઓ દેખાશે, તને ફરીથી સાધુ થવાનું મન થઈ જશે.

ના, ઝેરના કાંઈ પારખા ન કરાય. આવા વિષયમાં તો અનુભવવાણી કે સંતવાણીને જ વિશ્વાસ્ય માનીને સ્વીકારવી જોઈએ.

એટલે મારી તો તને લાગણીભરી સલાહ છે કે તું ઘરે જવાની વાતની માંડવાળ જ કરી દે.

(૪) ઓ શ્રમણ ! સાધુજીવનમાં તને જે પણ દુઃખ પડતું હશે તે 'કાયમી' તો નથી જ. દરેક દુઃખનો અન્ત આવતો હોય છે. તેત્રીસ સાગરોપમના અસંખ્યકાળના જાલીમ દુઃખોનો ય જો અંત આવી જતો હોય તો

સાધુજીવનના થોડાક જ વર્ષોના જીવનમાં જે દુઃખ પડે તેનો અંત તો જાણે આંખના પલકારા જેટલા સમયમાં આવી જાય.

કેટલીકવાર દુઃખદ કર્મોનો વિપાકકાળ પૂરો થતાં પણ દુઃખનો અંત આવી જાય, ક્યારેક સ્વનો કે સહવર્તીનો સ્વભાવદોષ દૂર થાય અને કજીયા-કંકાસનું દુઃખ ખતમ થઈ જાય, કેટલીકવાર અશાતાવેદનીય કર્મનો હ્રાસ થઈ જતાં તેના અંગેનું શારીરિક દુઃખ ભાગી જાય.

આમ ઘણી રીતે દુઃખક્ષય થઈ જાય. જો થોડાક સમય માટે દુઃખ વેઠી લેવાય તો પછીથી મુનિજીવનનો આધ્યાત્મિક આનંદ અનુભવવાનો શરૂ થાય. એમાં તો અપૂર્વ મસ્તી જામે. થઈ ગયેલા આર્તધ્યાન બદલ ખૂબ પશ્ચાત્તાપ થાય.

ખરેખર તો સાધુજીવનનું કોઈપણ દુઃખ એ હકીકતમાં દુઃખ રહેતું નથી. જે સાધુ એ દુઃખને સમતાથી ભોગવી લે એને તો ખૂબ આનંદની અનુભૂતિ થવા લાગે.

આથી જ તપ વગેરેના ક્ષુધાદિક દુઃખોને દુઃખ ન કહેતાં આનંદરૂપ કહ્યા છે.

જેમાં જીવને ફળદર્શનથી આનંદ અનુભવવા મળે એ ક્ષુધાદિ પરીષહોને દુઃખરૂપ, અશાતાવેદનીય કર્મના ઉદયરૂપ શી રીતે કહેવાય?

વળી અરિહંતદેવની આજ્ઞાનું પાલન થવાનો આનંદ

એવો ઊછળતો હોય છે કે પેલું પરીષહ-દુઃખ ક્યાંય સાફ થઈ જતું હોય છે.

વળી જે આત્મા નિરતિચાર રીતે ઉપસર્ગોના કહેવાતા દુઃખોને સમતાથી સહે છે તેના તે દેખીતા દુઃખો નિર્મૂળ થઈ જાય છે. જો તે દુઃખો દેવપ્રેરિત હોય તો તે દેવો પણ તે સાધુના ઉત્કૃષ્ટ સંયમપાલનથી પ્રભાવિત થઈને દુઃખોને સંકેલી લે છે. પછી તો બાહ્ય રીતે પણ શાતાવેદનીય કર્મના ઉદયની અનુભૂતિ થવા લાગે છે.

આમ પરીષહોનું દુઃખ આનંદરૂપ બનીને, શાતારૂપ બનીને, પરલોકે સદ્‌ગતિમાં આનંદરૂપ બની જાય.

જો તું ગૃહસ્થ બની જાય તો કામભોગનું સુખ ખાવા ધાય. પુણ્યકર્મના ઉદયથી જ તે સુખ મળે. કાચા સુતરના તાંતણાં જેવો પુણ્યોદય ! કઈ પળે તૂટી જાય તે કહી ન શકાય. પરલોકે તો તેનો અનુભવ ખૂબ જ ભયંકર દુઃખ આપે, કેમકે તે કામસુખ વસ્તુતઃ તો પાપકર્મનું બંધક હોઈને દુઃખદ જ હોય છે.

જે સ્વરૂપથી જ સુખ છે, અનુબંધમાં તો અત્યન્ત દુઃખરૂપ છે તેને સુખ શી રીતે કહેવાય ? માટે તું સંસાર તરફ ડગ માંડવાની વાતની માંડવાળ કરી દે.

જેમ સંસારના સુખો એક દિ' રવાના થવાના છે તેમ તારું સાધુપણાનું તને જણાતું દુઃખ પણ એક દિ' રવાના

થવાનું છે. પછી તું શા માટે સાધુજીવનના દુઃખોથી ભડકી ગયો છે !

એક સાધ્વીજીને સાધુજીવનમાં જે કાંઈ દુઃખ જણાતું હોય-ગુરૂ વગેરેના આક્રોશ પરીષહનું-તેના કરતાં લાખો ગણું દુઃખ તે જો સાસરે ગઈ હોત તો સાસરિયાનું તૂટી પડે.

ગુરુના દુઃખ કરતાં પતિનું દુઃખ, સાસુનું દુઃખ વધુ છે. સાધ્વીજીવનના વિહાર, લોચાદિના કષ્ટો કરતાં સાસરાના-રસોઈ બનાવવી, ઘરનો ભાર વેઠવો, ગર્ભાધાન કરવું, પ્રસૂતિની વેદના ભોગવવી, ઝઘડાઓ થવા, મારપીટ થવી, શીલરક્ષા કરવી વગેરે બાબતોના-દુઃખો તો મોટા પહાડ જેટલા છે. આનો વિચાર કેમ નહિ આવતો હોય ?

ક્યાં ખાબોચિયું ! ક્યાં સાગર ! ક્યાં રાઈનો કણ ! ક્યાં મેરૂ પર્વત ! ક્યાં આગીઓ ! ક્યાં સૂર્ય !

(૫) શ્રમણ ! તને વળી એક વાત કરું.

તેં જેવો સાધુવેષ ધારણ કર્યો તે જ ક્ષણે તે ક્રિયાથી તને ઉગ્ર પુણ્ય બંધાઈ ગયું. આથી જ બીજી જ ક્ષણે લાખોપતિઓ, ક્રોડોપતિઓ, પ્રધાનો, વડાપ્રધાનો, શિક્ષિત લોકો-તમામ-તને માથું નમાવીને પ્રણામ કરે છે. તારો ભરપૂર આદર કરે છે. હજી તો તેં સાધુજીવનની કોઈ સાધના શરૂ કરી નથી ત્યાં જ આટલું માન-સન્માન પ્રાપ્ત થવા લાગે છે. તને ભિક્ષાદિક પણ ઉત્તમ આવકાર

સાથે પ્રાપ્ત થાય છે. દુનિયામાં કોઈને ય પોતાનું મસ્તક નહિ ઝુકાવતા લોકો તારા ચરણોમાં માથું નમાવી દે છે.

જે આત્મા ભવિષ્યમાં સમ્રાટ સંપ્રતિ બન્યો તેણે ભૂખમરાથી છૂટવા માટે, માત્ર પેટ ભરીને ખાવાનું મળે તે હેતુથી દુ:ખગર્ભિત વૈરાગ્ય સાથે દીક્ષા લીધી. રાતે અજીર્ણ થતાં મોત ધસી આવ્યું. તે વખતે નગરના મસમોટા લોકો દોડી આવ્યા. તે ભિખારીની અપૂર્વ સેવા કરવા લાગી પડ્યા. આ જ લોકો તેને ભિખારી તરીકે જોતાં, ધિક્કારતા, આંગણે આવીને ઊભો રહે તો ચોકીદાર પાસે ડંડા મરાવતા, ગાળો દેતા.

આટલો મોટો વિરોધાભાસ જોઈને એ ભિખારી સ્તબ્ધ થઈ ગયો. હવે સાચું સાધુપણું પાળવાનો મનોરથ કર્યો. જો કે તે રાતે જ મૃત્યુ પામી ગયો, પણ પેલા મનોરથના પ્રભાવે જિનધર્મનો અત્યન્ત પ્રભાવક રાજા સંપ્રતિ થયો.

ઓ શ્રમણ ! તારા વેષમાત્રથી જે ભક્ત લોકો તને જોઈએ તેટલું દૂધ-ચા, મિષ્ટાન્ન, મેવો વગેરે દે છે તે જ લોકો વેષ ઊતરી ગયા બાદ તારી તરફ નફરત કરશે, નાક મચકોડશે, તને પાણી પણ પીવા નહિ આપે, ઘરમાં પ્રવેશ પણ કરવા નહિ દે. (ઘરમાંથી તું કશુંક ચોરી જાય તે ભયથી) તને કોઈ રીતે સહાયક નહિ બને. તને 'પતિત' તરીકે જોઈને હલકો ચીતરશે.

વળી તારે પેટીયા માટે નોકરી વગેરે કરવા પડશે, ગદ્ધામજૂરી કરવી પડશે, રાત ને દિ' આજીવિકાદિની ચિંતા કરવી પડશે. તારી પત્ની અને બાળકોનો ભાર વેંઢારતા તારો દમ નીકળી જશે. એમાં ય બૈરી કુભાર્જા મળી તો તું ત્રાહિમામ્ પોકારી જશે. આજે તો તું ચક્રવર્તીનો ય ચક્રવર્તી છે, રાજાઓનો ય મહારાજ છે. સાંસારિક રીતે સાવ અભણ, નકામો, અણઆવડતવાળો હોવા છતાં તારા માન-સન્માન આસમાનને આંબી ગયા છે. હાય, આ બધું જતું રહેશે. હટ્ હટ્ કરાતી હડકાયી કૂતરીમાં અને તારામાં કશો ફરક નહિ રહે.

શ્રમણ ! ડાહ્યો થા. ભાવિ કાળની ભયાનક ખાઈમાં ભૂસકો મારવાના આંધળુકીયા મત કર. હાડકાં તો એવા ટૂકડે ટૂકડા થશે કે તેનો કણ પણ હાથવગો નહિ થાય. તારા તે ભાવિની કલ્પના કરતાં તો મારા રૂંવાડા ધ્રૂજી રહ્યા છે.

હાય, સાધુત્વના ત્યાગથી પરલોક તો તારો બિહામણો-દુ:ખો અને દર્દો ભર્યો બનશે કિન્તુ આલોક પણ વેઠીઓ બની જશે ! રહેવા દે, આ દુ:સાહસ ન કર.

(૬) શ્રમણ ! લીધેલી દીક્ષાને છોડવી એટલે ખાધેલા દૂધપાકની ઊલટી કરીને તેને ચાટવો. શું આ સારું કામ છે ? જ્યારે રહનેમિ મુનિની આ દશાની તૈયારી થઈ ચૂકી ત્યારે

રાજીમતી સાધ્વીએ તે દીયર મુનિને ખૂબ આકરી ભાષામાં ખખડાવી નાંખ્યા હતા. તેને કહ્યું હતું કે, ''આના કરતાં તું મરી જાય તો સારું. ઓ, અપયશના કામી ! તારા ભાવપ્રાણોની હત્યા મત કર.

અગન્ધન કુળના સર્પો કદી ડંખ મારીને વમેલું ઝેર પાછું લેતા નથી. તેના કરતાં તેઓ જીવતા આગમાં ભડથું થવાનું સાનંદ પસંદ કરે છે.

સ્વાતિ નક્ષત્રના વરસાદી જળ સિવાય ચાતક જાતિનું પંખી ગંગાનું ય-કહેવાતું-પવિત્ર પાણી પીને જીવવાનું પસંદ કરતાં નથી, તે કરતાં તરસ્યા મરવાનું પસંદ કરે છે.''

સાધ્વી રાજીમતીના અતિ કઠોર શબ્દોએ રહનેમિ મુનિને ભયાનક ઘાતમાંથી ઉગારી લીધા. પરમાત્મા નેમિનાથ પાસે આલોચના કરીને સંયમધર્મમાં એવા લીન બન્યા કે તે જ ભવે મોક્ષ પામ્યા.

આવી જ હોનારત મુનિ મેઘના ભવમાં એક જ રાતના દીક્ષાપર્યાયમાં થવાની હતી પણ પરમાત્મા મહાવીરદેવે સારથિ બનીને મેઘમુનિના જીવનરથને ઊંડી ખાઈમાં પટકાતો ઉગારી લીધો.

પરમાત્માએ તે વખતે તેને કહ્યું, ''ઓ મેઘ ! આગમાં પડીને બળી મરવું સારું પણ ગ્રહણ કરેલાં

મહાવ્રતોનું ખંડન કરવું એ તો અતિ ખરાબ કહેવાય."

અરે ઓ શ્રમણ ! તું ડાહ્યો થા. મારી પ્રેરણાનું પાન કરીને સ્વસ્થ થા. સ્વઘરનો ત્યાગ કરીને પરઘરમાં જવાનું માંડી વાળ. અરે, કમને પણ મારી વાતનો સ્વીકાર કર. એથી પણ-તારી આ ઘાતની પળ નીકળી ગયા બાદ- તને લાભ થશે.

ઓલા ક્ષુલ્લક મુનિને વારંવાર ઘરે જવાના પરિણામો થયા પણ દરેક વખતે માતા વગેરે સ્વજનોએ આગ્રહ કરીને-પોતાની ખાતર-બાર બાર વર્ષની મુદત વધારી તો છેવટે એ મુનિનું કલ્યાણ થઈ ગયું.

(૭) શ્રમણ ! દીક્ષાનો ત્યાગ એ બહુ ભયાનક કોટિનું પાપ એટલા માટે છે કે તેમાં અરિહંત, સિદ્ધ, સાધુ, ધર્મ અને સ્વાત્માની સાક્ષીએ લીધેલા પાંચ મહાવ્રતોનો ભાંગીને ભૂકો કરવાનો છે. આથી અનંતકાળ સુધીનું ભવભ્રમણ પ્રાયઃ વધી જાય છે. કોક આત્માને જો દીક્ષા છોડ્યા બાદ ઘોર પશ્ચાત્તાપ થતો હોય તો ફરીથી દીક્ષા લેવા સિવાય : તીવ્રતમ પશ્ચાત્તાપ સિવાય કર્મક્ષય થતો નથી, ભવભ્રમણ ઘટતું નથી.

કંડરિક મુનિએ એક હજાર વર્ષનો ઘોર તપ કર્યો તો ય તેણે રૌદ્રધ્યાન સાથે દીક્ષા છોડી તો સાતમી નારકભેગો થઈ ગયો.

કઠોર રીતે અનશન કરનારા સંભૂતિ મુનિએ

દીક્ષાની પરિણતિ છોડી, (ભલે વેષ પહેરી રાખ્યો તો ય) છેવટે તેનો આત્મા સાતમી નારકે વિદાય થયો.

કેટલાક દીક્ષાભંગ પામેલા આત્માઓ અસંખ્ય કે અનંત કાળ માટે તિર્યંચગતિમાં ફંગોળાયા છે.

હાય, પૃથ્વીકાયાદિ છ કાયના કૂટા કરતા સંસારમાંથી તું નીકળ્યો. છ વ્રતો (પાંચ મહાવ્રત + રાત્રિભોજન વિરમણ વ્રત)નો સાદર સ્વીકાર કર્યો. હવે એ વ્રતોનો કૂટો કરીશ ? છ કાયના કૂટાનું પાપી ગૃહસ્થજીવન તું સ્વીકારીશ ? રે, આથી બહુ બહુ તો કદાચ તને ૪૦-૫૦ વર્ષનું સાંસારિક ભોગસુખ મળી પણ જશે પરન્તુ પરિણામે અનંતકાળ સુધી સંભવિત ભવભ્રમણ અત્યન્ત ભયાનક થઈ જશે.

સમજ, ભઈલા ! સમજ. આંધળુકીયા મત કર.

(૮) હજી એક વાત કરું.

જ્યાં સુધી તારા શુદ્ધ ચારિત્રના પરિણામોનો ધ્વંસ થયો ન હતો ત્યાં સુધી તું સંયમજીવનના વિવિધ યોગોમાં કેવો મસ્ત બનીને રમતો હતો.

ગુરુની કેવી અપૂર્વ વૈયાવચ્ચ કરતો હતો !

સૂત્રપોરસી વગેરેનો સ્વાધ્યાય કેવો યથાવિધિ કરતો હતો !

એક પણ જીવની કિલામણા ય ન થાય તે માટે પ્રવચનમાતાઓનું કેવું સુંદર પાલન કરતો હતો !

સામેથી ચાલી આવતી નારી દેખાઈ જવાની શક્યતા લાગે ત્યારે ઝાટકો મારીને આંખોને બીજી તરફ કેવી વાળી દેતો હતો !

ભૂલમાં ય કોઈ દોષ સેવાઈ જતો ત્યારે ધ્રુસકે રડતાં જઈને ગુરુ પાસે કેવું પ્રાયશ્ચિત્ત લેતો હતો !

તીર્થભૂમિઓની સ્પર્શના કરતાં કેવો અરિહંતમય બની જતો ! કેટલા બધા ભાવથી સ્તવનાદિ બોલતો હતો !

ગુરુદેવના પ્રવચનોના શ્રવણમાં કેવો તલ્લીન બની જતો હતો !

ગાથાઓ ગોખવાની, પાઠ લેવાની, પુનરાવર્તન કરવાની, કાયોત્સર્ગમાં રહેવાની ક્રિયાઓમાં તો તું કેવો ઓળઘોળ થઈ જતો હતો !

હાય, ઓ શ્રમણ ! તને ખબર છે કે ઘેર જઈને તું આ બધું ખોઈ બેસવાનો છે ? તારે ધન મેળવવા માટે નોકરી વગેરેના ઢસરડાઓ કરવામાંથી ઊંચે આવવાનું નથી ?

તને એ ખબર છે કે તું કોઈ પણ ધર્માનુષ્ઠાન કરી શકનાર નથી ? જો તે કરીશ તો ય થાકેલો-પાકેલો તું તેમાં ચિત્તપ્રસન્નતાનો લેશ પણ પામી શકવાનો નથી. કદાચ તારે આવશ્યક ક્રિયાઓ સદા માટે ત્યાગવી પડશે, રાત્રિભોજનાદિ કરવા પડશે, અબ્રહ્મનું સેવન હંમેશ કરવું પડશે. ટૂંકમાં તું બધી બાજુથી ધર્મ હારી જઈશ.

ઓ શ્રમણ ! તું શા માટે હાથે કરીને ક્રોડપતિ તરીકેનું તારું ધન ફેંકી દઈને ભિખારી બની રહ્યો છે ?

એક વાર ફેંકી દેવાયેલું સાધુપણું કદાચ કોડો ભવો સુધી તને મળનાર નથી. તે મેળવવા માટે કોઈ ભવમાં તું શિવકુમારની જેમ ઝૂરે તો ય તને તે નહિ મળે (નિકાચિત કર્મોદય થાય ત્યારે).

જો સાધુપણાની નાનકડી ભૂલમાં અજ્જા સાધ્વી, લક્ષ્મણા સાધ્વી, સામયિક મુનિ (આર્દ્રકુમારનો પૂર્વભવ) વગેરે દીર્ઘ સંસારમાં ટીચાઈ ગયા તો તું તો આખું ને આખું સાધુત્વ ખતમ કરવા બેઠો છે. તારી હાલતનો વિચાર કરતાં મને ધ્રૂજારી વછૂટી જાય છે.

શ્રમણ ! તને ખબર છે કે સાધુત્વનો આધ્યાત્મિક આનંદ અંતરમાં એવો ઊછળતો હોય છે કે તેથી વિહાર, લોચ, ગુર્વાજ્ઞાપાલન, આક્રોશ આદિના દુઃખોથી દુઃખી તો નથી જ થવાનું પરન્તુ એ દુઃખોનો સ્વીકાર કરાય તો જ આંતરાનંદ-બ્રહ્માનંદ-માણવા મળે એવો ખ્યાલ હોવાથી એ દુઃખો આનંદરૂપ બની જાય છે.

જો તું ગૃહસ્થ બનીશ તો આ આનંદ લુંટાઈ જશે. ગૃહસ્થ બનતાંની સાથે તારું પુણ્ય પરવારી જશે. તું બધેથી હડ્ હડ્ થઈશ. તારે નોકરી વગેરેની ગુલામી આદિના દુઃખોની આગમાં ફેંકાઈ જવું પડશે. એટલું જ નહિ પણ તેથી જે ચિક્કાર અશુભ કર્મબંધ થશે તેથી તારે પરલોકમાં તિર્યંચ અને નારકના કાતીલ દુઃખો ભોગવવા પડશે.

હવે તું વિચાર કે સાધુત્વનો આધ્યાત્મિક આનંદ

અને શાતાવેદનીયના ઉદયથી મળતો ભૌતિક આનંદ છોડીને તું ઉભયલોકમાં શું કમાયો ? અને શું ખોયું ?

શશિપ્રભ અને સોમપ્રભ નામના બે રાજકુમારો હતા. નાના ભાઈને ગુરુબોધથી સંસારત્યાગની ભાવના થઈ. તેણે મોટાભાઈને સંસારની અસારતાનું ભાન કરાવીને દીક્ષા લેવા પ્રેરણા કરી. પણ મોટો ભાઈ વિષયાસક્ત હોવાથી દીક્ષા માટે તૈયાર ન થયો.

નાનો ભાઈ સાધુ થયો.

મોટો ભાઈ પાકો સંસારી (રાજા) થયો. અત્યન્ત વિષયલમ્પટ બન્યો.

બે ભાઈઓનું એક જ દિવસે, એક જ સમયે વિવિધ સ્થળે મૃત્યુ થયું.

નાનો ભાઈ પાંચમા દેવલોકે ગયો.

મોટો ભાઈ ત્રીજી નારકે ગયો.

નાના ભાઈએ દેવલોકે ઉત્પન્ન થતાંની સાથે જ્ઞાનબળથી જોયું કે મોટો ભાઈ ત્રીજી નારકમાં અસહ્ય વેદનાઓથી ઘેરાઈ ગયો છે.પરમાધામીઓ તેને ખૂબ પીડા આપે છે.

હજી મર્ત્યલોકમાં રાજાનું મડદું પડ્યું હતું. અગ્નિસંસ્કારની તૈયારીઓ ચાલતી હતી.નાનો ભાઈ પાંચમા દેવલોકેથી નીકળીને તીવ્ર વેગે ત્રીજી નારકે ધસી ગયો. મોટા ભાઈની ભયાનક હાલત જોઈને તે ચીસ પાડી

ઊઠ્યો. તેણે પૂર્વના ભવમાં આપેલો બોધ યાદ કરાવ્યો. મોટા ભાઈને હવે તો ખૂબ પશ્ચાત્તાપ થયો. તેણે દેવ-બંધુને કહ્યું કે તે કોઈ પણ ઉપાય કરીને નારકમાંથી છોડાવે.

પણ હવે તે લેશ માત્ર શક્ય ન હતું. દેહને તપ વગેરે દ્વારા કષ્ટ આપ્યા વિના કર્મક્ષય થાય નહીં : સદ્ગતિ મળે નહીં. હવે મડદાંને લાકડીઓ મારવાથી કે ગડદાપાટું કરવાથી કાંઈ કર્મક્ષય ન થાય.

બિચારો રાજા ! વિષયલંપટતાના પાપે નારકે દીર્ઘકાળ માટે અત્યંત દુ:ખી થઈ ગયો !

શ્રમણ ! સાધુપણાનો અસ્વીકાર, સાધુપણામાં શિથીલતા વગેરે બાબતોથી જે તિર્યંચ અને નારકની દીર્ઘકાલીન દુર્ગતિઓ સતત પ્રાપ્ત થયા કરે છે તેના દુ:ખોનું વર્ણન મોટો રૂસ્તમ પણ કરી શકે તેમ નથી.

અરે, દેવગતિમાં ય કોઈ સારાવાટ નથી. ત્યાં જે અસંખ્ય મિથ્યાદૃષ્ટિ દેવ-દેવીઓ છે તેઓ અકામનિર્જરા કરીને કે શિથીલતાભર્યું સાધુત્વ પાળીને જતાં હોય છે. આ દેવો અહંકાર, પરપદાર્થોની કાળી આસક્તિ, વધુ વૈભવી દેવો પ્રત્યેની તીવ્ર ઈર્ષ્યા, વાસનાના ભોગમાં સદાબહાર અતૃપ્તિ અને ચ્યવન વખતે દેવલોકના સાથીના થતાં વિરહનું કાળઝાળ રૂદન, દેવલોકના ભોગસુખોના મરણકાલીન ફરજિયાત ત્યાગની અસહ્ય પીડા વગેરે દુ:ખો એવા કાતીલ હોય છે કે આ બધું જાણનારા જ્ઞાની પુરુષો

દેવલોકમાં જન્મ લેવાનું કદી પસંદ કરતાં નથી. તેઓ તો માત્ર મોક્ષને ઝંખતા હોય છે.

હા, જે આત્માઓ સમ્યગ્દર્શન સાથે લઈને દેવ બને છે તેમની વાત જુદી છે. તેઓ ઉપરોક્ત દુઃખો કે દોષોનો ભોગ બનતા નથી. અરે, અત્યન્ત અનાસક્ત રહે છે.

પૂર્વભવોના ભોગાન્ધ આત્માઓ દેવ બનતાંની સાથે દેવીઓને ચોંટી પડે, તેમનામાં ચોવીસે ય કલાક પાગલ રહે.

પૂર્વભવના યોગી આત્માઓ દેવ બનતાંની સાથે નંદીશ્વરાદિ દ્વીપોની યાત્રાઓએ વારંવાર જતાં રહે, પરમાત્માની પરા ભક્તિ કરે. વળી મહાવિદેહાદિ ક્ષેત્રોના તારક તીર્થંકરદેવોના દર્શન, વંદન અને ધર્મશ્રવણ માટે દોડી જાય. તેઓ સદા ધર્મમાં મસ્ત રહે, અત્યન્ત અનાસક્ત રહે.

આથી જ સમ્યગ્દર્શનયુક્ત દેવ બની શકાતું હોય તો તેમાં ત્યાંના ભોગસુખોથી પતન થઈ જવાની કોઈ શક્યતા રહેતી નથી. અરે, તપ વગેરે સાધના દ્વારા પાપકર્મનો પુષ્કળ ક્ષય કરીને પુણ્યાનુબંધી પુણ્યકર્મને બાંધતાં દેવો તો દેવલોકે જઈને અનાસક્તભાવે ભોગસુખોને ભોગવીને પુણ્યકર્મનો ક્ષય કરવાની સાધના જ કરતા હોય છે.

મુનિભવે પાપક્ષયની સાધના.
દેવભવે પુણ્યક્ષયની સાધના.

બે ય કર્મોની ક્ષીણતાથી જ થોડાક ભવોમાં તે આત્માઓ મોક્ષ પામે.

વિરતિધરો દેવ જ થાય. તેમણે વિરતિની અવસ્થામાં જે બ્રહ્મચર્ય વગેરે પાળ્યા હોય તે કેવા પાળ્યા છે ? તેની પરીક્ષા માટે દેવનો ભવ તેમના માટે ફરજિયાત છે.

જો વાસનાઓને પરાણે દબાવી રાખીને બ્રહ્મચર્ય પાળ્યું હશે તો દેવલોકે દેવીનું દર્શનમાત્ર થતાં વાસનાની આગ ભડકી ઊઠશે. તે આત્મા વિષયાન્ધ બની જશે. પણ જો જ્ઞાનયોગ દ્વારા વાસનાઓને વિરતિના ભવમાં સહજ રીતે શાન્ત કરી નાંખી હશે તો દેવભવમાં અપ્સરાઓ તેને ઘેરી વળશે, ચોંટી જશે તો ય તે પુણ્યાત્માને રૂંવાડે ય વાસના કદી સળગી ઊઠશે નહિ.

ભલા ! પરીક્ષા તો દેવી જ પડે ને ! હા, એવું ખરું કે આ પરીક્ષામાં માંડ બે ટકા જેટલું જ સારું પરિણામ આવતું હોય છે.

શ્રમણ ! આપણે તિર્યંચ, નારકાદિ ચારે ય ગતિની ભયાનકતાઓની વાત કરી. તું શિથીલ સાધુત્વ પાળીને મરીશ અથવા આ સાધુત્વને છોડીને ઘરભેગો થઈશ તો તું પરલોકે સર્વત્ર બેહાલ થઈશ : બરબાદ થઈશ.

જ્ઞાનીઓએ કહ્યું છે કે સાધુજીવનમાં શિથીલતાઓને બેફામ સેવતા આત્માઓ વાણવ્યન્તરાદિ દેવ-ગતિને પાનતા હોય છે. ત્યાં જ્ઞાનબળે પોતાના

પૂર્વભવની હાલત જાણીને અતિશય પશ્ચાત્તાપ કરવા લાગે છે. આંખે આંસુ પાડતો તે દેવ બોલે છે, ''અહા ! કેવી ગંભીર ભૂલ કરી ! હાથમાં ચિંતામણિ રત્ન આવ્યું પણ મેં અભાગીયાએ ફેંકી દીધું ! હવે કેટલાય હજાર વર્ષો સુધી આ ભૂત-પ્રેતની કંગાળ, બેહાલ દુનિયામાં પુણ્યહીન દશામાં જયાં ત્યાં ભટકતા રહેવું પડશે ! હાય, રાંડ્યા પછીનું મારું ડહાપણ !

ઓ શ્રમણ ! આજે તો સાધુવેષમાં ય બિન્ધાસ્ત, બેફામ, લાજવાબ બનીને હલકટ જીવન જીવી રહ્યો છે અને હવે વધુ હલકટ બનવા માટે ગૃહસ્થ બનવાની તૈયારીમાં છે. ઓ મૂરખ ! આવું ન કર. આનો અંજામ અનંત ભવભ્રમણ સિવાય કોઈ નથી.

પતિત અવસ્થામાં ય જો તારું પુણ્ય પહોંચી જશે તો કદાચ ભૌતિક સુખ તને મળી પણ જશે. પરન્તુ આ ભવ પૂરો થયા બાદ તારું રહ્યું સહ્યું પુણ્ય પણ જયારે પરવારી ગયું હશે ત્યારે જિનાજ્ઞાભંગનું તારું પાપ આકાશને આંબી જતી અગનજવાળાઓની જેમ તને ચારે બાજુથી વળગી પડશે, તારા અરમાનોને જલાવી દઈને તેમની રાખ કરી દેશે.

શ્રમણ ! મેં તને પૂર્વે કંડરિક મુનિ, સંભૂતિ મુનિ વગેરેના દૃષ્ટાન્તો આપ્યા તેમના કેવા હાલ-હવાલ થઈ ગયા !

માટે કહું છું કે ડાહ્યો થા. ગૃહપ્રવેશનો તારો વિચાર બદલી નાંખ.

(૯) હજી એક વાત કરું. તું જે ગૃહસ્થજીવન સ્વીકારવાના આંધળુકીયા કરે છે ત્યાં વિષમ કર્મોના ઉદયો તો થયા જ કરવાના છે. ક્યારેક દુઃખો ત્રાટકશે તો ક્યારેક પાપો ત્રાટકશે. કોઈ વાર તું શારીરિકાદિ રોગોમાં પટકાઈશ. કોઈ વાર વ્યભિચારાદિના પાપોમાં પલોટાઈ જઈશ.

આ વખતની અસમાધિ તીવ્ર જ હશે. તને ત્યારે સમાધિ કોણ દેશે ? મા બનીને તારી આંખેથી વહી જતાં ચોધાર આંસુને કોણ રોકશે ? અસહ્ય વેદનાથી ચીસો પાડતાં તને નવકારમન્ત્ર કોણ સંભળાવશે ? મરણના સમયે તને સાગાર-અનશન કોણ કરાવશે ? તને સમાધિદાન કોણ કરશે ?

જો આ બધો ધર્મભાવ તને નહિ મળે તો નિશ્ચિતપણે કહું છું કે તારી દુર્ગતિઓની ભયાનક પરંપરા શરૂ થશે. તું સતત પાપાનુબંધી પાપકર્મનો બંધ કરતો રહીશ. તેના ઉદયકાળમાં અતિ દુઃખી અને અતિ પાપી બન્યા કરીશ.

અરે મૂર્ખ ! થોડાક જ વર્ષોના ભોગસુખના (કાલ્પનિક) અનુભવના ફળરૂપે આટલો બધો સીતમ કર્મરાજા ગુજારતો હોય તો તે ભોગસુખની લાલચમાં પડીને

મુનિત્વનો ત્યાગ કરી દેવામાં કોઈ ડહાપણ છે ? કે નકરું પાગલપન છે ?

ગુર્વાદિક કલ્યાણમિત્રનો સંગ પામીને વિપુલ ભોગો ભોગવતાં અસંખ્ય રાજાઓ વગેરેએ ગૃહવાસનો ત્યાગ કર્યો છે અને સાધુજીવનમાં ભારેથી ભારે આધ્યાત્મિક આનંદ લૂંટ્યો છે. અને તું સાધુત્વ ત્યાગીને ભૂંડની જેમ સંસારવાસની વિષ્ઠામાં રગદોળવાને તૈયાર થયો છે !

ઓ બેવકૂફ ! ઓ નાદાન ! ઓ પાગલ ! તું મારી વાતને ધ્યાનમાં લે અને તારી બુદ્ધિમાં થયેલા વિપર્યાસને ત્યાગી દે.

હજી કાંઈ બગડ્યું નથી. તું આ દુષ્ટ અધ્યવસાયોનું પ્રાયશ્ચિત્ત કરીને નિર્મળ બન, ઉત્સાહિત થઈને ફરી સંયમજીવનમાં આગેકૂચ કર.

(૧૦) શ્રમણ ! ગૃહપ્રવેશ કરતાં તારા મનમાં એવો ખ્યાલ હશે કે તું ૨૫, ૩૦, ૪૦ વર્ષ સંસારમાં જીવીશ અને ભોગસુખો ભોગવીશ પણ આ તારો ભ્રમ છે, કેમકે કોનું કેટલું આયુષ્ય છે ? તે સર્વજ્ઞ સિવાય કોઈ કહી ન શકે. સંભવ છે કે ગૃહસ્થ બન્યા બાદ ૬-૧૨ માસમાં ય તું મૃત્યુ પામી જાય. કદાચ દીર્ઘાયુ બને તો ય તારું મોત અસમાધિથી થાય. તે વખતે તને સમાધિનું દાન કરનારા (નિર્યામકો) જ્વલ્લે જ મળે. આમ તારી નિશ્ચિત દુર્ગતિ થાય.

વળી દીર્ઘાયુ મળવું એટલું જ બસ નથી, નિરોગિતા

પણ જરૂરી છે. લકવો, કેન્સર, દમ, હાર્ટએટેક, બ્લડપ્રેશર, ધાતુક્ષીણતા વગેરે રોગોની સાથે જો દસ-વીસ વર્ષનું જીવન મળે તો એ શા કામનું ?

યૌવનમાં ભયાનક રોગો, અકાળે ઘડપણ, અસમાધિનું મરણ-એ બધા તો બહુ ભયાનક ઉપદ્રવો છે, અત્યન્ત અસહ્ય છે. કેટલીક વાર તો આવા રોગિષ્ટ લોકો ઝટ મરી જવાની-આત્મહત્યા કરી નાંખવાની-ભાવના (ડેથ વીશ) ધરાવતા હોય છે.

આવું થાય તો કેટલો દીર્ઘ સંસાર માથે ટીચાય !

શ્રમણ ! મારી તો હાર્દિક ભાવથી તને સલાહ છે કે તું ગૃહસ્થજીવનનો સ્વીકાર ન કરે.

અરે, તારાથી ધન્ના અણગાર, સ્થૂલભદ્રજી કે ખંધક મુનિ જેવું ઉત્કૃષ્ટ સાધુત્વ ભલે ન પળાય. આ કાળમાં તે શક્ય પણ નથી. પરન્તુ સામાન્ય કક્ષાનું, સીધું સાદું, મોટા દોષો વિનાનું, જઘન્યથી સાધુજીવન તો જીવ. ભલે કદાચ એમાં કેટલુંક પાલન ન પણ થાય તો ય જેટલું પાલન થાય તે ઉત્સાહથી પાળ. જે ન પળાય તેનો કટ્ટર પક્ષપાત રાખ. ન પળાય તેનું ખૂબ દુઃખ રાખજે. જે તેવું પાળતાં હોય તેની ખૂબ અનુમોદના કરજે. આવો પક્ષપાત એ પાલન જેટલું જ પુણ્ય બાંધી આપે છે. પછી અ-પાલનથી દુર્ગતિ થતી નથી. આ રીતે પણ તું સામાન્ય કક્ષાનો સુંદર સાધુ બની રહે. તું ઉભયલોકે સુખી થઈશ.

શ્રમણ ! તું 'ગૃહસ્થ' બની રહ્યો છે તે વાતથી હું એટલો ભયભીત બન્યો છું કે મને રાતે ઊંઘ આવતી નથી.

તને એ વાતની ખબર તો હશે જ કે આપણે જિનધર્મને પામેલા આત્માઓ ઉપર સેંકડો પ્રશ્નો, સેંકડો સમસ્યાઓ લટકતી પડી હોય. પણ તે બધામાં સૌથી વધુ મહત્વનો પ્રશ્ન એ છે કે 'આપણો આત્મા પરલોકે કઈ ગતિ પામશે? જિનધર્મયુક્ત સદ્ગતિ કે તેના વિનાની દુર્ગતિ?'

ગરીબી મળશે કે શ્રીમંતાઈ ? તે પ્રશ્નનું આપણા મનમાં કોઈ મહત્વ ન હોય. તેમાંથી ભલે ગરીબી મળે પણ ચુસ્ત ધાર્મિકતાયુક્ત માબાપ તો મળવા જ જોઈએ. આ આપણી સૌથી મહત્ત્વની વાત છે.

આવી સદ્ગતિ પરલોકે મેળવવી હોય તો આ ભવમાં સમાધિમરણ અવશ્ય પામવું પડે. સમાધિ દેનારા પુણ્યશાળી ગુરુદેવો કે કલ્યાણમિત્રો જ હોય છે. જો તું ઘરભેગો થઈશ તો તને આ બધાનો યોગ મરણ વખતે શેં મળશે ? નહિ જ મળે. આમ થતાં તું પરલોકે જૈન ધર્મની પ્રાપ્તિ ખોઈ બેસીશ (બોધિલાભ નહિ મળે).

હવે તો તું કદાચ ભૂંડણ, કૂતરી, બિલાડી, ગધેડી વગેરેના પેટે જઈ પડીશ. ભીલ, વાઘરી, મુસ્લીમ, ઈસાઈ વગેરેને ત્યાં જન્મી પડીશ. માંસાહારી, શિકારી, દારૂડિયો, વ્યભિચારી બની જઈશ.

કહે, મુનિવેષ ત્યાગીને તું શું કમાઈશ ?

ક્ષણજીવી ભોગસુખોના એક નયા પૈસાને પામીને તું દીર્ઘજીવી ધર્મસુખના ક્રોડો રૂપિયા ગુમાવી દેવાની મુર્ખાઈ મહેરબાની કરીને ન કર.

બધું ખોઈ શકાય, કલ્યાણમિત્રનો સંગ કદી ન ખોવાય.

ગુરુજન જેવા કલ્યાણમિત્ર બીજા કોણ થઈ શકે ?

ડાહ્યો થા, ભઈલા ! ગૃહપ્રવેશનો આ જુગાર અત્યન્ત જીવલેણ છે, નઠારો છે, તેને ત્યાગી દે.

(૧૧) શ્રમણ ! હજી પણ તને મારી વાતોથી સમાધાન ન થતું હોય તો ઔર એક વાત કરું.

જે ગૃહસ્થજીવન છે તે અનેક હાડમારીઓ, ચિંતાઓ, આધિ-વ્યાધિ અને ઉપાધિઓ, પત્ની આદિ સ્વજનોની સતત ચાલતી બિમારીઓ, ધંધાદિક બાબતોમાં કરાતાં દગા-ફટકાઓ, વિશ્વાસઘાતો, સારી આર્થિક સ્થિતિમાં થતી ચોરીઓ કે લૂંટફાટો, વારંવાર થતાં સગા-સ્વજનો કે સ્નેહીજનોના મરણો, વેપારમાં થતી તેજી-મંદીઓ, ખેતીમાં પડતાં દુષ્કાળો, અતિવૃષ્ટિઓ, સાસરે ગયેલી દીકરીઓને અકાળે વૈધવ્યની પ્રાપ્તિ, સંતાનોનું બાળમરણ કે અકાળમરણ, કેન્સર વગેરે રોગોનો ઉદ્ભવ, તેમાં થતી ગજા ઉપરાંતની ખર્ચી, મોટા વ્યાજે લાવેલી રકમનું ક્યાંક ભરાઈ પડવું, આગ, અકસ્માત, હોનારત વગેરેનું એકાએક ત્રાટકવું... આવી તો ઢગલાબંધ

આફતોથી સંસારનું ઘર સતત ઘેરાયેલું રહે છે. તેમાંથી ગૃહસ્થ બહાર નીકળી શકતો નથી. 'ત્રણ સાંધે ત્યાં તેર તૂટવા'નો ન્યાય સતત ચાલુ રહે છે.

ઓ શ્રમણ ! હવે તું જ મને કહે કે તારા દીક્ષિત જીવનમાં તું જે ધર્મ આરાધી શક્યો છે તેમાંનું કશુંય આ વાવાઝોડાં વચ્ચે તું કરી શકીશ ?

તું પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા વિના મજેથી ભોજન કરી શકીશ ?

તું જિનપૂજા વિના જીવી શકીશ ?

તું અબ્રહ્મના સેવનથી રડી રડીને અડધો નહિ થઈ જાય ?

તને સ્વાધ્યાયાદિ વિના-ઘણું ધન કમાઈને પણ-આનંદ આવશે ?

આ સાધુત્વ તો બધી ઉપાધિથી મુક્ત છે. તેવી કોઈ વાતની તને ચિંતા પણ નથી. એથી જ મજેથી તું ધર્મધ્યાન કરી શકે છે.

હવે આ અવળચંડાઈ શા માટે કરે છે ? તારી જાતે તારા પેટમાં ખંજર શા માટે ભોંકે છે ?

(૧૨) શ્રમણ ! ચાર ગતિઓમાં 'મોક્ષ'ના પરમધામને પ્રાપ્ત કરવા માટે માનવગતિ, તેમાં ય મુનિજીવન : તેની સાધના જ શ્રેષ્ઠ છે. મોક્ષ પામવો હોય તો નવો કર્મબંધ થતો અટકાવી દેવો જોઈએ અને જૂના

કર્મોનો ક્ષય કરવો જોઈએ. આ બે બાબતોને સંવર (સંયમ) અને નિર્જરાસ્વરૂપ કહેવામાં આવે છે.

ચારિત્રધર્મ એટલે સંવર+નિર્જરા. આને બીજા શબ્દોમાં સંયમ અને તપ કહેવાય.

મોક્ષને શીઘ્ર અપાવતાં સંયમજીવનની તદ્દન વિરૂદ્ધમાં સંસારીજીવન છે. ત્યાં અઢારે ય પાપોથી દરેક સમયે અનંત કર્મોનો બંધ કર્યા કરવાનો હોય. એ પાપબંધ પણ ક્લિષ્ટ અધ્યવસાયથી થયો હોવાને લીધે પાપાનુબંધ એવો પાપબંધ કહેવાય છે. આનો ઉદય થતાં સતત રીતે નવો બંધ-અનુબંધ ચાલતો રહે. પાપાનુબંધ કામ, ક્રોધાદિ દોષો પેદા કરે અને પાપબંધ દુઃખો પેદા કરે. દુઃખ અને દોષનું આ યુગલ અનંતકાળ સુધી ભવભ્રમણ કરાવતું રહીને જીવને રાડ પડાવી દે.

હવે જીવનો મોક્ષ શી રીતે થાય ?

દુઃખ કે સુખ ક્રમશઃ લોઢાની અને સોનાની બેડીઓ છે. આ જીવને મોક્ષભાવ શી રીતે પ્રાપ્ત થાય ?

સાધુજીવનની વાત સાવ જુદી છે. અહીં બે ય બંધનો તૂટે છે.

મુનિ પુણ્યબંધ માટે ઉત્સુક એટલા માટે જ નથી કે તે જીવને માટે સોનાની બેડી છે.

બેડી સોનાની હોય તેથી કાંઈ સારી ન કહેવાય, છેવટે તો એ બંધનરૂપ તો ખરી જ ને !

ઓ શ્રમણ ! તું જો પૂર્વે હતો-દીક્ષા લેતી વખતે જેવો હતો તેવો જ મોક્ષાર્થી હોય તો આ મોક્ષ સંસારવાસથી તો અતિ દૂર ઠેલાઈ જશે. અરે, હાથે કરીને આવા ઊંધા ધંધા શા માટે કરે છે, ભલા ?

(૧૩) હજી એક વાત કરું.

સાધુજીવન સર્વથા સુંદર છે : સંવર અને નિર્જરા સ્વરૂપ છે.

ગૃહસ્થજીવન અત્યન્ત પાપરૂપ છે. ત્યાં અવિરતિનું અતિ મોટું પાપ દરેક સમયે ચોંટ્યા કરે. એની સાથે જો સમ્યક્ત્વ મળે તો એ પાપ મોળું થાય ખરું, પણ સામાન્યતઃ અનંત જીવોને અવિરતિની સાથે મિથ્યાત્વ જ ચોંટેલું હોય. અરે, જો સમ્યક્ત્વ ચોંટ્યું હોય તો ય શું થઈ ગયું ? પેલી અવિરતિ નામની ડાકણ, એના ખોળે રમતાં સમ્યક્ત્વ નામના બાળકની-ગમે ત્યારે-ગળચી દબાવીને ખતમ કરી નાંખે.

મિથ્યાત્વયુક્ત અવિરતિની સાથે કષાયો, અશુભ યોગો અને પ્રમાદ નામના ત્રણ દુષ્ટો જોડાય એટલે તો જીવનું અનંત ભવભ્રમણ પાકું થઈ જાય.

આ બાજુ શ્રમણજીવન એટલે સમ્યક્ત્વયુક્ત વિરતિનું જીવન. એમાં વળી શુભ (પ્રશસ્ત) કષાયો અને યોગો ભેગા મળે એટલે મોક્ષ પામવાની શક્યતા ઘણી વહેલી થઈ જાય.

અરે, જ્ઞાનીઓ તો કહે છે કે મુનિવેષમાં થતાં સત્સંગાદિના પ્રભાવે જો દ્રવ્યથી જ સમ્યક્ત્વ અને ચારિત્ર મેળવ્યા હોય તો તે બે ય ને ભાવથી થઈ જતાં કોઈ ઝાઝો સમય ન લાગે. જે આત્મા પોતાના ગુરુને અત્યન્ત સમર્પિત છે એનો તો બધી વાતે જયવારો છે. એનો મોક્ષ ઝટપટ છે.

અને ગૃહવાસ ! એ તો નકરા પાપોથી ખદબદી રહ્યો છે. જ્ઞાનીઓ કહે છે કે ગમે તેવો ઊંચો સંસારી ધર્માત્મા ધગધગતા લોઢાના લાલચોળ ગોળા જેવો છે. આ ગોળો પહાડ ઉપરથી ગબડે ત્યારે બધું ઘાસ વગેરે બાળતો બાળતો જાય. એ ગમે તેટલી જીવદયા પાળે તો સાધુની વીસ વસા (પૂરી)ની જીવદયાની સામે એની જીવદયા માત્ર સવા વસાની હોય, કેમકે સંસારમાં રહેવાથી એના દ્વારા ત્રિકરણયોગે પુષ્કળ જીવહિંસા થયા જ કરતી હોય.

વળી, જેને ખરેખરો ધર્મ કહેવાય તે ધર્મ-ભાવધર્મ-નું આરાધન ગૃહસ્થ ખૂબ ઓછું કરી શકે. એનો ઘણો ખરો ધર્મ એ દ્રવ્યધર્મ જ હોય. જ્યારે સાધુનો ઘણો બધો ધર્મ ભાવધર્મ સ્વરૂપ હોય, દ્રવ્યધર્મ તો ખૂબ થોડો હોય.

આપણે ભાવધર્મને સોનું કહીએ અને દ્રવ્યધર્મને ચાંદી કહીએ તો સાધુનો સંપૂર્ણ ધર્મ એટલે ચાંદીની બે આંખોવાળો સોનાનો હાથી, જ્યારે ગૃહસ્થનો સંપૂર્ણ ધર્મ એટલે સોનાની બે આંખોવાળો ચાંદીનો હાથી.

ઓ શ્રમણ ! તારામાં થોડીક તો બુદ્ધિ નિર્મળ રહી ગઈ છે ને ? જો હા, તો આ ઉપરથી વિચાર કે કયું જીવન ઉત્તમ છે ? ટૂંકા માનવજીવનમાં ખૂબ લાભ મેળવી લેવો હોય તો શું કરવાથી મળી શકે ?

ધર્મની વાતમાં તો સાધુ માહિર છે પણ પાપાકરણમાં ય તે જ માહિર છે. તેની પાસે પાપ કરવા માટેની કોઈ સામગ્રી જ ઉપલબ્ધ હોતી નથી. તે સકળ અશુભ સંયોગોથી મુક્ત છે. ગૃહસ્થ તો ઢગલાબંધ સંયોગોથી યુક્ત છે, પરિગ્રહથી ભરપૂર છે. હાલતાં ચાલતાં તે ઢગલાબંધ પાપો કર્યા કરતો હોય છે. સાધુ તો જેટલો વધુ ઉત્તમ એટલો અપરિગ્રહી, તેથી વધુમાં વધુ નિષ્પાપ.

અહા ! આ ધરતી ઉપર શ્રમણજીવનરૂપ કેવું સુંદર વિમાન અવતર્યું છે ! કેટલું બધું સુંદર છે !

એક પણ વરણ (ધોબી, ઘાંચી, લુહાર, સુથાર, દરજી વગેરે) વિના ગૃહસ્થનું જીવન એક દિવસ માટે પણ ઠપ્પ થઈ જાય છે. તેને અઢારે ય વરણ જોઈએ.

અને મુનિને ? એક પણ વરણ વિના આખું જીવન સડસડાટ દોડે. કેવી નોખી અને સાવ અનોખી તારક તીર્થંકરદેવોની આ વ્યવસ્થા. કુદરતની આઠ અજાયબી કહેવાય છે. આ નવમી અજાયબી છે.

ગૃહસ્થને જીવનનિર્વાહ કે કુટુંબનિર્વાહ માટે લાખો રૂપિયાની દોલત પણ ઓછી પડે. સાધુને આખા જીવનમાં

ક્યારેય પણ પાંચકાના સિક્કાની જરૂર ન પડે.

કેવો આ રોડપતિ ! તો ય કરોડપતિઓ એના ચરણોમાં પડે !

(૧૪) શ્રમણ! ગૃહસ્થજીવનના ભોગોની વાત કરું. સૌ પ્રથમ તો તને એ વાત કરીશ કે એ વર્ગની સુખ પામવાની જે રીત છે, એના જે અંગો છે એ બધું પશુતુલ્ય છે.

ભૂંડ જે રીતે ભૂંડણ સાથે વિષય સેવે છે, કૂતરો જે રીતે કૂતરી સાથે વિષય સેવે છે તે જ રીતે પુરુષ સ્ત્રીની સાથે વિષય સેવે છે.

વળી વિષયસુખ જેના વડે પમાય છે તે લિંગ, યોનિ, જાંઘ, લોહી, વીર્ય વગેરે ખૂબ ગંદા છે. સ્ત્રીનો માસિક સ્રાવ અત્યન્ત દુર્ગન્ધિ હોય છે. વળી દૂધ, ખીચડી વગેરે સુંદર વસ્તુઓનો ભોજન લીધા બાદ એક જ ક્ષણમાં ઊલટીના રૂપમાં ગંદો વિપાક થાય છે. છેલ્લે તો કફ, ગળફા, ઝાડો, પેશાબ વગેરે ગંદા રૂપોમાં પરિણમે છે.

વિષય ખૂબ તીવ્રતાથી થાય ત્યારે ઉગ્ર કર્મોનો બંધ થાય. તેનો વિપાક દુર્ગતિ અને દુઃખપ્રાપ્તિ હોય છે. આ તો કોઈ રીતે સહી ન શકાય તેવી બાબત છે. જો પરલોકના અસ્તિત્વમાં અને આ દુઃખવિપાકની વાતમાં પૂરી શ્રદ્ધા હોય તો તેના કારણભૂત વિષયસેવંન કરવા ડાહ્યો માણસ કદી તૈયાર ન થાય.

કાશ, આ શ્રદ્ધાના અભાવને લીધે જ સંસારી જીવો

પશુક્રિયામાં આંધળુકીયા કરીને ઝંપલાવે છે.

આ વસ્તુ, આ ક્રિયા, આ અંગો-એકે ય સારા નથી, પણ જન્માંતરોમાં વારંવારના વિષયસેવનના અનુભવથી આત્મામાં પડી ગયેલા ગાઢ સંસ્કારોનું જીવને એવું વશીકરણ કરાય છે કે ઈચ્છા ન હોય તો ય જીવ તે તરફ ખેંચાઈ જાય છે. હા, જો જીવમાં થોડીક નિર્મળતા હોય તો પછીથી તેને પુષ્કળ પશ્ચાત્તાપ થાય છે ખરો.

ઓ શ્રમણ ! મુનિજીવનમાં અબ્રહ્મની આ ગંદી બાબતોને લેશ પણ સ્થાન નથી. જે ક્રિયાઓ વગેરે નર અને વાનરમાં સમાન છે તેમાં રાચવું એ નરના માટે તો યોગ્ય ન જ ગણાય.

આ સુખ ભોગવટાના સમય પૂરતું સુંદર લાગે છે બાકી તેનું પરિણામ (વિપાક) તો દુર્ગતિઓ અને દુઃખપ્રાપ્તિનું અતિ કટુ છે.

જો પુરુષ સ્ત્રીના દેહની અશુચિતા, બિભત્સતા, વિનાશિતા, વિપાકકટુતાને બરોબર ધ્યાનમાં લે તો તેને વિષયસેવનની વાસના જાગે જ નહિ.

કામભોગપ્રધાનતા એ પશુનું લક્ષણ છે. એ જ લક્ષણ માનવથી શે અપનાવાય ?

જો જ્ઞાનદશા પામીને આ પશુસંજ્ઞાને બધી રીતે વિચારી લેવાય તો માનવ નામનું બુદ્ધિમાન પ્રાણી આ તરફ જરાક પણ ખેંચાણ પામે નહિ. જેને આ સિદ્ધિ પ્રાપ્ત

થાય તે માનવ આધ્યાત્મિક જગતના શિખરોને સહેલાઈથી આંબી શકે. આમાં વિઘ્નભૂત જાતીય વાસનાઓ જ હોય છે. તે જો શાન્ત પડી ગઈ તો એ જીવને સાક્ષાત્ ભગવાન કહેવામાં કશું ખોટું ન કહેવાય.

જે કામ અજ્ઞાની એવા ભૂંડ-ભૂંડણ, કૂતરો-કૂતરી વગેરે સાથે મળીને, પૂરા રસથી કરે તે કામ જ્ઞાની માનવથી ન થાય.

(૧૫) ઓ શ્રમણ! તું ગૃહસ્થ બનીશ અને ગૃહસ્થ-જીવનમાં જે કાંઈ આરંભ-સમારંભાદિ કરીશ તે ભલે તું કુટુંબના અન્ય સભ્યો માટે કરીશ પરન્તુ તેનું પાપ તો તને એકલાને જ લાગશે. હા, તેં ઉપાર્જન કરેલા સુખમાં તે સહુ ભાગીદાર બનશે, પણ તેં ઉપાર્જન કરેલા પાપમાંથી જે દુઃખ આવશે તે તો તારે એકલાએ જ ભોગવવું પડશે. રસોડામાં બા સુંદર રસોઈ કરે તો તેના ભોજનસુખમાં કુટુંબના બધા સભ્યો ભાગીદાર બને, પણ જો શાક સમારતાં બાને આંગળી ઉપર છરી વાગી જાય તો લોહી બાને એકલીને નીકળશે. દુઃખ તેને એકલીને ભોગવવું પડશે.

આ જ વાત કાલસૌરિકના પુત્ર સુલસે તેના કુટુંબીજનોને સમજાવી હતી. તેણે બાપનો કસાઈનો ધંધો કરવાની સાફ ના પાડી હતી.

ભૂતકાળમાં પોતે ખરીદીને લાવેલી ઘંટીને છૂટી પાડીને ડોશીમા મરતા પૂર્વે વગડામાં મૂકી આવતી.

મકાનનું બાંધકામ શરૂ કરતાં જે પહેલી ઈંટ ખાડામાં મુકાતી તે કડિયો નહિ મૂકતો.

પરણીને આવેલા દીકરાની અને વહુની પથારી પહેલી રાતે માતા કરતી નહિ.

તમામ શિષ્ટજનોને અનુમોદનાદિના પાપનો ખૂબ ડર લાગતો.

શ્રમણ ! તું સમજ. હજી સમજ. કાંઈ મોડું થયું નથી. આપણી શિષ્ટ સંસ્કૃતિના મૂલ્યોનો ભંગ ન કર.

(૧૬) શ્રમણ ! તને આચારાંગ સૂત્રની એક વાત કરું. ત્યાં કહ્યું છે કે, ''જ્યાં સુધી નાકમાંથી બહાર નીકળેલો શ્વાસ (પવન) નાકમાં પાછો આવે છે ત્યાં સુધી આપણે જીવતા રહીએ છીએ. જો એક વાર પણ એ શ્વાસ પાછો ન ફરે તો તરત આપણું મોત થાય. ઓ માનવો ! આવા ચંચળ શ્વાસ ઉપર તમારું જીવન-મરણ અવલંબે છે તો તમે તે પવન ઉપર ભરોસો ન મૂકો. લાંબા ગાળાના જીવનની કલ્પના કરીને બેફામ જીવન ન જીવો.''

શ્રમણ ! કમળના દળ ઉપર રહેલું ઝાકળ બિન્દુ,
કાળા વાદળની રૂપાળી કોર જેવી વીજ,
પ્રાતઃકાલની આકાશી લાલી.

હાય, કેટલું ટકે ? જીવનની પણ આવી જ ક્ષણિકતા છે !

નીલકમલદલ બિન્દુ જીવન !
શ્યામગગનઘન ચપલા જીવન !
ઉષઃકાલની લાલી જીવન !
સાગરમાં છે બિન્દુ જીવન !

એક ગીતાર્થ મહાત્માએ લઘુકર્મી બાળક જોયો. તેનું આયુષ્ય માંડ ચોવીસ કલાકનું અવશિષ્ટ જાણીને - તે વાત કર્યા વિના-એ મહાત્માએ તેના પિતા પાસે હઠ કરી કે તેને ચંદ કલાકોમાં દીક્ષા અપાય. અતિ હઠ સામે પિતાએ નમતું જોખ્યું. વળતે દિ' સવારમાં જ દીક્ષાવિધિ શરૂ થઈ. હાય, શરૂઆતની ત્રણ પ્રદક્ષિણા દેતાં જ બાળક ઢળી પડ્યું. મરીને તે જીવ સ્વર્ગે ગયો. તરત આ ધરતી ઉપર આવીને પિતાને સઘળી વાત કરીને આઘાતમાંથી બહાર કાઢ્યા.

જ્ઞાનીઓ કહે છે કે વૈરાગ્યનો ભાવ સુતરના તાંતણાં જેવો પાતળો અને તરત તૂટી જવાની સંભાવનાવાળો હોય છે. માટે જેવો વૈરાગ્ય દઢ થાય કે તરત દીક્ષા લઈ લેવી, અન્યથા કેટલાક નિમિત્તો અથડાતાં તે પરિણામો નબળા પડી જાય છે. यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् ।

દીક્ષાની પાત્રતા વિદ્વત્તા વગેરે નથી પણ તીવ્ર વૈરાગ્યભાવ અને વ્રતપાલનમાં ધૈર્યની ખાતરી છે.

જે મુમુક્ષુઓએ થોડાક સમયનો વિલંબ કર્યો તે ઘણાં દીક્ષાથી વંચિત રહી ગયા છે.

હે શ્રમણ ! તું આજે ગૃહપ્રવેશ કરે છે. સંભવ છે કે ચંદ દિવસોમાં તું મૃત્યુ પામી જાય અથવા રોગોથી ઘેરાઈ જાય. અન્ય કોઈ રીતે જીવનમાં બરબાદ થઈ જાય.

આવી બધી શક્યતાઓ હોવા છતાં તું આપઘાત કરવાની કેમ તૈયારી કરે છે ? તારું આ દુઃસાહસ તું માંડી વાળ.

તારા શ્રમણજીવનમાં એવું કોઈ ભયાનક દુઃખ તારી ઉપર હાવી થયું નથી કે તને ઘરે ભાગી જવાની ઈચ્છા થાય. અરે, દુઃખ આવી પડે-પગ ભાંગી જાય, કેન્સર થઈ જાય, લકવો લાગી જાય તો ય શું ? મોત નજીક આવી ગયું હોય તો ભલે સાધુવેષમાં જ આવતું, કેમકે અંતિમ સમાધિના દાતા સાધુઓ ખડેપગે ઊભા રહીને તારી સેવા કરવાના છે.

(૧૭) ઓ શ્રમણ ! માનવજીવન પામીને જ દ્રવ્ય ચારિત્રધર્મ પામી શકાય છે. તે પામ્યા પછી ઉત્તમ કક્ષાનું ભાવચારિત્ર પાળી શકાય છે. જો એમાં જોરદાર સત્પુરુષાર્થ કરાય તો મોક્ષના દ્વાર ખુલ્લા હોય તો તદ્ભવે - પાપીઓ પણ પાપોને પૂરા સાફ કરી દઈને-મોક્ષ પામી જાય. કેટલાક ચારિત્રધરો બે, ત્રણ, પાંચ ભવે... છેવટમાં છેવટ સાતથી આઠ ભવનું ઉત્તમ ચારિત્ર પાળીને નિશ્ચિતપણે મોક્ષ પામી જાય. આ આત્માઓ સંસારભ્રમણથી મુક્ત થાય. એટલે કે સર્વ દુઃખો, દોષો,રોગો વગેરેથી મુક્ત થાય. અરે, જે

જન્મ લેવાથી છૂટી ગયો અને સર્વ ઉપાધિથી સર્વથા છૂટી ગયો એ અનંતસુખના સામ્રાજ્યનો ભોક્તા બની ગયો, એ અજરામર પદનો સ્વામી બની ગયો.

શ્રમણ ! તું દ્રવ્યદીક્ષા - સાધુવેષ તો ક્યારનો પામી ગયો છે. હવે તારે ભાવસાધુ બનવાનું છે. શિવકુમાર, સુંદરી વગેરેને ઉગ્ર એવા ચારિત્ર મોહનીય કર્મના ઉદયને લીધે સાધુવેષ મેળવવામાં બેહદ મુશ્કેલી પડી છે. શિવકુમાર તો તે ભવે મોતને ભેટ્યો પણ સાધુવેષ ન જ પામી શક્યો.

ભલા ! તારે ઓઘો તો હાથવગો થઈ ગયો છે. એને ફેંકી દેવાના અવળા ધંધા શા માટે કરે છે ? તને જે દુઃખો છે તે અસહિષ્ણુતા, વિષયાધીનતા વગેરે દોષોની સતામણીરૂપ દુઃખો છે. તને કાંઈ રોગાદિકના દુઃખો જણાતા નથી.

વળી વર્તમાનકાળમાં તો ગૃહસ્થ શ્રાવકોને સાધુ પ્રત્યે એટલો બધો આદર વધી ગયો છે કે તેથી તેઓ આંખ મીંચીને સાધુની બેસુમાર ભક્તિ કરે છે. વૈજ્ઞાનિક સગવડોથી રસ્તાઓ, મકાનો વગેરે એવા સગવડતાભર્યા બની ગયા છે કે ભૂતકાળની જેમ તને કાંટા વાગતા નથી, ઉપાશ્રયોમાં (ચંદનબાળાજીની જેમ) સાપ વગેરે - અરે, વાંદો પણ નીકળતા નથી. જો કે આ બધી અનુકૂળતાના લંપટ બનવું તે સાધુપણું ન કહેવાય. સાધુ તો પ્રતિકૂળતાનો જ અર્થી હોય, છતાં ગૃહસ્થોની અતિ ભક્તિએ

અનુકૂળતાઓના ઢગલાં કરી દીધા છે. હાય, આમ છતાં તારી ઉપર આવી પડતી નાનકડી પ્રતિકૂળતાઓમાં ઓલા મેઘમુનિની જેમ કે અરણિક મુનિની જેમ તું બેબાકળો બની ગયો ! આ બહુ ખોટું કર્યું.

તારી જે કાંઈ પણ પ્રતિકૂળતા હશે એનાથી હજારગણી વધુ પ્રતિકૂળતાઓ ગૃહસ્થોના જીવનમાં છે. 'કાકા કહીને' તેમને તે બધી પ્રતિકૂળતાઓ વેઠવી જ પડે છે. તેમને જે કામધંધો છે, અર્થોપાર્જન કરવાનું છે, કુટુંબનો નિભાવ કરવાનો છે, માંદગી, શિક્ષણ, લગ્ન, પ્રવાસ વગેરેના ખર્ચાઓ કાઢવાના હોય છે તેમાં તેમનો નાકે દમ આવી જતો હોય છે. એ બધી ચિંતાઓને લીધે અકાળે માથાના વાળ ધોળા થતાં હોય છે. અકાળે ઘડપણ ડોકાં દેવા લાગે છે. ભરજુવાનવયમાં નિરુત્સાહિતા આવી જતી હોય છે. જીવન જીવવાનું અકારું થઈ પડે છે.

સહરાના રણમાં ભાર વેંઢારતા-હાંફી જતાં-ઊંટ કરતાં ય ભૂંડી હાલતમાં ગૃહસ્થો માંડેલા સંસારનો ભાર વેંઢારતા હોય છે.

કોઈ જબરા ભોગસુખ માણવા મળશે એવી કલ્પનાથી સપ્તપદીના ફેરા ફરનારા લાખો સ્ત્રી-પુરુષોના જીવનગુલાબ પાંચેક વર્ષમાં કરમાઈ જાય છે. કામાનંદ ક્યાંય સુકાઈ જાય છે. જીવન જીવવું અકારું થઈ પડે છે.

સૌથી ચિંતાજનક વાત તો તે લોકોના ચારિત્ર

મોહનીય કર્મના ઉદયની વાત છે. તેના કારણે જ તેઓ ગૃહસ્થજીવનમાં ઝીંકાયા. તેના કારણે જ તેઓ કામ, ક્રોધાદિ દોષોના કલણોમાં ખૂંપી ગયા.

ચારિત્ર મોહનીય કર્મનો હ્રાસ કરવાની વાત તો દૂર રહી પણ નવું તે કર્મ ચિક્કાર બાંધતા રહ્યા. આ કર્મથી રોગાદિ દુઃખો ન જાગે પણ એને ક્યાંય ટપી જાય તેવા દોષોની પીડાના દુઃખો ઊભા થઈ જાય.

કામવાસનાની સતામણી કાતીલ હોય, ક્રોધની ચિનગારી જ્વાળાઓ બનીને આખા ઘરને ભરડામાં લેતી હોય, ખાવાની લાલસાઓ શરીરને રોગોથી લથપથ કરતી હોય, પૈસાની રામાયણ આખા ઘરમાં મહાભારતનું-અવિરત ચાલ્યા કરતું-યુદ્ધ ભડકાવી રાખતી હોય, ચિત્તની પુષ્કળ ચિંતાઓ રોગો (ડીપ્રેશન, ફસ્ટ્રેશન, શૂન્ય મનસ્કતા, આત્મહત્યાની સતત ઈચ્છા) વગેરે પેદા કરતી હોય. હાય, આમાં સુખ ક્યાં રહ્યું ?

(૧૮) ઓ શ્રમણ ! સુખ તો શ્રમણજીવનમાં છે જયાં સાચો શ્રમણ મોહનીયાદિ કર્મોનો નવો બંધ કરતો નથી અને ભૂતપૂર્વ તે કર્મોનો તપ, સંયમ, સ્વાધ્યાય વગેરેની ધૂમ મચાવીને કચ્ચરઘાણ બોલાવતો હોય. આ રીતે દોષોના ઉપશમનો અપૂર્વ આનંદ તે અનુભવે. રોગાદિ થાય તો તેની અશાતા તો તેને કર્મક્ષયમાં ઉપકારક બનતી હોવાથી તે વખતે તે દુઃખી ન હોય : ખૂબ આનંદિત હોય.

શ્રમણ ! આનાથી બધું વિપરીત ગૃહસ્થજીવનમાં બને છે. ગૃહસ્થો રોગાદિના દુઃખોથી અને દોષોની પીડાથી દુઃખી થયા કરે છે. આર્ત્તધ્યાનથી માંડીને રૌદ્રધ્યાન સુધી પહોંચી જઈને દુઃખમય પરલોક (નારકાદિ ગતિ)ની તૈયારી કરે છે.

બહુ સીધું-સાદું ગણિત તું સમજી લે કે અશુભ કર્મો કરવાથી અશુભ કર્મોનો બંધ થાય છે. એનો ઉદય થતાં તીવ્રતમ પ્રકારના દુઃખો ઉદયમાં આવે છે. આ દુઃખોને સમતાથી સહન કરવાની તૈયારી ભાગ્યે જ કોઈ ગૃહસ્થની હોય છે. હા, સાચા શ્રમણો એ દુઃખોને પૂરી સમતાથી સહીને તેના કર્મોદયને ક્ષીણ કરી નાંખે છે. કાં તપાદિ કરીને તે કર્મોનો તપ વગેરેના શૌર્યથી અબાધાકાળ દરમ્યાન નાશ કરી નાંખે છે અને જો તે કર્મો ઉદયકાળમાં (બાધાકાળમાં) પ્રવેશી જાય તો પૂરી સમતા(સમાધિ)થી સહન કરીને તેમનો ભોગવટો કરવા રૂપે નાશ કરી નાંખે છે.

ભલા ! આ સમજ શ્રમણોને જ ગુરુકૃપા અને જ્ઞાનદશા પ્રાપ્ત થયા બાદ પ્રાપ્ત થાય છે. તું ઘરે જવાના વિચારો કરે છે પણ તેમ કરવાથી કર્મક્ષય અને દુઃખક્ષય થઈ શકે તેમ નથી. ઊલટું, ઘરે જઈને તારો દોષ જોરમાં આવશે (કંડરિકની જેમ), તારું દુઃખ વધી પડશે (બ્રહ્મદત્ત ચક્રીની જેમ) તો તું ઉભયલોકમાં અત્યન્ત દુઃખી થઈશ. તે બે ય આ લોકે ક્રોધાન્ધ બની ગયા હતા, પરભવે સાતમી

નારક ભેગા થઈ ગયા હતા.

જો તને આટલી જ નાનકડી વાત સમજાઈ જાય કે, 'દુઃખ અશુભ કર્મોદયથી આવે છે. દુઃખ ન સહાતું હોય તો તે કર્મનો ક્ષય કરી દેવો પડે. આ માટે સાધુજીવન જ શ્રેષ્ઠ છે. ગૃહસ્થજીવન તો વિપરીત છે.' તો તું સુખી થવાની બુદ્ધિવાળો ગૃહસ્થ બને જ નહિ. પછી તો તું મુનિ-જીવનમાં જ-મેઘમુનિની જેમ-પૂરી દઢતા સાથે સ્થિર થઈ જાય.

જેને પરલોકના અનંતગુણ દુઃખો નજરમાં છે તે આત્મા શ્રમણજીવનના ત્યાગનું તો શું ? પણ શ્રમણ-જીવનમાં રહીને શિથીલતાનું જીવન પણ જીવી શકતો નથી : ધ્રૂજી ઊઠે છે.

મુનિજીવનની ઉત્સાહિતા, કર્મક્ષયકારિતા, સફળતા એટલી વધુ થાય જેટલી પરલોકદષ્ટિ ધારદાર હોય, જેટલી પરમલોકની પ્રીતિ કાબીલેદાદ હોય.

શ્રમણ ! તું આ દષ્ટિઓ ખોઈ બેઠો છે તેનું જ આ પરિણામ છે. બાકી દુઃખભીરૂ તો પાપભીરૂ બની જ જાય. પાપભીરૂ જીવ પાપોથી ખદબદતા સંસારમાં સ્વપ્નમાં ય ડગ માંડે તો ચીસ પાડી ઊઠે.

ઓ, અભાગી જીવ ! તું સમજ, જરાક સમજ, સમજણના ઘરમાં પ્રવેશ કર, પછી તારી સાન ઠેકાણે આવી જશે.

અરે, મૂરખ ! એવું વિચારવું યોગ્ય તો ન ગણાય,

પણ 'જે પાણીએ મગ ચડે તે પાણીએ મગ ચડાવી દેવા'ના ન્યાયથી કહું છું કે તારા ભાવચારિત્રના અધ્યવસાય વિનાના વેષધારી ચારિત્રને પાળવામાં જે ખાવા-પીવાના જલસા છે, જે માન-પાન છે, જે ધંધા-નોકરી સંબંધિત નિશ્ચિંતતા છે, જે બોજરહિત જીવન છે તે સુખ તો શ્રીમંતાઈને વરેલા ગૃહસ્થોને મળતું નથી. આ દૃષ્ટિથી પણ તું સાધુવેષમાં રહી પડ. આથી તને સદ્ગુરુની સેવા કરવાથી, જીવદયાનું પાલન કરવાથી, આવશ્યકાદિ ક્રિયાઓ કરવા મળવાથી - કાળ પાકતાં - ચારિત્ર મોહનીય કર્મનો હ્રાસ થશે, સમ્યગ્દર્શનયુક્ત સાચું ચારિત્ર મળી જશે.

દુકાનમાં ભલે બાર માસમાં કોઈ ઘરાક આવ્યું ન હોય, પણ તો ય દુકાન ખુલ્લી રાખવી, કેમકે દુકાન ખુલ્લી રખાશે તો જ ઘરાક આવવાની શક્યતા રહેશે, લાગ પડે તો ઘરાકી જોરદાર ચાલશે. દુકાન બંધ કરવાથી તો કોઈ જ ફાયદો નથી.

આ રીતે સાધુવેષ પકડી રખાશે તો કાલે ભાવચારિત્રરૂપી ઘરાક આવી જશે, બેડો પાર થઈ જશે.

બાકી તો છેલ્લી વાત એ કરવી છે કે જો જીવનમાં ખૂબ શિથીલતા આવી હોય, મહાવ્રતોના છોડવાં ય મૂળમાંથી હચમચી ગયા હોય, અનાચારોનું સેવન થઈ ગયું હોય, હૈયાના પરિણામ નિષ્ઠુર બની ગયા હોય, ઉપરાંત સાધુત્વ પ્રત્યે આદર જ ન હોય, 'તેવો આદર

જાગે તો સારું' તેવી ભાવના પણ ન હોય તો મારે તને કહેવું છે કે તારે વિધિપૂર્વક સાધુવેષનો ત્યાગ કરી દેવો જોઈએ. દાંભિક સાધુ તરીકેનું નિષ્ઠુર જીવન જીવવામાં તો ઘણો દોષ છે. સાધુવેષ છોડવાથી સંભવિત શાસનહીલનાથી કે બેઆબરૂ થવાથી ગભરાવવાની જરૂર નથી. વસ્તુતઃ એવી બગડેલી કેરીઓ સારી કેરીને નહિ બગડવા દેવા માટે કરંડિયામાંથી બહાર ફેંકાઈ જાય તેમાં જ શ્રમણસંઘનું ગૌરવ છે : તેમાં જ શાસનપ્રભાવના છે.

એવા દંભી, શિથીલાચારી, મૂળવ્રતોની ખામીવાળા સાધુવેષધારીઓ જો સાધુવેષ છોડીને સાચા અર્થમાં શ્રાવક-જીવન શરૂ કરે, બારવ્રતધારી બનીને ઉત્તમ કક્ષાનો શ્રાવક બને તો પેલા માત્ર વેષધારી સાધુ કરતાં બેશક સારો છે.

જ્ઞાનીઓ કહે છે કે જેમ તેમ સાધુત્વને પાળતો આત્મા જો દેવલોકે જાય તો પહેલા દેવલોક સુધી જ જાય, જ્યારે વ્રતપાલક, શુદ્ધ પ્રાયશ્ચિત્તી શ્રાવક બારમા દેવલોકે જાય.

લીધેલી પ્રતિજ્ઞા નાની હોય કે મોટી હોય - જે હોય તે... પણ તેને બરોબર પાળનારો મહાન છે, એ ન્યાયે આ વાત કરવામાં આવી છે.

એટલે ઓ નિષ્ઠુર પરિણામી, આચારહીન, અપશ્ચાત્તાપી સાધુ ! તું સાચા અર્થમાં સાધુ (સંવિગ્ન) ન બની શકે તો મહાવ્રતશુદ્ધ એવો શિથીલ પણ સંવિગ્નપાક્ષિક સાધુવેષધારી સાધુ બન. આ સાધુ સાચા

સંવિગ્ન સાધુઓનો કટ્ટર પક્ષપાતી (શરૂના કાળના મરીચિમુનિની જેમ) હોવાથી સાચા સાધુની જેમ, દેશવિરતિધર સાચા શ્રાવકની જેમ નિશ્ચિત મોક્ષગામી છે.

જે મોક્ષયોગોનું પાલન ન થઈ શકે તેના પ્રતિ કટ્ટર પક્ષપાત રહેવો એ પણ બહુ મોટી વાત કહેવાય. પણ ઓ શ્રમણ ! જો તેવું તારા માટે શક્ય ન હોય તો તારે દંભી સાધુવેષનો ત્યાગ કરીને સાચા શ્રાવક બનવું પડે. તે પણ મોક્ષમાર્ગ છે.

પરન્તુ ગમે તેમ કરીને સાધુવેષ પકડી રાખવો - ખાસ કરીને બેઆબરૂ થવાના ભયથી અને સંસારનો બોજ ઉઠાવવા માટે જરૂરી સત્વ, સમજણ વગેરેના અભાવથી - તે બિલકુલ બરોબર ન કહેવાય. આવા વેષધારીઓને વેષમાં ટકી રહેવાની પ્રેરણા કરતી આ બે ચૂલિકાઓ નથી. જ્ઞાનીઓએ આવી ભૂમિકાવાળાને તો સ્પષ્ટ કહ્યું છે કે તેવા વેષધારીઓએ સુ-શ્રાદ્ધ : સારા શ્રાવક બની જવું જોઈએ, દંભ ભરેલું જીવન ન જ જીવવું જોઈએ.

જેઓ દંભી સાધુવેષ ધારણ કરીને સાધુવેષમાં ચીટકી રહ્યા છે : ખોટા, ખરાબ, ગંદા કામ કરી રહ્યા છે તેમના કરતાં ખુલ્લેઆમ-વિધિસર વેષત્યાગ કરીને સારા શ્રાવકનું જીવન જીવે છે તે લાખો ગુણ સારા છે. તેવા આત્માઓ સિદ્ધપુત્ર કે સારૂપિક પ્રકારના ગૃહસ્થ બને, પંડિત વગેરે બનીને સાધુઓને પઠન-પાઠન કરાવે તો તે

તેમનું ગૌરવ કહેવાય.

પેલા હાડકાંના હરામ, માલમલીદાના ખાનપાનમાં લંપટ, નારીઓના સુંવાળા સંગના કામુક, જિનવચનદ્રોહી, ગુરુદ્રોહી, સર્વથા સ્વચ્છંદી, નિશ્ચિત દુર્ગતિગામી સાધુવેષધારીઓનું તો મોં જોવું તે ય પાપ કહેવાય.

દસ આત્માઓને દીક્ષાદાન કરો અને એવા એક લંપટ સાધુનો વેષ ખેંચી લો તો ઘણું બધું પુણ્ય વેષ ખેંચવાથી બંધાય. છતી શક્તિએ જે શ્રાવકો 'આપણે શું ?' એમ કહીને એ સાધુવેષધારીને ચલાવી લે છે તે શ્રાવકો દુર્ગતિ-ગામી થાય છે.

ખેતરમાં અનાજની ફસલ મેળવવા કરતાં મોટું કામ નિંદામણ કરવાનું છે. તેની ઉપેક્ષા થાય તો ફસલનો પૂરો લાભ ન મળે.

હે શ્રમણ ! આ વાતની ચોખવટ હું એટલા માટે કરી લઉં છું કે ચૂલિકાની પ્રેરણાઓથી એવી કોઈ ગેરસમજ ન થઈ જાય કે ગમે તેવા હીનકક્ષાના સાધુઓને પણ સાધુવેષમાં ટકાવી રાખવા જોઈએ.

અષાઢાભૂતિ વગેરે સાધુઓએ શિથીલતા આવતાં વિધિવત્ ગુરુને રજોહરણ સોંપ્યું છે.

નિકાચિત કર્મોદયે નંદિષેણ મુનિને સાધુવેષ છોડવાની ફરજ પડી ત્યારેય તે અંતરથી અત્યન્ત જાગ્રત

રહ્યા હતા, બારે ય વર્ષ સંતપ્ત હતા, ખૂબ રડતા હતા, અનેક ગૃહસ્થોને પોતાના પતનનું રોતી આંખે વર્ણન કરતા, જેને જોઈને-સાંભળીને રોજ દસ આત્માઓ સંયમના પંથે ડગ માંડતા હતા.

## પ્રથમ ચૂલિકાના ૧૮ સ્થાનોને વિશદ કરતાં ૧૮ શ્લોકોનું વિવેચન

(૧) પૂર્વે જણાવાયેલા અઢાર સ્થાનો જાણ્યા પછી પણ જે સાધુવેષધારી આત્મા તેની ઉપેક્ષા કરે અને ઘરે જવા માટે આગ્રહી બને તો સમજવું કે એ જીવ મૂર્ખ છે, અર્થાત્ નાદાન છે, જે પોતાના હિતાહિતનો ભેદ કરી શકતો નથી.

આર્ય તેને કહેવાય જેની દૃષ્ટિ આ લોકથી આગળ વધીને મૃત્યુને પેલે પાર રહેલા પરલોક સુધી પહોંચે છે, જે પરલોકની સંભવિત દુઃખમયતાને નજરમાં લાવીને તેના કારણરૂપ પાપો કરતાં વર્તમાન લોકમાં ધ્રૂજી ઊઠે છે. આવી ધ્રૂજારી પ્રાપ્ત કરવા માટે નચિકેતા નામના બાળસાધુએ યમરાજની સાધના કરીને નારકની રૌદ્ર અને ભયાનક દુનિયા જોવાની માંગણી કરી હતી. યમરાજે તે દુનિયા બતાડતાં તે પાપકરણથી ધ્રૂજી ઊઠ્યો હતો, અત્યન્ત ઉત્કૃષ્ટ યોગી તરીકેની સાધના કરી શક્યો હતો.

સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, ''જો મને સો નચિકેતા મળે તો હું ભારતીય પ્રજાની કાયાપલટ કરી દઉં.''

આ દેશની પ્રજા પૂર્વે પાપ કરતી ન હતી, પાપ કરવું પડે તો તેને ગમતું ન હતું.

ઉત્તમ, મધ્યમ અને અધમ - ત્રણે ય કક્ષાના-લોકો પાપ ન કરતા.

ઉત્તમના સ્વભાવમાં જ પાપકરણ ન હતું. સીતા વગેરે ઉત્તમ આત્માઓ હતા.

મધ્યમ માણસને સ્વભાવમાં તો પાપસંજ્ઞા હતી પરન્તુ તો ય તે પાપ કરતો નહિ. તેને પાપ કરવાથી ઊભા થનારા પરલોકમાં દુર્ગતિના દુઃખો યાદ આવતાં ધ્રૂજારી છૂટી જતી હતી. સુલસ કસાઈનો દીકરો હતો પણ પરલોકના દુઃખભયથી તે તેના બાપ કાલસૌરિક કસાઈના ધંધે બેઠો ન હતો.

અધમ માણસ તે કહેવાય જે નાસ્તિક હોય, પરલોક વગેરેના અસ્તિત્વની તે હાંસી ઉડાવતો હોય, 'આ લોક મીઠા તો પરલોક કોણે દીઠા' એવી વાતો કરીને આ લોકમાં બધા જલસા કરતો હોય.

પણ આ અધમ આત્મા ય ધંધામાં અનીતિ, વિશ્વાસઘાત, ભેળસેળ વગેરે નહિ કરતો, લગ્નજીવનમાં પરસ્ત્રીગમનાદિ નહિ કરતો. આમ કરવામાં તેને બેઆબરૂ થવાની બીક બહુ લાગતી. તે પણ ધરમને માનતો નહિ પણ આબરૂને તો ખૂબ માનતો. બેઆબરૂ થવા કરતાં તે ઝેર પી લેવાનું પસંદ કરતો.

એ એવું જરૂર કહેતો કે, 'દેવું કરીને પણ જલસા કરો' (ऋणं कृत्वा घृतं पिबेत्) પણ તે એવું મનથી ય માનતો

નહિ કે 'ચોરી કે લૂંટફાટ કરીને પૈસા મેળવીને જલસા કરો.'

કેવી કમાલ છે આ દેશની પ્રજાની કે તેના અધમ કક્ષાના ગણાતા માણસો ય બેઆબરૂ થવાના ભયથી કોઈ પાપ કરતા નહિ. મધ્યમ કક્ષાના માણસો પરલોકે દુ:ખોના વાવાઝોડા ત્રાટકવાના ભયથી તેના બીજરૂપ પાપો કરતા નહિ.

હાય, તે સાધુને કેવો કહેવો કે જે અધમથી પણ અધમ કક્ષાનો છે, જે સાધુપણું ત્યાગી જવાનું - વ્રતભંગ કરવાનું-અતિ ભયાનક પાપ કરવા તૈયાર થાય છે, જેની પાસે પરલોક સુધી ખેંચાતી દૃષ્ટિ નથી, જો તેવી નજર છે તો જે અત્યન્ત નિષ્ઠુર છે, જેને દુ:ખો કેવી ભયાનક અને અસહ્ય વસ્તુ છે ? તેનું ભાન નથી.

પર ;લોકે ભૂંડનો ભવ લેવો એ તો ખૂબ ખરાબ છે પણ એક ;દિવસ માટેનો ભૂંડનો ભવ પણ અતિ અસહ્ય છે. મહાવ્ર:તભંગનું પાપ તો જીવને કેટલા ભવો સુધી ભૂંડ બનાવે ? નારકોમાં ઘાલી દે ?

એક જ વખત કામુક નજરે રૂક્મી રાણીએ પરદેશી રાજકુમાર તરફ જોયું, તેનું પ્રાયશ્ચિત્ત ન કર્યું, અરે, માયા કરીને બચાવ કર્યો તો સીધું એક લાખ ભવનું ભ્રમણ વધી પડ્યું.

એવું જ લક્ષ્મણા સાધ્વીનું થયું. એનો એક્યાસી

ચોવીસીના કાળ જેટલો સંસાર વધી ગયો.

મહાવ્રતોનો ભંગ કરવો એ તો આ પાપોથી અનંતગણું વધુ ભયાનક પાપ છે. તદ્દન નાદાન જીવ સિવાય આ વિચાર સ્વપ્નમાં ય આવી શકે તેમ નથી. ખરેખર તે આત્મા રબારી છે જેના હાથમાં અચાનક, અજાણપણે ચિંતામણિ રત્ન આવી પડ્યું છે !

એવી એક માનસિક બિમારી છે કે જેમાં દૂર હોય તે સારું લાગે, નજીકનું ન ગમે.

આવા બિમાર આત્માને ગૃહસ્થજીવનમાં સાધુધર્મ દૂર હતો એટલે તે તેને બહુ વહાલો લાગ્યો હતો, તેને પામવા માટે તે ઝૂરતો હતો, ખૂબ રડતો પણ હતો. પણ મનોબિમાર જીવ સાધુ થાય તો ગૃહસ્થજીવન તેનાથી દૂર થઈ જતાં પૂર્વોક્ત ન્યાયથી તે ખૂબ સારું લાગે. હવે તેને વિષયસુખો તરફ આકર્ષણ થાય, પ્રાપ્ત થયેલા મુનિજીવનના આધ્યાત્મિક સુખોમાં અરુચિ થઈ જાય.

બિચારો ! પૂર્વજન્મોની કેવી કર્મદશા લઈને આવ્યો કે તેને આ મનોબિમારી લાગુ થઈ.

વસ્તુતઃ બ્રહ્માનંદ શ્રેષ્ઠ આનંદ છે. કામાનંદ તો હલકી કક્ષાનો - ઝાંઝવાના જળ જેવો - સુખાભાસ છે. એ તો મીઠી ખૂજલી ખણવાનું ક્ષણિક સુખ છે. એનાથી તો રોગવૃદ્ધિનું દુઃખ વધતું જાય છે. હાય, ભગ્નપરિણામી સાધુને આ વાત જેટલી વહેલી સમજાય તેટલું સારું

કહેવાય, નહિ તો બિચારો ગમે તે પળે આપઘાત કરી નાંખશે : ભાવપ્રાણોને મારી નાંખશે.

સાંસારિક સુખો ભોગવવા માટે તેની સામગ્રીઓની જરૂર પડે. તે પામવા માટે પુણ્યની જરૂર પડે. તે પુણ્ય પુણ્યાનુબંધી હોવું જોઈએ, જેથી પુણ્યથી મળનારું સુખ આસક્તિ વગેરે દોષોથી સળગી ન ઊઠે.

ગૃહસ્થનો વેષ પહેરી લેવાથી સુખી થવાતું નથી. પુણ્ય ન હોય તો ચારે બાજુથી ધિક્કાર શરૂ થાય. પુણ્ય નબળું હોય તો સ્ત્રી વગેરે સાવ પ્રતિકૂળ પ્રાપ્ત થાય. તે બધું અનુકૂળ મળે તો ય જો પુણ્યાનુબંધ ન હોય તો અહંકાર, આસક્તિ, ઈર્ષ્યા, અતૃપ્તિ અને ક્રોધાદિ દોષો જાગી પડતાં મળેલું સુખ ખાવા ધાય, આપઘાત કરવા પ્રેરે, મન અસમાધિમાં પડે, ભારે ત્રાસ સાથે જીવન અચાનક પૂરું થાય !

શું કાંદો કાઢ્યો ? સાધુવેષનો ત્યાગ કરીને !

પૂર્વે જણાવાયું હતું કે સાધુવેષનો સ્વીકાર થતાંની સાથે જીવનું પુણ્ય એટલું બધું વધી જતું હોય છે કે ક્રોડપતિઓ તે સાધુને વંદન કરવા લાગે છે, આદર-સત્કાર કરે છે, ખાનપાનની અપૂર્વ ભક્તિ કરે છે.

હવે ઊંધી વાત કરું.

જેવો સાધુવેષ ત્યજાય છે કે તરત પુણ્ય પરવારી જાય છે. હવે ગૃહસ્થ-વેષે તે જાય તો ખરો, કોઈ ક્રોડપતિના

ઘરે ! તેનો તિરસ્કાર થાય, અપમાન થાય, કદાચ ધક્કા દઈને ઘરમાંથી કાઢી મુકાય, ઘરમાં પેસવા તો ન દેવાય પણ ડાઘીઆ કૂતરા તેને ભગાડવા માટે છોડી મુકાય.

ઓ શ્રમણ ! કહેવાય છે કે, ''અસલ કરતાં નકલનો ચળકાટ વધુ હોય છે. સંસારમાં તાત્કાલિક મળી જતાં સુખ કરતાં, ધર્મ કરીને દીર્ઘકાળે મળતું સુખ એકદમ ઊંચી ગુણવત્તા ધરાવતું હોય છે.'' આ વાત તદ્દન સાચી છે.

જ્ઞાનીઓએ ભોગસુખને આપાતરમ્ય કહ્યું છે, યોગસુખને પરિણામરમ્ય કહ્યું છે. વિરતિ નામની પત્નીને નિર્મલાંગી કહી છે. સંસારની નારીને મળથી ભરપૂર કાયાવાળી કહી છે. જે મૂરખ સાધુએ વિરતિને અશુદ્ધિના મળથી ખરડી નાંખી તે કેવો પામર સાધુ કહેવાય !

(૨) જે સાધુ સંયમધર્મથી પડ્યો તે ઈન્દ્રથી ય ભૂંડો છે જે ઈન્દ્ર તેના સિંહાસનેથી નીચે ગબડી ગયો છે.

નરેન્દ્રો અને દેવેન્દ્રો પણ જેના ચરણોમાં શિર ઝુકાવે તે સાધુ સંયમભ્રષ્ટ થઈને ભોગસુખને ઈચ્છે તે ભૂંડ જેવો છે જે વિષ્ઠાને ચાટે છે. રે ! તે ભૂંડ તો દયાપાત્ર છે જે બુદ્ધિહીન પશુ છે. આ સાધુ તો વેષ ધારણ કરવા માત્રથી વિશ્વવંદ્ય બની ગયો. તે જયારે 'ભૂંડ' બને ત્યારે તેને ક્યા શબ્દોથી ધિક્કારવો ?

હું ખાતરીથી કહું છું કે ગૃહસ્થ બની ગયા બાદ આ આત્મા અત્યન્ત પસ્તાશે. જો નહિ પસ્તાય તો હું કહું કે તે

અભવી હશે કે તેનો ભાઈ દૂરભવી હશે.

જ્યાં કોઈનું ચાલતું નથી તે નિકાચિત કર્મોદયે નંદિષેણ મુનિ પતન પામ્યા : વેશ્યાને ઘેર જઈને બેઠા પણ તેના પશ્ચાત્તાપનો કોઈ આરોવારો ન હતો. મૂકી દીધેલા રજોહરણને તે નિત્ય વંદના કરતા. તે વખતે ઢગલાબંધ આંસુ સારતા. ભાણે જમવા બેસતાં પણ કોળીઓ હાથમાં રહી જતો, મોંમાં મૂકી ન શકતા. આઘાતથી અત્યન્ત પીડાતા. કામલતા ગણિકા તેને ખૂબ આશ્વાસન દેતી ત્યારે માંડ જમવાનું શરૂ કરતા.

આવી દયાર્દ્ર હાલતને જોઈને જ કોઈ શ્રોતા તેને પૂછવાની હિંમત કરી ન શકતો કે, ''નંદિષેણ ! તમે અમને સંસાર ત્યાગવાનો બોધ આપો છો તો તમે કેમ સંસારત્યાગ કરતા નથી ?''

જ્ઞાનીઓ કહે છે કે જેને પાપનો તીવ્ર પશ્ચાત્તાપ છે તે આત્મા પાપ કરવા છતાં પાપી ન કહેવાય : તેની દુર્ગતિ ન થાય.

નંદિષેણની જેમ જો કોઈ શિથીલભાવને પામેલો સાધુ સાધુવેષમાં રહીને કે સાધુવેષ છોડીને તીવ્ર પશ્ચાત્તાપ કરતો હોય તો તેને ચૂલિકા-બોધ દેવાની જરૂર ન પણ પડે. પશ્ચાત્તાપની જ્વાળાઓમાં તેની દુષ્ટ બુદ્ધિ બળીને સાફ થઈ જાય, પછી પુનઃ સંયમજીવનમાં સ્થિર થઈ જાય.

કલાપીએ કહ્યું છે :

હા પસ્તાવો, વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

ઓ શ્રમણ ! મને લાગે છે કે તું અંતરથી નિષ્ઠુર બનીને ગૃહપ્રવેશ કરવા તૈયાર થયો છે. તારી નિષ્ઠુરતા તને સાચું સમજવા દેતી નથી. ઉન્માર્ગનો ત્યાગ કરવાની તને પ્રેરણા થતી નથી. તને જે સાધુત્વ મળ્યું છે તે બેતાજ બાદશાહ તરીકેનું જીવન મળ્યું છે. તું જેવો ગૃહસ્થ બનીશ કે તારી કિંમત કોડીની થઈ જશે.

ગૃહસ્થના કપડાં પહેરી લેતાં દિયર કંડરિકને તેની ભાભીઓ તો ભાંડતી હતી પણ રસોઈયા વગેરે નોકરો ય તિરસ્કારતા હતા. વૈદ્યો પણ દવા કરવા માટે મજબૂર બની ગયા હતા.

આથી ખૂબ ઉશ્કેરાયેલા પતિત કંડરિકે પોતે આરોગ્ય પ્રાપ્ત કરી લે પછી ફાંસીએ ચડાવી દેવાની ધમકી આપી હતી પણ તો ય એના તરફ લગીરે સદ્ભાવ કોઈને થયો ન હતો.

બિચારા કંડરિકની ભાવિની કલ્પનાઓ કલાકોમાં જ ધૂળધાણી થઈ હતી. બે જ દિ'ના પતિત-પર્યાયથી તે સાતમી નારકભેગો થઈ ગયો હતો.

નંદિષેણ અને કંડરિકના પતિતભાવમાં આ રીતે આસમાન-જમીનનું અંતર હતું.

જ્ઞાનીઓએ કહ્યું છે કે જે સાધુવેષથી ભ્રષ્ટ થયો હોવા છતાં તીવ્ર પશ્ચાત્તાપના આંતર-પરિણામોથી સાબૂત છે તેને અમે પતિત, ભ્રષ્ટ, પાપી કહેતા નથી. હા, જેની આંતર-પરિણતિ ખતમ થઈ તેને જ-વેષ મૂકે કે ન મૂકે-અમે ભ્રષ્ટ કહીએ છીએ.

સાધુવેષનો ત્યાગ કરનારા ગૃહસ્થ આત્માઓ કે હજી સાધુવેષ કદી નહિ સ્વીકારેલા ગૃહસ્થ આત્માઓ ભરતચક્રી વગેરેની જેમ વીતરાગદશાને પામી શકશે, પણ આંતર-પરિણતિ (મુખ્યત્વે પશ્ચાત્તાપની પરિણતિ)થી ભ્રષ્ટ થયેલો સાધુ કે ગૃહસ્થ કદી વીતરાગદશા પામી શકશે નહિ.

(૩-૪-૫-૬) ઓ શ્રમણ ! તું સાધુવેષમાં દેવતાની જેમ વંદન પામેલો, રાજાની જેમ પૂજા પામેલો અને શેઠની જેમ સન્માન પામેલો છે. જેવો તું આ સ્થાનેથી ભ્રષ્ટ થઈશ એટલે ડગલે ને પગલે સ્થાનભ્રષ્ટ થતાં રાજા વગેરેની જેમ લોકોથી આંગળીચીંધણું કરાતો, સર્વત્ર અપમાનિત થતો, હટ્ હટ્ થતો તું તને લાગીશ. અર્થાત્ તને સતત એવા વિચારો આવશે કે લોકો મને તિરસ્કારી રહ્યા છે. આ માનસિક સંતાપથી તું ખૂબ હેરાન થઈ જઈશ. તારા સ્વજનો કે પરજનો તને કદાચ ખાવા-પીવાનું દેશે, બોલાવશે કે બેસાડશે પણ તે બધું તને સ્નેહવિહીન દેખાશે : નિષ્પ્રાણ જણાશે. એથી તને જીવવું અકારું થઈ પડશે અથવા પુનઃ દીક્ષા લેવાનું મન થશે.

તું ભલે વિષયાસક્તિના નશામાં ગૃહસ્થ બનવા ઈચ્છતો હોય પણ પછીથી તો ખૂબ પસ્તાઈશ. માંસની લાલચે બડિશને મોંમાં લેનાર માછલી તાળવે ખીલો ઠોકાઈ જતાં કેવી પસ્તાય છે !

પણ સબૂર ! તું શી રીતે પુનઃ દીક્ષા લઈશ ?

પતિત એવા તને કદાચ ભોગોથી અને અપમાનભર્યા સંસારથી સાચા અર્થમાં તીવ્ર વિરાગ થાય તો ય તને પુનઃ દીક્ષા શેં અપાશે ?

જે પતિતે ગૃહસ્થ બનીને કંડરિકની જેમ અકરાંતીઆની પેઠે કામસુખ પુષ્કળ ભોગવ્યું હોય, તેથી જેનું શારીરિક બળ ક્ષીણ થઈ ગયું હોય, વળી કુટુંબીજનો-બા-બાપુજી, ભાઈ, દીકરો વગેરે-થી તું પુષ્કળ અપમાનિત બનીને મનથી પણ સાવ નબળો પડી ગયો હોય, આઘાતોથી પીડાતો હોય ત્યારે તને શી રીતે દીક્ષા આપી શકાશે ?

દીક્ષા માટે તન નીરોગી હોવું જરૂરી છે, મન નિર્મળ, પ્રસન્ન અને સત્વશાળી હોવું જરૂરી છે. તું અકાળે ઘરડો બની ગયો હોય, ઇન્દ્રિયો સાવ શિથીલ થઈ ગઈ હોય, ગાત્રો ઢીલાંઘેંસ થઈ ગયા હોય એવો તું ત્રિકાળમાં દીક્ષા માટે 'નાલાયક' બની જાય.

હવે તો તારે જંગલમાં રખડતા પદભ્રષ્ટ રાજાની જેમ કે કુટુંબથી નિર્વાસિત કરાયેલા વડીલની જેમ કૂતરાથી

૫ ભૂંડું જીવન જીવ્યા વિના છૂટકો નહિ રહે.

માટે ઓ શ્રમણ ! તું ડાહ્યો થા. આ કલ્યાણમિત્રની હિતશિક્ષાને સ્વીકાર અને સંયમધર્મમાં પુનઃ સ્થિર થા. સેવાયેલા સકળ દોષોનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત સ્વીકારીને નવી દીક્ષા પામ : જીર્ણોદ્ધાર પામ.

અવળી બધી સવળી થઈ જશે.

બીગડી બધી સુધરી જશે.

વાલીયો વાલ્મિકી બની જશે.

મરીચિ મહાવીર બની જશે.

(૭) ઓ શ્રમણ ! તું પેલા હાથીની વાત જાણે છે ? તેને ઝડપી લેવાનું કામ અતિ મુશ્કેલ છે. એટલે તેના શિકારીઓ કીમિયો કરે છે. હાથણીનું અદ્‌ભુત-ફુલ સાઈઝનું ચિત્ર ઝાડ ઉપર બાંધે છે. તેની સામે આખો હાથી ખાડામાં ઊતરી જાય તેવડો મોટો ખાડો કરે છે. ઉપર ઉપરના ભાગે લાકડાં અને ઘાસ ઠાંસે છે. વાસના જાગતાં હાથણીને ભેટવા હાથી ધસી આવે છે.ખાડામાં સોંસરો ઊતરી જાય છે. આ રીતે શિકારી હાથીને કબજે લે છે. પછી તેની પાસે ભાર ઊંચકવાદિક સખત કામો કરાવે, તે સાવ ઢીલોધેંસ થઈ જાય તેટલું કામ કરાવે. આ સ્થિતિમાં હાથી સાવ દૂબળો પડે, તેનું સત્વ ખતમ થાય, તેનો ઉન્માદ શમી જાય, તેનું યૌવન અકાળે કરમાઈ જાય.

બરોબર આવી હાલત ઘરભેગા થયેલા શ્રમણની

થાય. એનો બધો કસ સ્વજનો કાઢી લે. રસની કેરી ઘોળીને જેમ નીચોવી લેવાય તેવી હાલત શ્રમણની થાય.

બિચારો, 'નહિ ઘરનો નહિ ઘાટનો' એવી કૂતરા જેવી દશા થાય.

હાય, એનો આ ભવ બગડ્યો.

પરભવ બગડ્યો.

ભવોભવ બગડ્યા.

કલ્યાણમિત્ર વિના તેને કોણ માર્ગસ્થ કરે ? સ્થિર કરે ? ઉત્સાહિત કરે ?

ક્યાં રાજાધિરાજ શ્રમણ ?

ક્યાં કુટુંબીજનોનો ગુલામ બનેલો શ્રમણ ?

હવે પસ્તાયે પણ શું થાય ?

(૮) ઓ શ્રમણ ! તને પેલા નદીપાર કરતાં ફસડાઈ પડેલાં હાથીની વાતની ખબર છે ? નદીના સામા કિનારે તેણે વિવિધ ફળોથી લચી પડેલી વાડી જોઈ. તેનું મન લલચાઈ ગયું. તેણે નદીના વહી જતાં પાણીના પટમાં ઝંપલાવ્યું. જેમ આગળ વધતો ગયો તેમ તેના પગ ઊંડા કાદવમાં ફસાવવા લાગ્યા. મધ્યભાગ સુધી પહોંચતા તો તેના પગ નદીમાં પૂરા ખૂંપી ગયા ! હવે તે આ પાર કે પેલે પાર ક્યાંય જઈ શકે તેમ રહ્યું નહિ. તેને મોત દેખાવવા લાગ્યું. સામે પાર રહેલી ફળોની વાડીને તે જોયા કરે છે પણ હવે ત્યાં પહોંચાય તેવી કોઈ શક્યતા ન રહેવાથી

તેની આંખોમાંથી દુઃખના આંસુની ધાર ચાલી જાય છે !

હા, ભૂલ થયાનું ભાન થઈ ગયું છે.

સાચા સુખનો રસ્તો જણાઈ ગયો છે. પણ કાશ ! હવે કશું થઈ શકે તેમ નથી, સિવાય રિબાઈને મોત.

શ્રમણ ! તું હાથી જેવી હાલતમાં હાથે કરીને ફસાવવાની તૈયારીમાં પડ્યો લાગે છે.

તું મોતના પારખાં કર મા. હજી કાંઈ બગડ્યું નથી. તરણતારણહાર અરિહંતદેવોએ ચીંધ્યા સર્વવિરતિના માર્ગે પુનઃ સ્થિર થા. હજી તેં વેષ છોડ્યો નથી, ઓઘો મૂક્યો નથી એટલે બધી બાજી હાથમાં છે. એક ક્ષણ માટે પણ તું ઓઘો દૂર મુકીશ કે તારા બારે વહાણ ડૂબી જશે. બીજી ક્ષણે પશ્ચાત્તાપ થાય તો ફરીથી સાધુવેષ લેતાં તારો બધો દીક્ષાપર્યાય કપાઈ જશે.

ઓ ભઈલા ! આવો દેવાળું ફૂંકવાનો ધંધો મત કર.

(૯) શ્રમણ ! તારા ભવ્યતમ ભાવિની તને વાત કરું. એથી તું ઉત્સાહિત થાય અને સંયમધર્મમાં સ્થિર થાય તો મારો આનંદ આસમાનને અડી જાય.

જો તું પ્રાયશ્ચિત્ત કરીને સાચો સાધુ બની જાય અને પુનઃ તત્વત્રયીની આરાધનામાં લીન બની જાય, સાધુ-પર્યાયમાં સ્થિર થઈ જાય તો તારા ગુરુદેવ તને ગણિ, પંન્યાસ, ઉપાધ્યાયપદે ક્રમશઃ આરૂઢ કરે. છેલ્લે તને આચાર્યપદે બેસાડે. અહા ! મન્ત્રાધિરાજ શ્રીનવકારના

ત્રીજા પદે તું આવી જાય ! કેટલું મોટું તારું સૌભાગ્ય !

નકરું દ્રવ્ય ચારિત્ર લેનારો, જૈન વાદીઓને હરાવવા માટે જ જૈન દીક્ષા લઈને આગમોનો અભ્યાસ કરવાવાળો ગોવિંદમુનિ ચારિત્રના પરિણામથી શૂન્ય હતો પણ જ્યારે તેનામાં અચાનક પરિવર્તન આવ્યું, પોતાની ભૂલનું બરોબર ભાન થયું, ઘોર પશ્ચાત્તાપ સાથે ગુરુને બધી વાત કરી ત્યારે તેની ખીલી ઊઠેલી પાત્રતાને જોઈને તેને પ્રાયશ્ચિત્ત દેવા સાથે સીધો આચાર્યપદે આરૂઢ કરી દીધો !

શ્રમણ ! આવું બધું આ જીવનમાં બને. સાધુવેષ છોડીને સંસારે ડગ માંડી દઈને લગ્ન કરનારા આત્માઓ સાચા ભાવથી દીક્ષિત થઈને આચાર્યપદ સુધી પહોંચી શક્યા છે.

ભઈલા ! આ તો સાપ-સીડીની રમત છે. ઠેઠ ઊંચે જઈને સાવ નીચે પટકાઈ જવાય. ફરી પાસાં પોબાર પડે તો સો ના આંકડે પહોંચીને જયજયકાર મચાવાય.

ભલે તારા ચિત્તપરિણામો કલુષિત થયા, ભલે ભ્રષ્ટ થયા છતાં જો ઘરે ગયેલાઓ મોક્ષ પામ્યા છે તો તારી બાજી તો ઘણી હાથમાં છે. તેં વેષ છોડ્યો નથી. દોષોની શુદ્ધ આલોચના કરીને પુનઃ સાચો શ્રમણ બનવાનું કાર્ય તારા માટે અઘરું નથી.

તું જરાક ડાહ્યો થઈ જાય એટલી જ વાર છે.

તું ક્ષણભર કલ્પના કર કે તું આચાર્ય બન્યો છે,

સ્વપરહિતનો યજ્ઞ માંડીને બેઠો છે, હજારો આત્માઓનું હિત કરી રહ્યો છે, સેંકડો આત્માઓ તારા દીક્ષિત શિષ્યો બન્યા છે, હજારો આત્માઓ ધર્મ પામીને તારા ભક્ત બન્યા છે.

આ તારો આખો સંઘ તારા નેતૃત્વ હેઠળ મોક્ષતીર્થ તરફ આગળ વધી રહ્યો છે.

અહા ! આ કેવું અદ્ભુત ચિત્ર ! કેવું નેત્રદીપક ચિત્ર !

જો તું ગૃહસ્થ બનીશ તો આ નગાધિરાજનું આરોહણ તો દૂર રહ્યું પણ દુર્ગતિની અગાધ ખીણોમાં પટકાઈશ; જયાં લાખો વાર ભૂંડ બનીને વિષ્ઠા ખાઈશ, બિલાડી બનીને ઉંદરડા ખાઈશ અને કબૂતરોને ફાડી નાંખીશ, કૂતરો બનીને આખી રાત ભસ્યા કરીશ, ઊંટ બનીને અસહ્ય ભાર વેંઢારીશ, નારક બનીને પરમાધામીનો માર-અનવરત-ખાધા કરીશ, દેવ બનીને ભોગસુખે અત્યન્ત આસક્ત બનીશ, ઈર્ષ્યાથી સતત સળગ્યા કરીશ. મૃત્યુથી થતાં દેવીના વિરહસમયે છ-છ માસ સુધી લગાતાર ચોધાર આંસુથી રડ્યા કરીશ. અનાર્યદેશોમાં જન્મ લઈને કાચા અને કાચા સાપ ખાઈશ, હરણ વગેરેના શિકાર કરીશ, ક્રોધાદિ કષાયો કરીને ખૂનખરાબા કરીશ.

હાય, જિનશાસનનો વર્તમાનકાલીન શ્રમણ ! આટલું બધું અધઃપતન પામશે !!!

(૧૦) ઓ શ્રમણ ! સાધુવેષ ધારણ કરીને જે

આત્માઓ જિનાજ્ઞાઓના અણિશુદ્ધ પાલક હોય છે તેઓ બાર મહિનાના દીક્ષાપર્યાયમાં તો એટલી બધી શાતાને અનુભવે છે : પ્રતિકૂળતાઓ વચ્ચે એટલો બધો આનંદ અનુભવવા લાગે છે કે તેવી શાતા વગેરે અનુત્તરવાસી દેવલોકના દેવો પણ અનુભવી શકતા નથી. એ મુનિઓના આધ્યાત્મિક આનંદનું વર્ણન કરવા માટે કોશમાં શબ્દો જડે તેમ નથી.

આની વિરોધી બાજુમાં શિથીલાચારી, આજ્ઞા-ભંજક વેષધારી સાધુઓ આવે. એ લોકોનો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ન રહ્યો હોય એટલે એમની નજર સંસારાભિમુખ બને, વિષયગ્રસ્ત બને, મોહાધીન બને.

સમાજ, આબરૂ, ખાનદાની વગેરે કારણોસર તેઓ મનમાની રીતે વિષયભોગો ભોગવી ન શકે, રૂપવતી લલનાઓને જોઈને ભડક્યા કરે પણ તેમને સ્પર્શ પણ કરી ન શકે, વિવિધ મિષ્ટાન્નો ખાવાની પુષ્કળ આસક્તિ થવા છતાં તે બધું 'ઓર્ડર' દઈને ખાઈ ન શકે એટલે માનસિક રીતે અત્યન્ત ઉદ્વિગ્ન રહ્યા કરે. આ સ્થિતિમાં લોચ, વિહાર, ગુર્વાજ્ઞા, તપ, સ્વાધ્યાય વગેરે સંબંધિત જિનાજ્ઞાઓને ઉત્સાહિત બનીને પાળી ન શકે. ઊલટું, એ બધો ભાર પરાણે વેંઢારવો પડે.

આમ બે ય બાજુથી તે વેષધારી શ્રમણો અતિશય હેરાન થઈ જાય.

પેલા મહામુનિઓ અનુત્તર-દેવથી પણ વધુ આનંદ અનુભવે.

આ ભાઈ, સાતમી નારકથી પણ વધુ ત્રાસ (માનસિક) અનુભવે.

શ્રમણપણાના અસાંયોગિક : નિરૂપાધિક આનંદની અનુભૂતિ શિથીલ બિચારો શ્રમણ સ્વપ્ને ય ક્યાંથી માણી શકે !

શ્રમણ ! જો તને આ વાતો બરોબર સમજાતી હોય તો ગૃહસ્થ બનવાનું ઝેર હાથે કરીને પીશ નહિ. એના બદલે તું ફરીથી સંયમજીવનમાં સ્થિર થા. ઉપર ઉપરના કંડકસ્થાનો ઉપર ચડતો જા. તારા શ્રામણ્યને સફળ બનાવ.

તું સમજી રાખ કે હાલ તારો પનોતીનો કાળ ચાલતો હોવો જોઈએ જેથી તું પરિણામભંગ પામ્યો છે. પણ જો તું થોડાક સમય માટે ગૃહગમન મોકૂફ રાખીશ તો શુભ ગ્રહોનો યોગ થતાંની સાથે તારા પરિણામો શુભ બની જશે. તારી અશુભ વૃત્તિઓ શુભમાં પલટાઈ જશે.

આ બધું મુખ્યત્વે ગ્રહાદિકના શુભાશુભ ચારને આધીન હોય છે. પેલો ભવદેવ મુનિ આ વાતનું હૂબહૂ દૃષ્ટાન્ત છે.

નાગિલાનો સતત જપ કરતો કંત (ભવદેવ મુનિ) જિનશાસનનો ચૌદ પૂર્વધર સંત (જંબૂસ્વામી) બની ગયો. એ વખતે દેવલોકની અપ્સરાઓ જેવી આઠ પત્નીઓ પણ

તેને ડગાવી ન શકી.

કાળ ફરે એટલે બધું ફરે.

ભવદેવ જંબૂસ્વામી બને.

મરીચિ મહાવીરદેવ બને.

ભીમ છ માસનો ઉપવાસી સંત બને.

જયતાક ડાકૂ ગણધર ભગવંત બને.

(૧૧) હે શ્રમણ ! ગૃહસ્થજીવનમાં જેમ સુખ (સુખાભાસ) અને દુઃખ હોય છે તેવું મુનિજીવનમાં હોય છે.

જેમ સાધુઓ સાચા સાધુત્વને પાળતાં - પ્રતિકૂળતાઓને વેઠતાં છતાં-જિનાજ્ઞાનું ઉત્તમ પાલન થવાના કારણે ખૂબ આનંદમાં રહે છે તેમ સાધુજીવનના વિહાર, લોચ, તપશ્ચર્યા, ગુરુપારતન્ત્ર્ય વગેરે દુઃખોથી ત્રાસી ઊઠીને, ભોગસુખોની સામગ્રી-નારી વગેરે નહિ મળવાના બળાપાને લીધે અત્યન્ત કારમી મનોવેદના અનુભવતા હોય છે.

સાધુજીવનમાં જિનાજ્ઞાપાલન કરતાં જે કષ્ટ છે એ સ્વરૂપથી જ કષ્ટ છે પરન્તુ તેના અનુબંધમાં ઉત્તમ સદ્‌ગતિઓની અને અંતે મુક્તિની પ્રાપ્તિ છે તેની કલ્પનાથી પણ આનંદવિભોર બની જવાય છે.

સ્વરૂપે સુખ પણ જો અનુબંધમાં (ફળમાં) દુઃખ હોય તો તે સુખને સુખાભાસ કહેવાય. અનુબંધમાં સુખ હોય તો સ્વરૂપમાં દુઃખ પણ જ્ઞાનીઓને આનંદરૂપ બને છે. આ વાત

સંસારમાં ય સ્વીકારાઈ છે. ઢોરમજૂરીના દુઃખોને સહન કરનાર માણસને જો લાખો રૂપિયાની કમાણી થતી હોય તો તે દુઃખો તેને દુઃખસ્વરૂપ જણાતા નથી.

જ્ઞાનીઓએ ઉત્તરાધ્યયન સૂત્રમાં એલય અધ્યયનમાં એ વાત કરી છે કે કસાઈનો પાડો લીલા મજાના જવ તાંસળું ભરીને ખાતો હોય તો ય તે સુખી ન કહેવાય, કેમકે તેને તગડો બનાવીને છેવટે તો મહેમાનો આવતાં તેમના ભોજન માટે તેને કાપી નાંખવાનો છે.

આના કરતાં તેના ઘરની ગાય સુખી કહેવાય કે જેને સૂકું ઘાસ જ નીરવામાં આવે છે પણ પાડાની જેમ મારી નંખાતી નથી.

સંયમજીવનની વિહારાદિની કષ્ટમય ક્રિયાઓ પણ તેના વિશિષ્ટ પરિણામોની પ્રાપ્તિ થવાથી જરાય દુઃખરૂપ રહેતી નથી.

અરે, ખંધક મુનિ (ચામડી ઊતરડાતાં), સ્કંદક-સૂરિના ૫૦૦ શિષ્યો (ઘાણીમાં પીલાતાં), અગ્નિકાપુત્ર આચાર્ય (ત્રિશૂળથી વીંધાતા), કીર્તિપર અને સુકોશલ મુનિ (વાઘણથી ખવાતાં), ધર્મરૂચિ અણગાર (ઝેરી શાક આરોગતાં), મેતાર્ય મુનિ (વાધરથી મરતાં) ક્યાં દુઃખી થયા છે ? તેમણે તો આ દુઃખોને હર્ષભેર વધાવ્યા છે, કેમકે તે દુઃખો અનંત, અવ્યાબાધ સુખના દાતા હતા, જ્યાં સુધી તે ન મળે ત્યાં સુધી ઉત્તમ ગુણવત્તા (પુણ્યાનુબંધ)

ધરાવતાં પુણ્યના માલિક બનવાના હતા.

સંસારનું સુખ પણ (અતૃપ્તિ, વિનાશ વગેરે કારણોસર) દુઃખરૂપ છે.

સાધુજીવનનું દુઃખ પણ (દીર્ઘકાલીન સદ્ગતિઓનું પ્રાપક હોવાથી) સુખરૂપ છે.

ઓ શ્રમણ ! તું આ ગણિતને બરોબર સમજ.

હાલ તો તું અનુકૂળતાનો અર્થી બનીને સંયમયોગોના નિર્વાહમાં દુઃખી-ત્રાહિમામ્ પોકારી ગયો છે, પણ જો તું સમ્યગ્જ્ઞાનના ઘરમાં પ્રવેશ કરીશ તો એ જ દુઃખદ સ્થિતિ તારા માટે અપાર આનંદરૂપ બની જશે.

(૧૨) ઓ શ્રમણ ! તારા શૈથિલ્યભર્યા ચારિત્ર-જીવનમાં તને જયારે પણ હું જોઉં છું ત્યારે તારા મોં ઉપર જબરો ઉદ્વેગ દેખાય છે. દીક્ષા લેતી વખતનું તારું આત્મતેજ વિલાઈ ગયેલું જણાય છે. અંતરમાં તું સંતપ્ત હોય તેવું મોં ઉપર સ્પષ્ટ ભાસે છે.

કેવો તું પ્રચંડ તેજકિરણોથી તપતો અગ્નિ ! ચારે બાજુ તારી મસ્તીની જ્વાળાઓને લપકારતો !

હાય, આજે તો એ અગ્નિ સાવ બુઝાઈ ગયેલો, રાખમાં ધરબાઈ ગયેલો દેખાય છે !

અરે, આ શું થઈ ગયું ?

કેવો તું એક વખતનો વનનો રાજા કેસરી સિંહ ! મોહરાજરૂપી ગજેન્દ્રના ગંડસ્થળોને ચીરી નાંખવા સજ્જ

બનીને લાંબી છલાંગ ભરવા માટે બે પગ આગળ ખેંચીને પોઝીશન લેતો !

હાય, આજે જેના દાંત ખેંચીને કાઢી લેવાયા છે, જેને સાવ નબળો કરી દેવાયો છે તેવા બિમાર અને નિરાશ સિંહ જેવો કેમ દેખાય છે !

અરે, આ શું થઈ ગયું ?

ક્યાં ગઈ તારી ત્રાડ ?

ક્યાં ઢબુરાઈ ગઈ તારી છલાંગ ?

ભગવાન જિનેશ્વરદેવની આજ્ઞાઓના પાલનમાં શિથીલ બનીને તેં તારા ભાવપ્રાણોને હણી નાંખ્યાનું જ આ બધું પરિણામ જણાય છે.

ઓલા ઠંડા પડી ગયેલા અગ્નિની રાખ ઉપર તો ગામના ભૂલકાંઓ સંડાસ કરવા બેસી જાય, નિસ્તેજ બનેલા સિંહની ઉપર તો ઉંદરડા દોડવા લાગી જાય, કાગડા ચૂંથવા લાગી જાય, ગીધડાં એના દેહના માંસની મિજબાની ઉડાડવા લાગી જાય.

હાય, તારી હાલત પણ આવી જ દુર્બળ થઈ છે. સાધુજીવનની'ખાનપાનાદિ'ની શિથીલતાઓને લીધે તું બધેથી હટ્ હટ્ થઈ રહ્યો છે. તને 'ભાઈ !' કહીને બોલાવનાર, આંગણે સત્કારનાર, તારો ધર્મલાભ સ્વીકારનાર કોઈ રહ્યું નથી. સંસારી લોકો તને આંગળી કરીને પોતાના સ્નેહીજનોને કહે છે, ''જુઓ, આ પતિતને

! વિષયલમ્પટને! સાવચેત રહેજો એનાથી. એને બપોરના એકાન્તના સમયે ઘરમાં આવવા દેશો નહિ !

ઓ શ્રમણ ! તારા ઉત્તમ જીવનકાળમાં તને સહુ 'ભિક્ષુ' કહેતા. હવે તને 'ભિક્ષુક' (ભિખારી) કહે છે. તારું દર્શન, આગમન, આમન્ત્રણ હવે કોઈને ગમતું નથી !

હાય, તારો વર્તમાનભવ પણ તેં કેટલો બધો દુઃખી દુઃખી કરી મૂક્યો !

(૧૩-૧૪) શ્રમણ ! મેં તારા આલોકના જીવનની થતી ખાનાખરાબીનું વર્ણન કર્યું. હવે હું તને પરલોકે ચાલનારી દુર્ગતિઓની પરંપરાની વાત કરું.

જે આત્માનું દીર્ઘકાળ સુધી ભવભ્રમણ નિશ્ચિત હોય તેની આલોકમાં ગૃહસ્થ થવા જેટલી બુદ્ધિ ભ્રષ્ટ થતી નથી પણ ગૃહસ્થ થઈને ય તે જીવનમાં અનેક બાબતોમાં બુદ્ધિ ભ્રષ્ટ થતી જ રહે છે.

તે સ્ત્રીમાં કાં વિષયાન્ધ બને છે અને કષાયાન્ધ બનીને તેને ગાળો દે, મારપીટ કરે... શું ન કરે ?

તેને જે સંતાનો થાય તેમની સાથેનો સંબંધ પણ સંઘર્ષ અને સંક્લેશમય બની રહે છે. તેના ઘરના તમામ માણસો-બાળકો, પત્ની સુદ્ધાં-તેને 'પતિત' કહીને તિરસ્કારતા હોય છે.

આ બધું કરતાં ઘણા બધા અશુભ કર્મોનો બંધ થયા વિના રહેતો નથી. એનાથી પરલોકમાં દુઃખોના વાવાઝોડાં

ફુંકાય. તિર્યંચ, નારકની ગતિઓ ઉપરાછાપરી થાય. ક્યારેક અકામનિર્જરા થઈને માનવનું કે દેવનું જીવન મળી જાય તો ય તેમાં કોઈ સુખ નથી : સારાવાટ નથી.

જ્ઞાનીઓએ કેટલાક દેવોની દેવગતિને દેવલોકની દુર્ગતિ કહી છે. ત્યાં જે સુખો છે તે તમામ સદાની અતૃપ્ત વાસના અને ઈર્ષ્યાની આગમાં ખાખ થાય છે. વળી મૃત્યુ સમયે થતી દેવ-દેવીના વિરહની વેદના તો અતિ ભૂંડી હોય છે. એવા કોઈ યુગલનો ત્રાસ અન્ય દેવો જુએ તો તેમને હાર્ટ-ફેઈલ થઈ જાય તેવો ત્રાસ લાગે. જ્ઞાનીઓ કહે છે કે પ્રેક્ષક દેવોનું હૃદય બંધ પડી જતું નથી તેથી એમ લાગે છે કે તે હૃદય ગજવેલ (પોલાદ) નું બનેલું હોવું જોઈએ.

પોતાનાથી વધુ વૈભવ કોઈ દેવને મળ્યો હોય તો બીજો સમાનકક્ષ દેવ ઈર્ષ્યાથી સળગી જાય. એવી સ્થિતિમાં જો તે મરી જવાનું ઈચ્છે અને પાંચ તોલા સાચું ઝેર ક્યાંકથી લાવીને ખાઈ જાય તો ય બાપડો દેવ મરી શકતો નથી, કેમકે તેનું આવરદા નિરુપક્રમ હોય છે. હાય, હવે તો તેને આખું આયખું ઈર્ષ્યાની આગમાં જ શેકાયા કરવાનું ! કેવું ભયંકર દુર્ભાગ્ય !

અરે, એ ન મરે તો બીજે ક્યાંક રહેવા તો જઈ શકે ને ? એથી દેખવા-દાઝવાનું તો ન રહે !

પણ ના, એ ય શક્ય નથી. જે રહેણાંક જન્મથી મળ્યું તે જ આજીવન રહે. ત્યાંથી બીજે જઈ શકાય નહિ.

આ દેવ-દેવીઓને વાસનાની અતૃપ્તિનો ત્રાસ અસહ્ય હોય છે. તેઓને 'વિજાતીય'થી તૃપ્તિ ન થાય તો વૈક્રિય લબ્ધિ દ્વારા પોતાના સજાતીય રૂપોને વિકુર્વે અને તેમની સાથે અવિરતપણે વાસના ભોગવ્યા જ કરે, ભોગવ્યા જ કરે.

હાય, આવા દેવલોકના જીવનના સુખને કાંઈ સુખ કહેવાય ? આ તો દુઃખનો ય બાપ છે.

તિર્યંચગતિના દુઃખો તો સાક્ષાત્ જોવા મળે છે. આ કારમા દુઃખોમાં જ નારક દેખાય તેવું છે. જો કે મનુષ્ય, તિર્યંચના ઉગ્રતમ દુઃખ કરતાં નારકના જીવનું સામાન્ય દુઃખ પણ તેનાથી અનંતગુણ હોય છે.

ઓ શ્રમણ ! તું સમજ. ડાહ્યો થા. ગૃહસ્થ બનીને આલોક, પરલોકના કાતીલ દુઃખોને યાદ કરીને તારા વિચારોનું વિસર્જન કરી દે.

હા, એક આશાસ્પદ વાત છે કે જો કોઈ સાધુ ગૃહસ્થ બની જાય પણ જો ત્યાં તેની બુદ્ધિ જાગ્રત રહે, નિર્મળ રહે, તેની પાસેથી વિરતિ ગઈ પણ સમ્યગ્દર્શન અબાધિત રીતે જળવાઈ રહે તો ગૃહસ્થજીવનની તેની પાપક્રિયાઓ 'પાપ' બનતી અટકી જાય.

પાપ કરવાથી દુર્ગતિ થાય.

માત્ર પાપક્રિયા કરવાથી દુર્ગતિ થતી નથી.

જેને પાપક્રિયાઓ આદરણીય, ઉપાદેય, સેવ્ય,

સારી લાગે છે તેની તે પાપક્રિયાઓ પાપ બને છે.

સમ્યગ્દર્શન આવું ખોટું થવા દેતું નથી. આથી પાપક્રિયાઓ કરવી પડે ત્યારે ય તે પાપી, દુર્ગતિગામી ગણાતો નથી.

પણ શ્રમણ ! આ કાર્ય બહુ કઠીન છે. કેરી ખાવાની પાપક્રિયા કરવી અને તે વખતે આમ કરવા બદલ આંખે આંસુ પાડવા તે કામ બહુ મુશ્કેલ છે. આના કરતાં કેરી ખાવી જ નહિ તે વધુ સરળ છે.

સંસારમાં રહીને તેને તિરસ્કારવો તે કરતાં તેનો ત્યાગ કરી દેવો સારો.

ત્યાગ કરતાં તિરસ્કાર અપેક્ષાએ અઘરો છે.

સંસારમાં રહેવું અને રમવું નહિ એ અઘરું કામ છે. એના કરતાં સંસારમાં રહેવું જ નહિ, જેથી સહજ રીતે રમાઈ જવાય નહિ એ પ્રક્રિયા સહેલી છે.

ટૂંકી વાત કે દુર્ગતિમાં (જિનધર્મ વિનાની ગતિમાં) જવાય નહિ અને દુઃખ આવે નહિ. એ માટે વર્તમાન જીવન ધર્મમય જીવવું જ જોઈએ.

ઓ શ્રમણ ! કેટલાક ગૃહસ્થો પણ સુંદર જીવન જીવતા હોય છે. તેમના જીવનને કોઈ ડાઘ લાગેલો હોતો નથી. તેમનો સ્વભાવ 'રૉયલ' હોય છે. તેમના હૈયે અબોલ પ્રાણીઓ અને દુઃખી માણસો પ્રત્યે ખૂબ કરૂણા હોય છે.

તેઓ સ્ત્રીલંપટ, ખાઉધરા, અનીતિખોર, અસભ્ય હોતા નથી. હાય, તું ગૃહસ્થ નથી, એનાથી ઘણો ચડિયાતો સાધુવેષધારી શ્રમણ છે. આમ છતાં તું કેવી ખરાબ હાલતમાં મુકાઈ ગયો છે. તારી મહાવીરની પછેડીને તેં કેટલા બધા ડાઘ લગાડી દીધા છે. હવે તું વેષત્યાગનું સૌથી મોટું પાપ કરવા તૈયાર થયો છે. તને ગૃહસ્થજીવનમાં ખૂબ સુખ જણાતું હશે પણ તેવું નથી. વળી વેષત્યાગનું મહાભયાનક પાપ કરેલા આત્માને ગૃહસ્થજીવનમાં સુખ મળે તે પ્રાયઃ સંભવિત નથી. કદાચ પરભવનું કોઈ પુણ્ય આડું આવી જાય તો ય પરલોક તો ક્ષણે ક્ષણે આંખેથી આંસુ પડાવે કે ચીસો પડાવે તેવો ભયંકર નિશ્ચિતપણે બનવાનો છે.

મનુષ્યભવમાં જે આત્મા જે સંસ્કારોને તૈયાર કરે-સારા કે નરસા-તે સંસ્કારો ભવોભવ દઢ થતા જાય છે. સારા સંસ્કારો સુંદર ભવોનું સર્જન કરે, કુસંસ્કારો પોતાને દઢ કરતાં જઈને ભવોની પરંપરા ભયંકર કરે.

મરીચિ તરીકેનો પરમાત્મા મહાવીરદેવનો જીવ આ વાતનું સચોટ દૃષ્ટાન્ત છે. એ ભવમાં દઢ કરેલા મિથ્યાત્વના-ત્રિદંડીપણાના-કુસંસ્કારો ભવોભવ તેને ત્રિદંડી બનાવતા ગયા. ના, તે ભાવિ પરમાત્મા મહાવીરદેવનો આત્મા હતો તો ય કેટલાક ભવો સુધી તે

સંસ્કારોની અધમતા જીવંત જ રહી.

શ્રમણ ! જો તું સુંદર શ્રામણ્યના સંસ્કારોને દૃઢ કરીશ તો ભવોભવ તને જૈનકુળ, જૈન ધર્મ, સુંદર શ્રામણ્ય પ્રાપ્ત થયા કરશે.

આના કરતાં વધુ સારી બીજી કઈ પ્રાપ્તિ હોઈ શકે ?

જો તું કુ-શ્રમણ બનીશ, ઉત્પ્રવ્રજિત થઈશ, ગૃહસ્થ બનીશ તો તારા હાથમાં જિનધર્માદિની પ્રાપ્તિ ખૂબ દુર્લભ બની જશે. એટલું જ નહિ પણ વ્રતભંગાદિના દોષો સેવીને ઉત્પન્ન કરેલાં ઘોર કર્મો તને દુર્ગતિઓમાં સતત ઝીંકતા રહેશે. જિનધર્મની પ્રાપ્તિ તો તારું દુઃસ્વપ્ન બની જશે. શ્રામણ્યપ્રાપ્તિ તો અસંખ્ય ભવો માટે અશક્ય બની જશે.

શ્રમણ ! ઓ શ્રમણ ! હજી સમજે તો કાંઈ બગડી ગયું નથી. બધી બાજી સવળી થઈ જવાની છે.

(૧૫) શ્રમણ ! હું તને 'નબળી' છતાં ઉપયોગી એક વાત કરું.

તું શ્રમણત્વથી ભડકી ગયો હોય તો ય વેષ ન છોડ. તને જે વાતોનું દુઃખ છે તે દુઃખ કાયમી નથી; અરે, કદાચ લાંબા ગાળા સુધી ચાલનારું પણ નથી. પલ્યોપમ કે સાગરોપમના સુદીર્ઘકાળ સુધી ચાલનારા નારકના દુઃખોનો પણ અન્ત આવે છે તો તારું ટૂંકા ગાળાનું સાધુવેષનું દુઃખ તો ક્યાં કાયમનું છે ? તું ધીરજ ધર, સંક્લેશમાં ન પડ.

વળી જ્યારે તું તારા કલ્પિત દુઃખથી ત્રાસીને વેષ

છોડવા તૈયાર થયો છે તો આ દુઃખના ખાડામાંથી નીકળવા છતાં ગૃહસ્થજીવનની અને પછી દુર્ગતિની ઊંડી ખાઈઓમાં પટકાઈ જવાનું કેમ કરે છે ? અહીં તો અપરંપાર દુઃખો છે.

દુઃખ તને ન ગમતું હોય, જો તેને મૂળથી ઊખેડી નાંખવું હોય, તારે સુખ જ જોઈતું હોય તો તું ધર્મ જ કર. સર્વવિરતિધર્મને જ ઉત્સાહિત બનીને સેવ અને ગૃહસ્થ બનવાનું પાપ ન જ કર.

સર્વ ધર્મો એક વાતે એકદમ સંમત છે કે પાપ કરવાથી દુઃખ આવે જ અને સુખ જોઈતું હોય તો ધર્મ કરવો જોઈએ. તેના વિના સુખ મળતું નથી. ભાઈ! તું તો સુખ દેનારા ધર્મને ત્યાગી રહ્યો છે અને દુઃખ દેનારા સંસારમાં ડગ માંડી રહ્યો છે. રે ! તો પછી દુઃખમુક્ત થવા માટે સંસારમાં ડગ માંડવાની તારી વાત કેટલી વાહિયાત છે.

સંસારમાં દુઃખી લોકો સુખી થવા માટે સાધુ થાય છે. તું તો ઊંધી વાત કરે છે !

જરાક ઊંડાણથી તને સુખ-દુઃખ અને ગુણ-દોષની વાત કરું.

આ સંસારમાં જે કોઈ દુઃખો છે તે બધા વિરાધક-ભાવોની પેદાશ છે. વિરાધકભાવ એટલે નિષ્ઠુરતા સાથે જીવે કરેલી રત્નત્રયી કે તત્ત્વત્રયીની ઘોરાતિઘોર આશાતના... તે ય પશ્ચાત્તાપ વગરની અને પ્રાયશ્ચિત્ત

વગરની...

આ છે; વિરાધકભાવ. જો આને આપણે ઉધઈની મહારાણી કહીએ તો તે જેને પેદા કરે છે તે દોષોને અને દુઃખોને ઉધઈ કહેવાય. કોઈ માણસ લાખો ઉધઈઓને મારે પણ તેની મહારાણીને ન મારે તો ફરીથી લાખો ઉધઈઓ પેદા થઈને જ રહેશે. એટલે આવી જાણકારી ધરાવતો માણસ ઉધઈઓને મારવાને બદલે મહારાણીને જ મારે.

પ્રસ્તુતમાં તે વિરાધકભાવને જ મારવો પડે કે જે અનંત દુઃખો અને અનંત દોષોને પેદા કરે છે.

વિરાધકભાવને ખતમ કરવાની શક્તિ માત્ર આરાધકભાવમાં છે.

વિરાધનાઓને આરાધનાઓ ખતમ કરી શકશે પણ વિરાધકભાવને તો આરાધકભાવ જ ખતમ કરી શકે.

ભાવનો મુકાબલો ભાવ કરી શકે.

આરાધકભાવ એટલે ભવભ્રમણમાં થયેલા મન, વચન, કાયાના યોગોના અગણિત પાપોને મરણતોલ ફટકો મારવાને સમર્થ શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત (ગીતાર્થ ગુરુની પાસેસ્તો).

સબૂર ! શુદ્ધ પ્રાયશ્ચિત્તના ભાવથી વિરાધકભાવ મરી નથી ગયો, માત્ર મરણતોલ હાલતમાં તરફડી રહ્યો છે. હજી ફરી જાગી પડવાની શક્યતા ખરી. તેમ થાય તો

ફરી પાછા દોષો ખડાં થઈ જાય.

દોષોને હવે ક્યારેય ખડાં થવા દેવા ન હોય, અકરણનિયમ સાધવો હોય તો વિરાધકભાવને જાનથી મારી નાંખવો જોઈએ. આ માટે અરિહંતાદિ ચાર તત્ત્વોનું શરણ લઈને સ્વદોષદર્શન કરીને સ્વદુષ્કૃતોની તીવ્ર પશ્ચાત્તાપ સાથે ગર્હા-નિંદા કરવી જોઈએ અને પરગુણ-દર્શન કરીને પર-સુકૃતોની હાર્દિક અનુમોદના વારંવાર કરવી જોઈએ. આમ થવાથી અકરણનિયમની સિદ્ધિ પ્રાપ્ત થાય.

ટૂંકમાં શુદ્ધતમ પ્રાયશ્ચિત્તથી વિરાધકભાવ મરણપથારીએ પટકાય.

તીવ્રતમ દુષ્કૃતગર્હા અને ઉચ્ચતમ સુકૃતાનુ-મોદના કરવાથી વિરાધકભાવ મૃત્યુ પામતાં અકરણ-નિયમની સિદ્ધિ મળે.

હવે મોક્ષને હાથવેંતનું છેટું રહે. કદાચ સાધુવેષ ધારણ કર્યા વિના જ ગુણસાગર કે ભરત ચક્રીની જેમ કૈવલ્યની સીધી પ્રાપ્તિ થઈ જાય.

ઓ શ્રમણ ! આ બધું જાણીને તું શ્રમણજીવનમાં સ્થિર થઈ જા. આ બધી આરાધનાઓ માટે સાધુવેષ અત્યન્ત આવશ્યક છે.

જો તું સિદ્ધશિલાના આત્યન્તિક સુખનો કામી હોય, તને કોઈ પ્રકારનું નાનું-મોટું દુઃખ સહાતું ન હોય તો અરણિક મુનિની જેમ ઉત્કૃષ્ટ શ્રામણ્યનો માલિક બનીને

કે ગજસુકુમાળ મુનિની જેમ દીક્ષા લઈને તરત મોક્ષ-ભાવની સાધના આરંભી દેવાની જેમ તું ઝટપટ ઉત્કૃષ્ટ સાધુત્વના ગગનમાં ઊડવા લાગ. દુ:ખો અને દોષોને અનંત કરવાની નક્કર તાકાત ધરાવતાં સંસારમાં પગલાં ભરવાની વાતની સદંતર માંડવાળ કર.

સારા અને સાચા સુખી થવા માટે સંસાર નકામો છે. સાધુવેષની આરાધનાઓ (જિનાજ્ઞાઓનું હાર્દિક બહુમાન) જ તેનો શ્રેષ્ઠ ઉપાય છે.

(૧૬) ઓ શ્રમણ ! એક દિવસ એવો આવશે કે તું ગૃહસ્થના જીવનમાં ઘરડો થઈશ. જો કે એમ કહી શકાય કે શરીર ઘરડું થવા છતાં ભોગતૃષ્ણાઓ ઘરડી થતી નથી. આ વાત ભર્તૃહરિએ કરી છે. (तृष्णा न जीर्णा वयमेव जीर्णाः।) પરન્તુ કેટલીકવાર એવું ય બને છે કે ઘરડા થતાં કામવિકારો પણ ઘરડા થઈ જાય છે. કહ્યું છે કે, वयसि गते कः कामविकारः ।

શ્રમણ ! તારી ભોગલાલસા કે જે તને મહાવ્રતોના ભંગ કરવા માટે પ્રેરી રહી છે તે તું ઘરડો થતાં લગભગ શાન્ત પડી જાય. અથવા કદાચ ત્યારે પણ જો વાસના શાન્ત ન પડે તો તારું મોત થતાં તો એ આ ભવ પૂરતી તો મરી જ જવાની છે. આ ભવના શરીરને ભોગેચ્છા છે તો આ ભવનું શરીર રાખ બનતાં તે પણ રાખ બની જશે.

હવે સાંભળ. તું મરશે ત્યારે તારો આત્મા તો નથી

જ મરવાનો. તેણે પુણ્ય અને પાપના બે થેલા લઈને-યથાયોગ્ય રીતે-પરલોકે સદ્‌ગતિ કે દુર્ગતિમાં જવું પડશે.

તું પતિત અવસ્થાનો આત્મા હોઈશ એટલે તારા મહાવ્રતભંગાદિના ઘોર પાપોના ફળરૂપ દુઃખો ભોગવવા માટે નારકાદિ દુર્ગતિઓમાં જ દીર્ઘકાળ પરિભ્રમણ કરવાનું રહેશે.

હાય, તું આ કેવો આપઘાત કરે છે ! દુર્ગતિઓની અનંત પરંપરામાં કદાચ તને ભોગસુખ તો મળશે પણ તે ભૂંડના દેહના, કૂતરા-બિલાડાના દેહના, વાઘરી કે કોળીના દેહના ભોગસુખ મળશે ! શું માલ છે તેમાં ? કેવા તે સુંદર છે ? ચેત. હજી ચેત.

(૧૭) શ્રમણ ! સંયમધર્મમાં ચુસ્ત આત્માઓ ગમે તેટલી આફત આવવા છતાં સંયમધર્મથી ચલિત થતા નથી. અરે ! એવા વખતે દેહ છોડવો પડે તો છોડી દે : મોતને ભેટી લે પણ વિષયવાસનાને શરણે તો ન જ જાય.

શાસ્ત્રમાં એક વાત આવે છે કે પત્નીની સંમતિ લઈને એક પુરુષે દીક્ષા લીધી. કેટલાક વર્ષો બાદ તે પોતાની સંસારીપણાની પત્નીને ઘેર આવ્યો.

દુષ્કર્મનો ઉદય થતાં એ વખતે-બે જ માસના ગાળામાં પત્નીને પરપુરુષથી ગર્ભ રહ્યો. તેણીએ પોતાના પતિ-સાધુને ઘરે ભિક્ષાર્થે બોલાવીને બધી વાત કરી અને કહ્યું કે, ''પેટના સંતાનના બાપ તમે જ છો એવી જાહેરાત

કરીને હું મારી બેઈજ્જતીથી ઉગરવા માંગું છું. આ માટે તમે સાધુવેષનો ત્યાગ કરો, મારા ગૃહસ્થ પતિ બનો."

એ સાધુ વ્રતપાલનમાં અત્યન્ત દઢ હતો, કુલટા નારીને ઉગારવા માટે તે વ્રતભંગ કરવા જરાય તૈયાર ન હતો. તેણે ચાલાકી કરી. પત્નીને કહ્યું કે, "તું થોડોક વિચાર કરવા માટે સમય આપ. અંદરના ખંડમાં જઈને હું વિચારું."

પત્નીને મનમાં થયું કે અંદરના ખંડમાંથી ભાગી છૂટવાનો કોઈ રસ્તો નથી. ભલે ત્યાં જાય.

સાધુએ એ ખંડમાં જઈને વસ્ત્રનો ફાંસલો બનાવ્યો. આત્મહત્યા કરી લીધી !

શ્રમણ ! આનું નામ સાધુત્વ ! પ્રાણ જાય તો ભલે જાય પણ વ્રતભંગ તો ન જ કરાય.

આ જ વાત પરમાત્મા મહાવીરદેવે મેઘમુનિને કરી હતી. મુનિ સંયમજીવનમાં સદા માટે સ્થિર થઈ ગયા હતા.

આ વાત રાજીમતી સાધ્વીએ રહનેમિ મુનિને કરી હતી.

આ વાત અરણિક મુનિને માતા-સાધ્વીએ કરી હતી.

સહુ સંયમધર્મમાં સ્થિર બની ગયા હતા.

નંદિષેણ મુનિ પતનના પરિણામી થયા : સેવેલા ભૂતપૂર્વ કામભોગોનું સ્મરણ ખૂબ સતાવવા લાગ્યું ત્યારે

ચારિત્રને ડાઘ લગાડવાને બદલે મોત પસંદ કર્યું.

પર્વતેથી ઝંપાપાત કર્યો. ઝેર ખાઈ લીધું. ગળે ફાંસલો લાગ્યો. પણ ભવિતવ્યતાએ તેમને દરેક વખત વિવિધ રીતે ઉગારી લીધા.

હા, છેવટે કામલતાને ત્યાં નિકાચિત કર્મનો ઉદય થયો. પતન થયું. પણ સબૂર ! કાયપાત થયો, ચિત્તપાત ક્યારેય ન થયો.

વ્રતભંગ થયો, પણ સમ્યગ્દર્શન અબાધિત રહ્યું.

ઓ શ્રમણ ! તું ઓઘો ત્યાગી દે તેના કરતાં જીવ ત્યાગી દે તે સારું કહેવાય.

આ જ તારી ખાનદાની કહેવાય : કુલવટ કહેવાયઃ આબરૂ કહેવાય.

નિકાચિત કર્મના ઉદયની વાત જુદી છે, બાકી તો કોઈ પણ કર્મ, નિમિત્ત કે અધ્યવસાય વિચલિત કરવાને સમર્થ નથી.

પરમાત્મા મહાવીરદેવને સંગમક દેવ ક્યાં વિચલિત કરી શક્યો છે ?

સીતાને રાવણ ક્યાં વિચલિત કરી શક્યો છે ?

રાજીમતી સાધ્વીને રહનેમિ મુનિ ક્યાં વિચલિત કરી શક્યા છે ?

ગમે તેવો ઝંઝાવાતી પવન હોય, તે મેરૂને વિચલિત કરી શકવાને હરગીજ સમર્થ નથી.

જો તું મનને દૃઢ કરી દે તો તારા ભગ્ન પરિણામો તને જરાય વિચલિત કરી શકશે નહિ.

(૧૮) શ્રમણ ! તને છેલ્લી શીખ આપું છું. તું સમજે તો સારી વાત છે, નહિ તો નિયતિને સલામ કરીને વિદાય થાઉં છું. જો તારી નિયતિ જ વિપરીત હશે તો તને સાક્ષાત્ ભગવાન પણ બચાવી શકે તેમ નથી.

તું તારા લાભ-નુકસાનનો ગંભીરતાથી વિચાર કર અને પુનઃ ત્રિગુપ્તિથી ગુપ્ત બની જા. જિનવચનનો અણિશુદ્ધ આરાધક બન. એ પૂર્વે શુદ્ધતમ આલોચના કરીને ગુરુદેવ પાસેથી પ્રાયશ્ચિત્ત લે. પછી રોજ પશ્ચાત્તાપના ધોધ વહેવડાવતો રહીને તારા દુષ્કૃતોની ગર્હા કર અને વિશ્વવંદ્ય જિનાજ્ઞાના કટ્ટર પાલક મુનિઓના સકળ સુકૃતોની પુષ્કળ અનુમોદના કર. હા, આ બધું પંચપરમેષ્ઠી ભગવંતોનું શરણ લઈને કરજે, કેમકે સાચી ગર્હા અને અનુમોદના તેમના અભેદ સંબંધથી આત્મામાં ઉત્પન્ન થતી શુદ્ધ પરિણતિ વિના શક્ય નથી.

જરાય નિરાશ ન થતો. અગિયારમા ગુણસ્થાન સુધી ચડી ગયેલા અનંત આત્માઓ-તમામ હેઠે પટકાયા છે, તો તું કોણ માત્ર ?

જે બન્યું તે બની ગયું. હજી મોત આવી ગયું નથી કે રોગો ત્રાટક્યા નથી એટલે બધી બાજી હાથમાં છે.

પનિહારીએ કૂવામાં ખાલી ડોલ, દોરડું ઉતારી

નાંખ્યા હોય તો ય શું ? તે બધું કૂવાના અગાધ જળમાં ગરકાવ થઈ જતું નથી. તે બધું - અરે, પાણી ભરેલી ડોલ સાથે પાછું મળે છે, જો એક વેંત જેટલું દોરડું પનિહારીના હાથમાં રહી ગયું હોય તો.

તારી પાસે જીવનના ઠીક ઠીક વર્ષો હાથમાં જણાય છે; માટે ઊઠ, ઊભો થા, ઉત્સાહિત થા. તારો જયજયકાર નિશ્ચિત થશે.

# બીજી ચૂલિકા વિવેચન

પ્રથમ ચૂલિકામાં પતનભાવની અભિમુખ થયેલા શ્રમણને કડવા-મીઠાં ફટકાઓ મારીને શ્રમણજીવનમાં સ્થિર કરવાનો સજ્જડ યત્ન કરાયો છે.

આ ચૂલિકામાં શ્રમણજીવન કેટલું સુંદર છે ? તે જણાવાયું છે. સંસારીઓનો જે વહેતાં પાણીને અનુકૂળ થતી નદીની જેવો અનાદિકાળની વિષયસંજ્ઞાને અનુકૂળ થવાનો જે જીવનપ્રવાહ છે તેને પ્રતિકૂળ થઈને જીવવારૂપ સાધુત્વનો માર્ગ બતાડ્યો છે.

(૧) અનુકૂળ પ્રવાહથી જૂદા પડવું તેને વિવિક્ત-ચર્યા કહેવાય. (विच् = વિવેક = જૂદા પડવું.)

સાધુત્વની જીવનચર્યા સંસારી લોકોના વૈષયિક જીવનથી સાવ જુદી છે માટે તેને વિવિક્તચર્યા કહેવાય.

જે આત્માઓ મુનિજીવનના આંતરમસ્તી રૂપ માર્ગને ચાહે છે, તેને સ્વીકારવા ઈચ્છે છે, સત્પ્રયત્નો કરીને તે માર્ગને અપનાવે છે તે આત્માઓ પુણ્યાનુબંધી એવા પુણ્યકર્મના સ્વામી કહેવાય.

પુણ્યના કારણે તેઓ સુખી હોય.

પુણ્યાનુબંધના કારણે તેઓ ધર્મી હોય.

ધર્મ વિનાનું સુખ તો ભયંકર કહેવાય, કેમકે ધર્મના અભાવની સ્થિતિમાં જીવ ઘણા બધા ક્રોધાદિ દોષોથી ખદબદી ઊઠ્યો હોય. આ પાપાનુબંધનો મહિમા કહેવાય. આવા પાપાનુબંધી પુણ્યવાળો આત્મા ભલે પુણ્યના કારણે ઈષ્ટસામગ્રી પામેલો હોઈને સુખી દેખાતો હોય, પણ તેના પાપાનુબંધને લીધે તેનું જીવન ક્રોધાદિ દોષોથી ખદબદતું હોય.

એટલે કે તે ક્રોડપતિ હોયં પણ અત્યન્ત ક્રોધી હોય.

એટલે કે તે રૂપાળી સ્ત્રીનો પતિ હોય પણ કામલંપટ હોવાથી વેશ્યાગામી હોય.

એટલે કે તેને ધીમાન્ , શ્રીમાન્ દીકરાઓ મળ્યા હોય પણ તે બધા કજાત હોવાથી તેમના બાપ તરીકે તે ખૂબ ત્રસ્ત હોય.

આવો પાપાનુબંધી પુણ્યોદય ઈચ્છવા જેવો નહિ. આ કરતાં તો પુણ્યાનુબંધી પાપોદય સારો. (કોથળીઆ વાણિયા જેવો.)

જેને જિનોક્ત સાધુજીવન ખૂબ ગમે છે, જે રજોહરણને જોઈને નાચવા લાગે છે, સાધુઓને જોતાં જેની આંખોમાં ચંદનની ઠંડક પ્રસરે છે એ આત્મા ગૃહસ્થ હોય તો ય પુણ્યાનુબંધ ધરાવે છે. પછી તેને ભલે ને પાપકર્મનો બંધ હોય અને તેથી તેના ઉદયે તે દુઃખી હોય.

ધર્મી ગરીબ થવું સારું.

શ્રીમંત પાપી બનવું બહુ ખરાબ.

આ ચૂલિકા સાક્ષાત્ સીમંધર પ્રભુથી કહેવાયેલી હોવાથી તે અનન્તરાગમસ્વરૂપ કહેવાય. આને સાંભળવાનું, ગોખવાનું, માણવાનું મન પુણ્યાનુબંધી પુણ્યાત્માને જ થાય.

બીજી ચૂલિકા સાંભળનાર-માણનારને ચારિત્ર-ધર્મનો યોગ (પ્રાપ્તિ) થાય છે. દુષ્કર્મ-વશાત્ એ યોગમાં ભ્રષ્ટ પરિણતિ થાય તો તેને મદદ કરવા પહેલી ચૂલિકા ધસી આવે છે. તેના ચારિત્રધર્મનો ક્ષેમ (સ્થૈર્ય) કરી દે છે.

કેવો સુંદર મેળ જામ્યો છે, આ યોગ અને ક્ષેમનો !

પુણ્યાનુબંધી પુણ્ય કેવી અદ્દ્ભુત વસ્તુનું જીવને દાન કરે છે !

(૨) પણ સબૂર ! મુનિજીવનની જે પ્રતિકૂળ ગમનરૂપ પ્રવૃત્તિ છે તે હાથવગી થવી બહુ મુશ્કેલ છે.

જયારે આખો સંસાર મોહમૂઢ બનીને પાંચ ઇન્દ્રિયોના વિષયોના અનુકૂળ પ્રવાહમાં પ્રેમથી-જાણીબૂઝીને-તણાતો હોય : બા, બાપુજી, ભાઈ, બહેન વગેરે બધા ય તેના જ ચાહક હોય, માશુક હોય, કટ્ટર પક્ષપાતી હોય, તેને પામવામાં આનંદ પામતા હોય, મુમુક્ષુતાને પામેલા જીવોને પણ વૈષયિક સુખોના અનુકૂળ પ્રવાહમાં બોચી પકડીને ખેંચી જતાં હોય તેવી સ્થિતિમાં

વિષયસુખોના પ્રવાહથી પ્રતિકૂળ બનવું, અર્થાત્ વિષયોથી વિરક્ત થવું, સહુને અનુકૂળ એવા મિષ્ટાન્નો, કેરી જેવા ફળો કે જાતીય વાસનાના નર કે નારી જેવા પદાર્થોથી નફરત કરવી-આવી પ્રતિકૂળ પ્રવાહે-સામા પૂરે-તરવાની ઈચ્છા જ એ ટોળામાં જાગ્રત થવી ખૂબ ખૂબ મુશ્કેલ છે.

પૂર્વભવોના સુસંસ્કારો વિના પ્રતિકૂળ પ્રવાહમાં મસ્તીથી તરવું એ લગભગ અશક્ય છે.

સંસાર માટે જે કાંઈ પણ સારું છે તે તમામ સંયમજીવન માટે ખરાબ છે, સંયમધર્મ માટે ઝેર સમાન છે.

સંસારી લોકો દાન, શીલ, તપ વગેરે જે કોઈ ધર્મો કરે છે તે દેખીતા ભલે પ્રતિકૂળ પ્રવાહરૂપ છે પણ તેઓ તેમાં તરીને ય છેવટે તો ભોગસુખોની પ્રાપ્તિના અનુકૂળ પ્રવાહની પ્રાપ્તિ માટે જ કરતા હોય છે.

સાચા સાધુઓ પ્રતિકૂળ પ્રવાહરૂપ ધર્મ કરતાં કદી તે ધર્મોને વિષાનુષ્ઠાન કે ગરાનુષ્ઠાન બનવા દેતાં નથી.

સનત્ મુનિ, મણિઉદ્યોત મહારાજ, ખંધક મુનિ વગેરે મહાત્માઓ પ્રતિકૂળ પ્રવાહના શ્રેષ્ઠ તરવૈયાઓ હતા.

તેમને મન સંસારના વિષયભોગો એવા ફણિધર નાગ જેવા છે જેના માથે મણિ છે પણ તાળવે તાલપુટ ઝેર છે. આથી જ તેઓ દેખાવના સુંદર તે નાગથી લલચાતા નથી, આકર્ષાતા નથી, તેને ભેટી પડતા નથી.

અનુકૂળતાઓનો ભોગવટો કરવાથી મુનિજીવનનું પતન થાય છે. આત્મામાં પડેલી-અનાદિકાળથી સંસ્કારિત બનેલી-દોષોની નબળી કડીઓ (મૈથુનાદિ સંજ્ઞાઓ) જાગ્રત બને છે.

પ્રતિકૂળતાનું જીવન સ્વેચ્છાએ સ્વીકારવામાં પૂર્વભવોમાં કસાયેલી શક્તિઓ બહાર આવે છે, તગડી બને છે, જીવને મોક્ષ પામવામાં અત્યન્ત સહાયક બને છે.

દેખીતી સુંદર (આપાતરમ્ય) અનુકૂળતાઓને મુનિઓ સ્વપ્ને ય ઈચ્છતા નથી. તેઓ તો પ્રતિકૂળતાને-રોગનાશક કટૂ ઔષધને ડાહ્યો માણસ સહર્ષ સ્વીકારે તે રીતે-સ્વીકારતા હોય છે. હા, મૂરખ માણસ રોગથી રાત દિ' રિબાતો હોય તો ય તન્નાશક.કટૂ ઔષધ લેવા હરગીજ તૈયાર હોતો નથી. તેને તો મીઠું-તીખું ખાવું જ ગમે છે. (ભલે ને તેનાથી નવા રોગો ઉત્પન્ન થાય.) 'નાદાન'માં થોડીક પણ અક્કલ હોતી નથી.

(૩-૪) સંસારી લોકોને 'અનુકૂળતા' ખૂબ ગમે. તે માટે પુણ્યનો ઉદય જોરદાર જોઈએ. જો તે ઉદય નબળો પડે તો તેઓ પ્રતિકૂળતાની સ્થિતિમાં અત્યન્ત દુઃખી થઈ જાય. વળી અનુકૂળતાની સ્થિતિ ઘણી હોય, તેથી ઘણું સુખમય જીવન જીવતા હોય પણ તેમને પાપાનુબંધ જોડાયેલો હોય તો તે ઢગલાબંધ સુખના આસક્ત થાય, અહંકારી થાય, ઈર્ષ્યાળુ થાય. અનેક દોષોથી એવા તો

ઘેરાઈ જાય કે તેમનું અનુકૂળતાનું સુખ શામક ન બની રહેતાં દાહક બની જાય.

સુખ તો જ સાચા અર્થમાં સુખ છે જો તે 'પુણ્યાનુબંધ' જોડાઈને શામક બન્યું હોય.પાપાનુબંધ સહિતનું પુણ્યજનિત સુખ તો મારી નાંખે. જીવનમાં કારમી અશાતા ઉત્પન્ન કરે, મરણમાં રિબામણ કરે.

સાધુને અનુકૂળતાનો-પુણ્યનો-ખપ હોતો નથી. તેને તો પાપોદયનો-પ્રતિકૂળતાઓનો-જ ખપ હોય છે. તેને પુણ્યોદય ચાલતો હોય તો તેને બાજુ ઉપર હડસેલીને -ઉદીરણાકરણ વગેરે દ્વારા પાપોદય ઊભો કરીને-હાથે કરીને દુઃખી થાય છે, પ્રતિકૂળતાઓને ભેટવા માટે ધસી જાય છે.

સંસારીને સુખ એ-પાપાનુબંધને કારણે-દુઃખ બની જાય છે તો સાધુનું પ્રતિકૂળતાનું દુઃખ-કર્મક્ષય કરવાને કારણે-સુખ બની જાય છે.

છેવટે તો સુખ અને દુઃખ મનના વિકલ્પો છે, મનની કલ્પનાઓ છે.

દુઃખી માણસ પણ પોતાનાથી વધુ દુઃખીને જોઈને પોતાના ઓછા દુઃખને દુઃખ તરીકે જોતો નથી, તેમાં મસ્ત રહે છે. આથી ઊલટું કરીએ તો સુખી માણસ પણ (મમ્મણ શેઠ વગેરેની જેમ) પોતાને દુઃખી જુએ છે.

સાધુને પ્રતિકૂળતાઓ (દેખીતા દુઃખો) વિપુલ

કર્મક્ષયકારી દેખાવવાથી દુઃખરૂપ જણાતી નથી. ઉલટો, તેમાં તેમને ખૂબ આનંદ આવે છે. તેનું નિવારણ કરવાની કોઈ દેવ વગેરે વાત કરે તો તેને ભગાડી મૂકે છે. (સનત્ મુનિ, મણિઉદ્યોત મહારાજ વગેરેની જેમ.)

ધીકતા ધંધાથી પુષ્કળ કમાણી કરતા વેપારીને મોડે સુધી દુકાને બેસી રહેવાથી જે ભૂખ લાગે છે તેનું દુઃખ તેને સુખરૂપ લાગે જ છે ને ?

એક વાત જણાવી દઉં કે 'સુખ' શબ્દ ખરેખર તો સંસારસુખના અર્થરૂપ છે. આત્મિક સુખને સુખ ન કહેતાં 'આનંદ' કહેવો જોઈએ.

જે સાધુ પ્રતિકૂળતાનો અર્થી બને, અનુકૂળતાથી ભાગતો ફરે તે સાધુ સાચો સાધુ કહેવાય. હવે તેણે વિહાર, લોચ, ગુર્વાજ્ઞાપાલન વગેરે સ્વરૂપ ચરણ-કરણ સિત્તરિના પાલનમાં ઉદ્યત બનવું જોઈએ. આટલું જ નહિ પણ એ ઉત્તરગુણોની વૃદ્ધિ અને સ્થિરતા કરે તેવા કઠોર અભિગ્રહો પણ કરવા જોઈએ. આ બાહ્ય પ્રતિકૂળતાઓ વેઠ્યા વિના અભ્યન્તર આત્મશુદ્ધિ થતી નથી. બાહ્ય વ્યવહારોનું કઠોર પાલન અભ્યન્તર નિશ્ચયને સિદ્ધ કરે છે.

પ્રતિકૂળતાના અર્થીને અનુકૂળતાઓ દીઠી ગમતી ન હોય એટલે કઠોર અભિગ્રહોનું પાલન સુકર બની રહે છે.

(૫) જે શ્રમણજીવનમાં શિથીલ બને, પરિણામભંગ થાય તેનું ઉત્તમ પણ સાધુત્વ પછડાઈ જાય. એટલે તેણે ખાસ કરીને નીચેની ચર્યાઓનું તો વિશેષરૂપે

પાલન કરવું જોઈએ.

અનિયતવાસ એટલે માસકલ્પની (હાલ ગુર્વાજ્ઞાપૂર્વક) વિધિથી વિહારચર્યા કરવી, ભિક્ષાચર્યામાં નિર્દોષતા વગેરે વિધિઓનું અણિશુદ્ધ પાલન કરવું, એમાં જે અજ્ઞાત સ્થળો હોય ત્યાં ખાસ કરીને ખૂબ ઓછું વહોરવું, સ્ત્રી, નપુંસક, પશુ વગેરેથી રહિત-નિર્જન-વસતિમાં રહેવું, બહુ ઓછો- અત્યન્ત જરૂરી-પરિગ્રહ કરવો, કલહ કદી કરવો નહિ અને કટૂ વચનો બોલવા નહિ.

આવી જીવનચર્યા જ ઉત્તમ મુનિઓને પસંદ હોય છે. આનાથી તેમના ભાવચારિત્રની ઉત્તરોત્તર વૃદ્ધિ થવા લાગે છે.

સાધુ સાધુચર્યાના પાલનમાં જેટલો શિથીલ બને તેટલા તેના મહાવ્રતોના સ્તંભ હાલમડોલમ થવા લાગે. જો તે સૂક્ષ્મ પણ સાધુ-નિયમોનું યથાવિધિ પાલન કરે (જેમાં પુષ્કળ આદરભાવ ઊભરાતો હોય) તો તેનું સમગ્ર સાધુ-જીવન શુદ્ધિથી તો ઊભરાઈ જાય પણ પુણ્યથી પણ લથપથ થઈ જાય. આવો સાધુ સાધક તો હોય પરન્તુ જિનશાસનનો બહુ મોટો પ્રભાવક પણ થાય.

આથી ઊલટું કહેવાતા-દેખાતા પ્રભાવક વ્યાખ્યાનકારો વગેરે શિથીલ-ચર્યાના પાપે મહાવ્રતોમાં અનાચારસેવન સુધીની ગંભીર ભૂલ કરી બેસે તેવું ય બને.

કહેવાનું તાત્પર્ય એ છે કે સાધુએ નાનકડી પણ

બાબતની ઉપેક્ષા કરવી નહિ.

નાવડીમાં પડેલા નાનકડાં કાણાંઓની ઉપેક્ષાથી તે મોટા બાકોરા બને છે, નાવને ડુબાડી દે છે.

(૬) ઉત્તમ સાધુને ભિક્ષાચર્યાની વિધિઓની પૂરી જાણકારી હોવાથી તે ગરદીવાળા સ્થાનોમાં-ધક્કામુક્કી, અપમાન, હાડકું ભાંગવું વગેરે શક્યતાઓને કારણે-ભિક્ષાર્થે જાય નહિ.

વળી આહાર-પાણી ઉપર પહેલેથી પોતાની નજર રહે તે રીતે ભિક્ષા વહોરે.

વળી અનેક રીતે ખરડાયેલા હાથથી ભિક્ષાદિક ન વહોરે.

આ બધી વાતનો સાર એ છે કે સાધુ મસમોટા વ્યાખ્યાનાદિ કરે અને આવી બાબતોમાં તદ્દન બેદરકાર રહે તો તેના પ્રભાવક પ્રવચનાદિનું કોઈ મૂલ્ય નથી.

જ્ઞાનીઓ કહે છે કે આઠ પ્રભાવકોમાંથી એક પણ પ્રભાવકની ઉપસ્થિતિ ધરતી ઉપર જોવા મળતી ન હોય ત્યારે જિનાજ્ઞાઓના કટ્ટર (યથાશક્ય) પાલક અને પક્ષપાતી સાધુ કે શ્રાવકને 'પ્રભાવક' ગણવા.

વ્યાખ્યાનાદિ કરતાં ન પણ આવડે, પુસ્તકો લખતાં ન પણ આવડે, રાજા વગેરેને પ્રતિબોધ કરવાની શક્તિ ન પણ હોય, ઘણા બધા શિષ્યો ન થઈ શક્યા હોય છતાં તે આત્મા પ્રભાવક કહેવાય, જો તે દરેક વાતે જિનાજ્ઞાને

સાંભરતો હોય અને તે પ્રમાણે અમલ કરતો હોય.

(૭-૮-૯) જિનશાસનનો પ્રભાવક સાધુ તે કહેવાય જે મદ્ય, માંસાદિના ભક્ષણનો ત્યાગી હોય, બીજાના ઉત્કર્ષને જોઈને પ્રમોદને ધારણ કરતો હોય, નિષ્કારણ વિગઈઓનો સેવી ન હોય, વારંવાર ઈરિયાવહી અને કાયોત્સર્ગ કરીને જીવમાત્ર પ્રત્યેનો દયાનો કોમળ પરિણામ સદૈવ જીવંત રાખતો હોય, સૂત્રોના યોગોને વહન કરતો હોય, તે સૂત્રોનો ભાવપૂર્ણ સ્વાધ્યાય કરતો હોય- તેમાં અપ્રમત્ત રહેતો હોય, જયારે જયારે વિગઈ વાપરવાની આવશ્યકતા લાગે ત્યારે તેની છૂટ લેવા અંગેનો કાયોત્સર્ગ અવશ્ય કરતો હોય, આગમગ્રન્થોના વાંચનનો અધિકાર મેળવવા માટે જે યોગવિધિ કરવાની હોય તેમાં યથાશક્ય વધુ આયંબિલાદિનો તપ કરતો હોય. (આવો તપ કરવાથી તે સ્વાધ્યાયનું-જ્ઞાનદશાનું પાચન થાય; અન્યથા અજીર્ણ થાય, ઉન્માદાદિ પેદા થાય, અહંકાર જાગ્રત થાય.) વિગઈઓ તો આગમ-ગ્રન્થોના વાંચનમાં અચૂક પ્રતિબંધક છે. તેવાઓથી છેદગ્રન્થો તો હરગીજ વંચાય નહિ.

પ્રભાવક સાધુ ઝીણામાં ઝીણી જિનાજ્ઞાઓની પણ બરોબર માવજત કરે. વિહાર થાય ત્યારે શય્યાતરને બધી યાચેલી વસ્તુ સોંપી દે, નહિ કે તેની ઉપર-પાછા ફરે ત્યાં સુધીનો-કબજો રાખે. કોઈ પણ ભક્ત ઉપર પોતાનું મમત્વ ન રાખે. તેને પોતાના સિવાય કોઈને પણ માથે નહિ

રાખવાની બાધા ન આપે. વળી 'પોતાનો ભક્ત છે' એમ કરીને તેની સાંસારિક મુશ્કેલીઓમાં સહાયક ન બને, ભક્તોના વંદન-સત્કાર-સન્માન ન કરે. આ સાધુ શિથીલતાવાળા સાધુઓની સાથે સંવાસ કદી ન કરે.પોતાના ચારિત્રધર્મની વધુ પાપશુદ્ધિ અને પુણ્યવૃદ્ધિ થાય તેવો જ સત્સંગ કરવાનું તે પસંદ કરે.

(૧૦) જે ખરેખરો સંયમનો અર્થી છે તે સાધુને વિહાર કરતી વખતે જો પોતાનાથી ગુણાધિક સાધુની, ગુણતુલ્ય સાધુની સહાયતા ન મળે તો તેણે જેવા તેવા શિથીલાચારી સાધુઓની સાથે વિહાર ન કરતાં એકલાએ વિહાર કરવો, પણ તે વખતે તેણે બે વાતો ઉપર અત્યન્ત જાગ્રત રહેવું :

● એકાન્ત આદિ મળતાં કોઈપણ પ્રકારનું પાપાચરણ કરવું નહિ.

● અનુકૂળ પદાર્થોની પ્રાપ્તિમાં કે માન-સન્માનાદિની પ્રાપ્તિમાં લગીરે આસક્ત થવું નહિ.

આવી સ્થિતિ તો ગીતાર્થ મહાત્માની જ સંભવી શકે. અગીતાર્થથી તો આવું દુઃસાહસ થઈ શકે નહિ.

જો કે હાલની પરિસ્થિતિમાં જાગ્રત રહીને શિથીલાચારી સાધુની પણ સાથે રહેવું, કિન્તુ સાવ એકાકી તો ન જ રહેવું, કેમકે તેમાં એકાન્તાદિના અત્યન્ત ભયાનક દોષો પણ લાગી જવાની પૂરી સંભાવના રહે છે.

એકાન્ત, અંધકાર અને (સામી વ્યક્તિની) અનુકૂળતા વિજાતીય-સજાતીય વાસનાને અત્યન્ત ઉત્તેજિત કરવાની શક્યતાવાળા દોષો છે. કાલિદાસના પ્રસંગોમાં એવો એક પ્રસંગ આવે છે જે સૌથી ખરાબ વસ્તુ તરીકે એકાન્તને સ્થાપિત કરે છે. કોઈ વ્યક્તિ ન હોય તો ય એકાન્તમાં સ્વજાતીય દોષનું સેવન થઈ શકે. માટે સ્વાધ્યાયાદિ કરવા હોય તો એકાન્તમાં ન કરવા અથવા કડી માર્યા વિના બારણાંને આડું રાખીને રૂમમાં કરવા.

એક જગ્યાએ કહ્યું છે, **काउमणो वि अकज्जं न कीरई काउं बहुजणमज्झे ।** કોઈ ખોટું કામ કરવા માંગે તો ય ઘણાંઓની વચમાં રહીને થઈ શકતું નથી. આથી જ ગચ્છવાસમાં રહેવું એ જાતીય દોષો વગેરેથી બચવા માટે ખૂબ જરૂરી બાબત જણાવાઈ છે. ગચ્છવાસમાં આપસમાં સંક્લેશ, સંઘર્ષ, દોષિત ગોચરી, સ્વાધ્યાયની અલ્પતા વગેરેની શક્યતા હોવા છતાં ગચ્છવાસ છોડાય નહિ.

સાગરના માછલાં આપસમાં અથડાઈ પડે તેથી સાગરનો ત્યાગ માછલાંથી કરાય નહિ. તેમ કરે તો સાગરતટે પાણી વિના તરફડીને મૃત્યુ પામી જાય.

આવું ગચ્છવાસ ત્યાગીને એકલદોકલ સાધુ કે બે સાધુ છૂટા પડીને વિચરે તો ભલે નિર્દોષ ગોચરી, સંકલેશાભાવ, સંઘર્ષાભાવ વગેરે ગુણોનું સેવન મળે પણ મળનારો એકાન્ત ભાવપ્રાણોને હણી નાંખે તે અત્યન્ત

સંભવિત ગણાય.

ઓછામાં ઓછા ત્રણ સાધુ તો સદા- સર્વત્ર સાથે રહેવા જ જોઈએ. (જ્ઞાનીઓએ શેષકાળે પાંચ અને વર્ષાકાળે સાત સાધુના સહાવસ્થાનની વાત કરી છે.)

આ કારણે ચૂલિકામાં કહ્યું કે વિહારમાં ગીતાર્થ સાધુની સહાયતા ન જ મળે તો છેવટે ઓછામાં ઓછા ખરાબ-પાસત્થા વગેરે-સાધુની સાથે વિહાર કરવો. જો કે અહીં પણ એ સાધુ જ વિષમચારિત્રી હોય તો તેના કેટલાક સંગદોષ લાગી જવાની શક્યતા તો છે પણ ગીતાર્થ સાધુએ તેથી ખૂબ સાવચેત રહેવું.

(૧૧) જ્ઞાનીઓએ બે કલ્પ કહ્યા છે. ચોમાસામાં સ્થિર રહેવાનો ચાતુર્માસ કલ્પ અને શેષકાળમાં આઠ માસના આઠ અવસ્થાન રૂપે શેષ માસકલ્પ. કારણ વિના આમાં વધારો-ઘટાડો થઈ ન શકે. જો કે હવે તો ગુર્વાજ્ઞા પ્રમાણે જ આ કલ્પો સેવવાના હોય છે. (તે વિધિ વિચ્છેદ પામી છે.) હા, સકારણ સ્થિરવાસી સાધુ દર મહિને વસતિનો ખૂણો બદલીને માસકલ્પની સાપેક્ષતા જાળવી શકે ખરો.

ઉત્તમ કક્ષાનું ચારિત્ર પાળવા છતાં પૂર્વભવીય કુસંસ્કારોનું જાગરણ થઈ જતું હોય છે. તેમાં મુખ્ય કારણ બાહ્ય નિમિત્તો બને છે. જો નિમિત્તોથી દૂર રહેવાય-ન તેની પાસે જવાય અને ન તે સામેથી પાસે આવી જાય-તો

કુસંસ્કારોના જાગરણની શક્યતા ખૂબ ઘટી જાય છે.

કુસંસ્કારો આત્મામાં પડેલો દારૂગોળો છે. જો તેમાં નિમિત્તની ચિનગારી જ ન પડે તો ભડકો થવાનો સવાલ ન આવે. પછી તો પડ્યો પડ્યો એ દારૂગોળો હવાઈ જાય.

સાધુજીવનની આ એક જ મુખ્ય સાધના છે કે તેણે નિમિત્તોની પાસે જવું નહિ, તેમને નજીક આવવા દેવા નહિ.

ના, નિમિત્તોની પાસે જઈને સુસાધુ તરીકે ટકી રહેવાની વાત કરવા જેવી નથી. એવું સાહસ પણ ન કરવું જોઈએ. એવી સફળતા તો સ્થૂલભદ્રજી, બપ્પભટ્ટસૂરિજી જેવા કોક જ પામી શક્યા છે.

"નારી પાસે જાય અને બ્રહ્મચર્યમાં ટકી જાય તો ખરો બ્રહ્મચારી કહેવાય. નારીથી દૂર ભાગતો રહે અને બ્રહ્મચર્ય પાળતો રહે એમાં શી ધાડ મારી ?" આવી વાત જો કોઈ કરે તો તેની બોલતી બંધ કરી દેવા માટે કહેવું કે, "તું ઝેર ખાય અને જીવતો રહે, આગને અડે અને દાઝ્યા વિનાનો રહે તો તને મરદ માનું. ઝેર ખાધા વિના જીવતો રહે કે આગને નહિ અડવાથી દાઝ્યા વિનાનો રહે એમાં શી ધાડ મારી ?"

જો વિશુદ્ધ ચારિત્ર પાળવું છે અને જો કુનિમિત્તોથી દૂર રહીને તે સહેલાઈથી શક્ય હોય તો શા માટે તેમ જ ન કરવું ?

અરે, અનાદિ સંસ્કારોને લીધે કુનિમિત્તોથી દૂર રહેવું એ પણ ખૂબ અઘરું છે. જો એટલું સિદ્ધ થાય તો એ કાંઈ નાનીસૂની સિદ્ધિ ન કહેવાય.

ઝેરના કાંઈ પારખાં ન કરાય. સિંહગુફાવાસી મુનિ (નિમિત્તની પાસે ગયા.), સંભૂતિ મુનિ (નિમિત્ત આવીને પડ્યું)ના ઝેરના પારખાં કેવા થયા તે જાણ્યા પછી દુઃસાહસ કરવાની ગાંડી વાત કરાય નહિ.

ટૂંકમાં સાધુજીવનની સફળતા ગુરુકુલવાસ અને ગચ્છવાસમાં છે.

ગુર્વાજ્ઞાનું બળ સાથે હોય એટલે (ગીતાર્થને) ક્યારેક એકલા-બેકલા વિહાર કરવાનો થાય તો ય કોઈ દોષ ન લાગે. ગચ્છવાસમાં આ સફળતા સહેલાઈથી મળે.

(૧૨-૧૩-૧૪) ચારિત્ર લેવું એ હવે ખાવાનો ખેલ બન્યો છે, પણ તે પાળવું એ ખાંડાનો ખેલ બન્યો છે. સાસરીઆ, કૌટુંબિક સ્વાર્થો, બેકારી, ભૂખમરો વગેરે મૂંઝવણોના કારણે કદાચ મોટા ભાગના સંસારીઓ-ખાસ કરીને નાની વયની કુમારિકાઓ-દીક્ષાના માર્ગે વળી જતી હોય તો નવાઈ નહિ. વડીલો પણ આ માર્ગને પસંદ કરીને માથે પડનારા સંભવિત બોજને ઉતારી નાંખવા તત્પર હોવાથી દીક્ષાગ્રહણ સુલભ થઈ ગયું છે. (જે પૂર્વે દુર્લભ હતું.) પણ દીક્ષાનો માર્ગ અનેક કારણોસર કઠોર વાસ્તવિકતાઓ (લોચ, વિહાર, પારતન્ત્ર્ય વગેરે)થી

ભરપૂર હોવાથી, દબાવેલી વાસનાઓને ઉછળી પડવાની અનુકૂળતાઓ સુલભ થવાથી, કુનિમિત્તો ડગલે-પગલે ભટકાયા કરતા હોવાથી, ગુરુગમની અલ્પતા હોવાથી, કલ્યાણમિત્રનો સંગ દુર્લભ બનવાથી દીક્ષાનું સાચા અર્થમાં પાલન ઉત્તરોત્તર મુશ્કેલ થતું જાય છે. કેટલાય દીક્ષિતો નોંધારા, નિરાધાર, નિષ્ક્રિય, કિંકર્તવ્યમૂઢ દેખાય છે. આવા આત્માઓને પુનઃ ઉત્સાહિત કરવા માટે, બેઠા કરીને દોડતાં કરવા માટે, 'પ્રતિકૂળતા એ જ સંયમ' એવો મન્ત્ર આત્મસાત્ કરવા માટે ચૂલિકાકારે નીચે પ્રમાણેની ખૂબ સુંદર પ્રેરણાઓ કરી છે.

● દીક્ષિત આત્મા રાત્રિના સમયે જાગ્રત થઈને આત્મસમ્પ્રેક્ષણ કરે : "આજે મેં શું સ્વાધ્યાય, તપ, સેવા વગેરે કર્યા ? તેમાં શું બાકી રહી ગયું ? અથવા કોની ઉપેક્ષા કરી ?"

● મારાથી એવા કયા દોષો સેવાઈ રહ્યા છે જેને બીજા સાધુઓ વગેરે જુએ છે, જાણે પણ છે ? ક્યા દોષોને હું નિષ્ઠુરપણે સેવ્યા કરું છું ? તેમનો ત્યાગ કરતો નથી ?

મેં દીક્ષા લીધી એટલું જ ન ચાલે. મારે તેને ઉત્તમ રીતે પાળવી પણ જોઈએ. હું સિંહની જેમ સંસારમાંથી નીકળેલો શિયાળ જેવો થઈ જાઉં એ મારી કુળકલંકિતા કહેવાય. મારા દીક્ષાજીવનના યોગોનું સેવન કરતાં મારા અંતરમાં સમાધિ, સમતા અને પ્રસન્નતા ઉત્પન્ન થવા

જોઈએ. જો મારે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળો શ્રેષ્ઠ પરલોક જોઈતો હોય તો તે માટે તપ, જપ, સ્વાધ્યાય અને સમતામાં સતત લીન રહેવું જોઈએ, જેનાથી મને અહર્નિશ-મૃત્યુપળે પણ-સમાધિભાવની પ્રાપ્તિ થાય.

મને ત્રિકરણ યોગમાં ક્યાંય પણ દુષ્ટતા દેખાય તો તરત મારે લગામ ખેંચવી જોઈએ. આ માટે દરેક ક્ષણ ઉપર મારે ચોકી મૂકવી જોઈએ. (खणं जाणाहि पंडिए ।) છતાં ભૂલ થાય તો ગુરુ પાસે તીવ્ર પશ્ચાત્તાપપૂર્વક શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ.

આથી મારો દોષ નિરનુબન્ધ બને અને મારી સત્-પ્રવૃત્તિઓ પુણ્યાનુબંધ પેદા કરનારી બને.

(૧૫) જે સાધુ આવા પ્રકારની ઉત્તમ જાગ્રતિનું સંયમજીવન જીવે છે તેને જ્ઞાનીઓએ જિતેન્દ્રિય, ધીમાન્, સત્પુરુષ, પ્રતિબુદ્ધજીવી અને સંયમજીવી કહ્યો છે. તેની ભરપૂર અનુમોદના કરી છે.

આવા થોડાક પણ આત્માઓના સૂક્ષ્મ અને શુદ્ધ સંયમબળથી શું થાય ? તેના જવાબમાં શાન્તસુધારસકાર કહે છે કે તેથી ધરતીમાં કંપ ન થાય, સૂર્ય-ચન્દ્રના બિંબો ધરતી ઉપર તૂટી ન પડે, સાગર માઝા ન મૂકે, ઋતુઓ યથાકાળે ખીલે, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જોવા ન મળે, પ્રજા સુખી અને ધર્મી બને.

એક જ આત્માના ઉત્કટ સર્વવિરતિના પાલનથી

પણ આ બધો લાભ થઈ શકે. અંગ્રેજીમાં કહ્યું છે : **One man's purification can save the world.**

ઉત્તરાધ્યયનસૂત્રકાર શ્રમણોને કહે છે, ''તમે બહાર ફાંફા ન મારો. બહારની બાબતોમાં ન પડો. તમારા આંતર-દોષોની સાથે જ ખૂંખાર યુદ્ધ લડો. માનવજીવન સિવાય આ યુદ્ધ ક્યાંય સંભવિત નથી. માત્ર તે યુદ્ધ જ લડો અને મોહરાજાને સદાનો ઘોર પરાજય આપો. તમે એકાદ પણ દોષ ઉપર પ્રચંડ વિજય પ્રાપ્ત કરશો તો એ તમારો પરમ વિજય બની જશે. કોઈ સેનાપતિ શત્રુના દસ લાખ સૈનિકો સાથેના સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરે તો તે વિજય કરતાં ઘણો ચડિયાતો તમારો દોષવિજય છે. (एस से परमो जओ)

માટે સમ્યગ્દર્શનનું લલાટે તિલક કરો અને સર્વવિરતિધર્મની હાથમાં તલવાર પકડો. કૂદી પડો આંતર-સંગ્રામમાં... વિજયવંતા બનીને બહાર આવો. યાદ રાખો કે તમારી સાથે પંચપરમેષ્ઠી ભગવંતોનું બળ છે એટલે તમારો વિજય નિશ્ચિત છે. (यत्र योगेश्वरः कृष्णः तत्र ध्रूवो विनिर्जयः)

ભલા ! તિલક તો અન્ય દેવાદિ ગતિઓમાં મળી શકે, પણ (સર્વવિરતિની) તલવાર વિનાના તિલકનું કેટલું મૂલ્ય ? તેની પ્રાપ્તિ તો માત્ર ઉત્તમ મનુષ્યભવમાં જ મળી શકે.

હે શ્રમણો ! તમારી દીક્ષા માત્ર સ્વહિતકારી નથી, તે સર્વહિત પણ કરે છે. તેના પાલનથી જે શુદ્ધિ ઉપજે તે સ્વહિત કરે, પણ જે પુણ્ય ઉપજે તે સર્વ જીવોના સુખાદિનું

કારણરૂપ બની શકે.

સાચો શ્રમણ સર્વહિતનો ચિંતક તો હોય જ, ભલે તે સ્વહિતનો જ કારક હોય.

સર્વહિતની કામના વિનાનો શ્રમણ ગમે તેટલું સ્વહિત કરે તો ય તેનો મોક્ષ થઈ શકે નહિ.

સર્વહિતનું સામર્થ્ય તારક તીર્થંકરદેવોમાં જ ઉત્પન્ન થાય પણ તેની ભાવના તો સર્વ શ્રમણોમાં હોય. તેના પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિ ન હોય.

(૧૬) બીજી ચૂલિકાનો ઉપસંહાર કરતાં કહેવાયું છે કે આ બધું જાણ્યા પછી પ્રત્યેક શ્રમણે સ્વાત્મલીન બની જવું, જિનાજ્ઞાપ્રતિબદ્ધ જીવન જીવવું, સર્વ ઈન્દ્રિયોનો પ્રત્યાહાર કરવો : સ્વઘર તરફ લાવી મૂકવી.

આવો આત્મા પોતાનો મોક્ષ પામે છે. જે ઉપેક્ષા કરે છે તે શિથીલ આત્મા સાધુવેષ પામીને પણ હલકી ગતિઓમાં દીર્ઘકાળ સુધી જન્મ-મરણ પામ્યા કરે છે.

આ બે ચૂલિકાઓનું લખાણ આઠ દિવસમાં થયું. ૨૦૬૦ માગસર સુદ બીજના દિવસે અમરેલીમાં પૂર્ણ થયું.

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

## તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

....રોજ નવકારશી કરે છે.

....રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

....રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

....રોજ ગુરુવંદન કરે છે.

....રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

....રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

....નવી નવી વંદનાઓ ગાય છે.

....રોજ નવા સ્તવનના રાગ શિખે છે.

....કોમ્પ્યુટર શિખે છે....કરાટે શિખે છે....

....સ્કેટીંગ શિખે છે.... યોગાસન શિખે છે....

....સંગીતકળા શિખે છે....નૃત્યકળા શિખે છે....

....લલીતકળા શિખે છે....ચિત્રકળા શિખે છે....

....વકતૃત્વકળા શિખે છે....અભિનયકળા શિખે છે....

....અંગ્રેજીમાં Speech આપતા પણ શિખે છે....

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

## દાનવીરો !! બીજા તપોવનમાં આપનું મોટું ઔદાર્ય દાખવો!

રૂા. એક લાખનું દાન આપીને
તપોવનના પ્રવેશદ્વારની સામે
ઊભા થનારા વિરાટ-મારબલ ઉપર
જીવનદાતા
તરીકે આપનું નામ લખાવો.

આપનું દાન કલમ ૮૦-જી મુજબ
કરમુક્ત રહેશે. **જીવન જાગૃતિ ટ્રસ્ટ** એ
નામથી આપનો ચેક કે ડ્રાફટ નીચેના
સરનામે મોકલો.

જી.પ્ર. સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ,
ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૫૩૫૫૮૨૩, ૫૩૫૬૦૩૩